# સંશોધન સાર સંગ્રહ

( ૧૯૮૪–૮૫ )

સંપાદક


ડૉ. હા. ભા. નાયક

મુસ્તાઅલી મસવી



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪
૧૯૮૫


162

પ્રકાશક
વિનોદ રેવાશંકર ત્રિપાઠી
મંત્રી, ગૂજરાત વિદ્યાપીઠ મંડળ
ગૂજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ–૩૮૦૦૧૪.

૧૯૯૫

# અનુક્રમણિકા


| ક્રમાંક | સંશોધન અહેવાલ | લેખક | સારદોહન | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૧. | The Padhars of Gujarat | Mustali Masavi | Mustali Masavi | ૧ |
| ૨. | વસાવા (પરિવર્તન પામતા વસાવા ભીલો) | ચંદ્રકાન્ત પટેલ | ચંદ્રકાન્ત પટેલ | ૭ |
| 3. | વણઝારા જાતિ તપાસ | જસવંતસિંહ રાઠોડ | જસવંતસિંહ રાઠોડ | ૧૯ |
| ૪. | બિહારા કુચબંધિયા જાતિ | જસવંતસિંહ રાઠોડ | જસવંતસિંહ રાઠોડ | ૨૭ |
| ૫. | આદિવાસી ખેતમજૂર | ડૉ.ડી.ભા.નાયક<br>ગૌરીશ પંડયા<br>જસવંતસિંહ રાઠોડ | જસવંતસિંહ રાઠોડ | ૩૧ |
| ૬. | ગુજરાતની મોટાકદની વિવિધ કાર્યકારી સહકારી મંડળીઓનો મૂલ્યાંકન અભ્યાસ | શ્રી ભીખાભાઈ પટેલ | ભીખાભાઈ પટેલ | ૩૯ |
| ૭. | આદિવાસી વિસ્તારમાં ખાદીગ્રામોદ્યોગ યોજનાઓની કામગીરીનો મૂલ્યાંકન અભ્યાસ | અરૂણભાઈ પટેલ | અરૂણભાઈ પટેલ | ૪૭ |
| ૮. | Process of Resettlement | Simon F. Mackwan | Simon F. Mackwan | ૫૪ |
| ૯. | ગુજરાતના હરિજનો-૪ | ચંદ્રકાન્ત ઉપાધ્યાય<br>દિલીપ પરમાર | દિલીપ પરમાર | ૬૨ |
| ૧૦. | ગુજરાત રાજયની અનુસૂચિત જાતિઓ માટેની ખાસ અંગભૂત યોજના મૂલ્યાંકન(બનાસકાંઠા જિલ્લાના સંદર્ભમાં) | હસમુખ પરમાર<br>સાયમન મૂકવાન | હસમુખ પરમાર | ૭૧ |
| ૧૧. | ગુજરાત રાજયની અનુસૂચિત જાતિઓ માટેની ખાસ અંગભૂત યોજના મૂલ્યાંકન અભ્યાસ (અમદાવાદ જિલ્લાના સંદર્ભમાં) | હસમુખ પરમાર<br>સાયમન મૅકવાન<br>લક્ષ્મણ મકવાણા | સાયમન મૅકવાન | ૮૪ |
| ૧૨. | ગુજરાતના નાડિયા(એક અનુસૂચિત જાતિનો વિકાસલક્ષી સમાજમાનવશાસ્ત્રીય અભ્યાસ) | કાન્તિલાલ મકવાણા | કાન્તિલાલ મકવાણા | ૮૮ |
| 13. | ગુજરાતના ભંગી (એક અનુસૂચિત જાતિનો વિકાસલક્ષી સમાજમાનવશાસ્ત્રીય અભ્યાસ) | કાન્તિલાલ મકવાણા | કાન્તિલાલ મકવાણા | ૯૨ |


...

# THE PADHARS OF GUJARAT

(A house to house socio-economic survey
and a development plan)

By: Mustali Masavi
Summary: Mustali Masavi

According to the 1981 Census, the Scheduled Tribes population in Gujarat is 48,48,586 which is 14.22 percent of the total population of the State. Every tenth Adivasi of the country lives in Gujarat, which ranks fifth amongst all the States in India in respect of the size of the tribal population (1981). In all there are 28 individual tribal groups in the State. Out of these tribal groups some are socially and economically very backward and lead a precarious economic life. These groups do not possess any special skill and their literacy is below 5%. These groups are called as primitive groups by development administration and for all purposes can be considered as the weaker section of the tribal population in the State and hence need special attention for their development.

The Government of India wants the State Governments to identify such primitive groups in their respective areas and to evolve special schemes to improve their economic conditions within a reasonable period. For this purpose, family based economic activities have been recommended and for the implementation of such schemes special assistance is to be made available from the Government of India.

The Padhar is one among the five primitive groups of Gujarat (others being Kotwalias, Kolghas, Kathodis and Siddis). According to the 1981 Census, the population of the Padhars was 9193. In the State, Padhars are the third largest primitive group. They are mainly concentrated in eleven villages in the Nalkantha region. (Seven villages in Limdi Taluka of Surendranagar District, three in Dholka Taluka and one in Viramgam Taluka of Ahmedabad District). The village wise Padhar population is as under:

| | | | | | |
|---|---|---|---|---|---|
| (1) | Shahpur | 1339 | (7) | Ralol | 357 |
| (2) | Shiyal | 1215 | (8) | Parali | 347 |
| (3) | Dharji | 1719 | (9) | Parnala | 94 |
| (4) | Devadthal | 300 | (10) | Gedi | 21 |
| (5) | Nani Kathechi | 1795 | (11) | Anandpur | 41 |
| (6) | Ranagadh | 1965 | | TOTAL..... | 9193 |

......2..

In these villages their co-inhabitants are the dominant non tribals, namely Kolipatels, Bharwads and Muslims. The tribal Padhars are backward and their life throughout the year is tribuls and tribulations, the rainy season is more trying when there is absolutely no wage employment.

Some scheduled tribes in the State have been availing benefits under various tribal development programmes but the Padhars being a very backward group have not so far been enthused to do so. The existing gap in respect of the socio-economic development between the Padhars and other scheduled tribes is fairly wide requiring special efforts to lift them above the poverty line. Any planning for such a backward group of tribes should be family oriented. The present report is based on data collected through a household survey covering every of 2238 Padhar family living in the eleven villages of Nalkantha.

For the project altogether 2238 Padhar households have been covered of which 1469 (65.65%) are landless, 730 (32.61%) agricultural households and 39 (17.4%) are engaged in fishing and other economic activities.

The total population of the surveyed household is 12,060 of which the males are 6,227 and the females are 5,833. The average Padhar household consists of 5.38 persons. The age-wise distribution of population shows that the highest population is in the age-group of 14-35 years (36%) whereas the lowest (5%) is in the age-group of above 55 years age. Eighty six percent of the families are nuclear and 14% are joint. In the total population, 5,446 (45.15%) are married and 6,253 (51.84%) are unmarried.

The general literacy among surveyed Padhars households is 2.66%. Literacy among the male and female population is 5.70% and 0.39% respectively. Looking at the level of literacy it is found that out of the total literates 96% are educated upto primary level, 3.43% upto secondary level and only one person has passed the matriculation.

The Padhars huts have mud daubed walls with a peaked roof covered by grass and in some cases by country tiles. Most of the huts are circular and are known as 'Kuba'. Usually their ramsackled huts consist of one room only which is used by the family for all purposes. In much (dilepilated) houses live about 71% of Padhars. 24% houses are found in a better condition as they have mangalore tiles.

......3..

Out of the total number of 12,060 persons the working population is 6,525 (59.10%) of which 3,272 are males, 3,029 females and 219 children. They are engaged either in agriculture or in earth digging activities for which they migrate from place to place throughout the State. They are expert in Kyari making too.

The Padhars by and large are agricultural labourers except that a few of them are small and marginal farmers. Out of total 2,238 households surveyed, 730 households are owning land. Out of 730 households 82% are marginal and small, 4% medium and only 14% are big land holders. 730 agricultural households together own 2,894 acres of land, the average landholding per agricultural household being 3.96 acres. Most of the farmers do not possess worthwhile agricultural implements or bullocks. They do not use improved seed, chemical fertilisers or pesticides. They raise paddy, jowar and cotton in their fields. Only a few grow in good years some wheat. The yield per acre is very low (of the value of Rs.330 in year 1984). This low yield is due to the low quality of land absence of irrigation facilities, the crops entirely depend on the rains. Again a large area of land hold by them is saline. Apart from this, the Nalkantha region is a scarcity striken area, the normal yield of crop from their land is adversely affected in times of irregular rainfall.

The average annual household income from all sources is Rs.4,177 and per capita monthly income works out at Rs.65/-. 88.00 percent of the Padhar households live below the poverty line. The average annual household expenditure is Rs.5,280/- and per capita monthly expenditure is Rs.99/-. The average value of assets per household is Rs.3,525. Of these a household on an average would have 20% live stock and 8% sundry household articles.

Out of total 2,238 surveyed households, 1,228 are in debt. The average debt for indebted households is Rs.1814/-. The major share of borrowings was from money lenders (62%), the next being from relatives (14%), Bank (4%), Government (8%) and co-operative societies (12%). Most of their borrowings were taken for unproductive (88%) purposes i.e. for household expenses, social ceremonies, etc.

As shown above, the Padhar is economically backward and live below the poverty line. Lack of skill, low absorption capacity for a new activity, low yield per acre in their food production shortage of wage paid employment and expoitation by the traders and contractors specially in fishing trade and labour work are a few

causes for the poor socio-economic status of the Padhars. Therefore, it is essential to turn them to some new economic activities after giving them adequate training in the respective fields. It is, therefore, felt that a special programme designed exclusively for their socio-economic upliftment will go a long way in improving their present condition in effective and efficient manner.

The development schemes as well as other economic activities that have been identified for improving their level of living have been presented in Chapter II in the Report.

DEVELOPMENT PLANNING

The survey has revealed that out of 2238 Padhars household in the area, 80% are living below the poverty line. The survey has also revealed that the Padhar village has relatively better infrastructure facilities. The source of drinking water, health centres, dispensaries, primary schools and secondary schools, fair price shops are available in the village itself. It has been found that the Padhars have gained a deep insight about the beneficiary programme, necessary for their development. Most of the Padhars have ideas about the institutions like village Panchayats, Credit Societies, Labour Societies, Fishing Societies etc., and their participation in these institutions is also substantial. They have also deep insight about the scheme beneficiary programmes, necessary for their development. However it is true that the entire Padhar Society is organised strongly but still the tremendous change taking place around them has affected them to some extent. The lack of skill, poor absorptive capacity of any new economic activity, exploitation in fishing trade as well as by Labour Contractors are the basic causes for poverty among the Padhars. Some Padhars have land also but soil is not fertile and non-availability of irrigation facilities add to the miseries of the people. Scarcity is one of the greatest problems of the area. Due to this even the big landholders migrate in search of employment in the nearby districts. Due to such adverse condition Padhars have built in tendency to seek seasonal employment outside and therefore, they do not even care for the development of their land at home by the little assets they possess.

The basic objective of the various measures proposed to be taken for socio-economic amelioration of this community is to get them out of its present poverty and to ensure them reasonable standard of life so that at least the primary necessities of life

are available to them. A bulk of the community, however, consists of landless labourers and their plight is most pitiable. Measures will, therefore, have to be taken to assist them for ensuring employment all the year round, by up-grading their present skill, by diverting some of them to other vocations and by imparting training to them for the purpose. Some of the Padhars who have land, need to be assisted in increasing the productivity of their land. It is also necessary to protect them from exploitation by organising their cooperatives and by catering to their credit, consumers and other needs through such cooperatives. The survey has also revealed that the Padhar's absorptive capacity for institutional credit is low, they should be given training before they are taken to any economic beneficiaries programmes.

CONCLUSION

As discussed above, the Padhar community is economically more backward. It has not been able to avail benefits of the various development programmes. It is, therefore, felt that a special project programme designed exclusively for their socio-economic upliftment will go a long way in improving their present condition in effective and efficient manner. The project programmes recommended in this report aim at amelioration of the economic conditions of the Padhar households living in Ahmedabad and Surendranagar districts.

The object of the Project is to evolve a programme of income earning activities for Padhar household with a view to enable them to cross the poverty line. The programme is thus a family based plan phased over a period of five years.

A statement showing the details of the above programme in terms of physical targets, number of beneficiaries and estimated cost of the project is enclosed herewith. Cost on certain items such as Roads, Electricity, have not been incorporated in these schemes because such cost can be met from on-going programmes of the government. The development programme recommended involves a total outlay of Rs.179.69 lacs. The details of development programme are given in the Report.

This project programmes has been prepared after ascertaining the felt needs of this community and the programmes have been discussed in detail in the presence of community members in their villages. They seemed very enthusiastic about it. They would accept anything which would bring them steady income at their door.

......6..

It is envisaged that implementation of this project will greatly benefit this community in ameliorating their socio-economic condition by increasing their productivity and by providing better employment opportunities as well as other essential amenities for better life.

One thing should be kept in mind while implementing the above mentioned programmes that, the implementers of the programme will have to be more friendly with the people and actively associate themselves with the poor Padhar people, in their turn, take up the programmes as their own and for their betterment of life.

The plan has also been discussed with top development people and they seemed happy about it. They wanted to implement it as seen as it is available. Thus, the plan seems to be agreeable both to the takers and the givers.

## પરિવર્તન પામતા વસાવા ભીલો

– અહેવાલ લેખન : શ્રી ચંદ્રકાન્ત પટેલ

સારદોહન : શ્રી ચંદ્રકાન્ત પટેલ

૧૯૮૧ની વસ્તી ગણતરી મુજબ ગુજરાત રાજયની અનુસૂચિત જનજાતિની વસ્તી ૪૮૪૮૫૮૬ની હતી. જે રાજયની કુલ વસ્તીના ૧૪.૨૨% છે. ૧૯૭૧ની વસ્તી ગણતરીને ધ્યાનમાં લેતાં ભીલ જાતિ ૧૪૫૧૭૬૦ની ૩૮.૮૭%ની વસ્તી સાથે ગુજરાતમાં પ્રથમ ક્રમમાં આવે છે. ગુજરાત રાજયના ભરૂચ જિલ્લામાં વસાવા ભીલોની વસ્તી ૩૭૪૫૨૯ની ૧૯૭૧ની વસ્તી ગણતરી પ્રમાણે છે. ગુજરાત રાજયમાં વસાવા ભીલોની વસ્તી મુખ્યત્વે ભરૂચ જિલ્લાના રાજપીપળા, સાગબારા, ડેડિયાપાડા, વાલિયા ઝઘડિયા, અંકલેશ્વર, ભરૂચ, આમોદ, વાગરા અને હસોટ તાલુકાઓમાં પથરાયેલી છે. ગુજરાત અને ભરૂચ જિલ્લામાં વસાવાઓની સૌથી વધુ વસ્તી ડેડિયાપાડા, વાલિયા, રાજપીપળા તાલુકાઓમાં પથરાયેલ જોવા મળે છે.

### વસાવાઓનું મૂળ :

ગુજરાતની આદિવાસી જાતિઓની અનેક દંતકથાઓ, માન્યતાઓ છે. તેમ વસાવા જાતિની ઉત્પત્તિ વિષેની માન્યતાઓ જોવા મળે છે. વસાવા જાતિ ભીલ જાતિની પેટાજાતિ છે. એટલે વસાવા વિષે જાણવું હોય તો ભીલ જાતિના ઉદ્ભવ વિષે જાણવું જરૂરી છે. ભીલ દ્રાવિડ ભાષાના શબ્દ બિલ્લુમાંથી ઉતરી આવેલો શબ્દ છે. બિલ્લુનો અર્થ બાણ થાય છે. એટલે બાણ ધરાવનાર. તેમને આ માન્યતા પ્રમાણે કેટલાક વિદ્વાનોના મતે ભીલો દ્રાવિડ પ્રજામાંથી ઉતરી આવ્યા હશે.

ભીલોનો ઉલ્લેખ કથા ચરિત સાગરમાં છે. રામાયણમાં શબરી ભીલનો ઉલ્લેખ છે. ઉપરાંત મહાભારતમાં એકલવ્યનો પ્રસંગ છે. રામાયણનો રચયિતા વાલ્મિકી ઋષિ વાલિયો ભીલ હતો. એટલે આ બધાં ઉદાહરણોથી કહી શકાય કે ભીલ પ્રજા હિંદની મૂળ વતની હતી.

ભીલો જંગલમાંથી સ્થળાંતર કરીને વાસત જતાં સપાટ મેદાનમાં આવીને ખેતી માટે વાસત જતાં વસ્યા તેથી વસાવા તરીકે ઓળખાયા.

ગુજરાતના પૂર્વના પહાડી પ્રદેશમાં આ આદિવાસી જાતિઓનાં નાનાં મોટાં રાજયો હતાં. વસાવાનાં પણ ઘણાં રાજયો હતાં. જેમાં આજે સાગબારા અને સોનગઢ જાણીતાં છે. ૧૯૬૧માં ભીલોની એક પેટા જાતિ તરીકે 'વાસવા' નોંધાવા પામ્યા હતા. છતાં ૧૯૬૧થી ૧૯૭૧ની ગણતરી વખતે પણ તેમના વિષે માહિતી નથી. ૧૯૫૬માં ડૉ. ટી.બી. નાયક રાજપીપળા અને પશ્ચિમ ખાનદેશના ભીલ વિષે લખેલા પુસ્તકમાં પણ વસાવાનો ઉલ્લેખ નથી. એટલે વાસાવા શબ્દ

ક્યારે પ્રચલિત બન્યો એ જાણવું મુશ્કેલ બને છે. છતાં તે વખતે ગામનો મુખી 'વસાવા' તરીકે ઓળખાતો હતો જે ધીમે ધીમે વધારો નકો મળી પ્રચલિત બન્યું. એ લોકોના અભિપ્રાય મુજબ વસાવા શબ્દ વસવું ઉપરથી વપરાશમાં આવ્યો છે. છતાં માન્યતાઓ જે હોય તે પણ વસાવાઓ મૂળ ભીલો છે એમાં બે મત નથી.

ભૌતિક જીવન :

ક્ષેત્રકાર્ય દરમ્યાન રાજપીપળા, વાલિયા, સાગબારા, ડેડિયાપાડા તાલુકાઓનાં કુલ નવ ગામનાં ૧૯૦ કુટુંબોને તપાસમાં આવરી લીધાં હતાં. નવ ગામમાં કાકરપાડા, પાટલામહુ, વાગલખોડ, પોઇચા, ઝરીયા, જૂનારાજ, મોસદા, સામોટ, માલ વગેરે ગામોને સમાવીને તપાસમાં આવરી લીધાં હતાં. તપાસનાં બધાં કુટુંબો પોતાનું ઘર ધરાવતાં જોવા મળ્યાં હતાં. જૂનારાજનું એક માત્ર કુટુંબ પાકું મકાન ધરાવતું જાણવા મળ્યું હતું. બાકીનાં સમગ્ર કુટુંબો કાચાં મકાનોમાં વસવાટ કરતાં જાણવા મળ્યાં હતાં. મકાનની ભીંતો વાંસ, સાંઠી માટીની જોવા મળી હતી. આજે જ્યાં જંગલ રહેવા પામ્યું નથી ત્યાં કપાસ, તુવેરની સાંઠીની અને માટીની ભીંતો જોવા મળી હતી. તપાસના પોઇચા અને વાગલખોડ ગામના સરકારી યોજના હેઠળના મકાનો ઉપર પતરાનું છાજ જોવા મળ્યું હતું. મકાનો બે, ત્રણ ઓરડાનાં જોવા મળ્યાં હતાં. મકાનોની બાંધણી મહદ્અંશે પરંપરાગત ઢબે થતી જોવા મળી હતી. જ્યાં જંગલ રહેવા પામ્યું નથી ત્યાં જ છાજ અને ભીંતોમાં ફેરફાર જોવા મળ્યો હતો. છાજમાં દેશી નળિયાં, તાડનાં પાંદડાં, ઘાસ વગેરેનું છાજ જોવા મળ્યું હતું. કેટલાક મકાનો ઉપર આજે વિલાયતી નળિયાંનું છાજ પણ જોવા મળ્યું હતું.

ઘરવખરીના સામાનમાં એલ્યુમિનિયમ, માટીનાં વાસણો જોવા મળે છે. પરંતુ આજે હાટ નજીકનાં શહેરોમાં બસ વ્યવહારની સુવિધાઓને કારણે વધેલા સંપર્કને પરિણામે, પિત્તળ, સ્ટીલ અને કાચનાં વાસણોએ પ્રવેશ કર્યો છે. કેટલાક ઘરોમાં પ્લાસ્ટીકની ચીજવસ્તુઓએ પણ પ્રવેશ કર્યો છે. અન્ય ઘરવખરીમાં માછલી પકડવાની જાળ, ચીમની, ટોપલા ટોપલી, ઘંટી, શિકારનાં સાધન, વાંસની અનાજ ભરવાની કોઠી જોવા મળે છે. તેમાં આજે ખાટલા, ચીમની, કપડાં મૂકવાની પેટી વગેરે જેવી વસ્તુઓ તેમનામાં જોવા મળતી નહોતી, તે પ્રવેશવા પામી છે. ખેતીનાં સાધનો પણ કેટલાક ઘરોમાં હળ, કરબ, જ વાવણિયો, કુહાડી, કોદાળી જે મહદ્અંશે જાતે બનાવી કે હાટમાંથી લેતા હતા. તે નજીકના શહેરમાંથી ખરીદે છે જેથી બીજા વિસ્તારના લુહાર વેપારી બનાવટને કારણે નવીન સાધન તરીકે વાપરતા થયા છે.

આહાર :

વસાવાઓ જુવાર, બંટી કે મકાઈના રોટલા કે ભડકું બનાવીને ખાય છે. ચણા, તુવેર, મગ, અડદનો દાળ શાક તરીકે ઉપયોગ કરે છે. કેટલાક વાડાના શાકભાજી દૂધી, રીંગણ, પાપડી વગેરેનો પણ ઉપયોગ ચોમાસાની સીઝન પૂરતો કરે છે. અનાજ, શાકભાજીની તંગીની સીઝનમાં કંદમૂળ (વજકંદ, કળુકંદ) અને જંગલની ભાજીઓ કુવારિયા, ફાગણી, કડવા ડોડી, સીસમ, અસોલ વગેરે બાફીને ખાય છે. તપાસના પઈયા, વાગલખેડ જેવા ગામોમાં જયાં જંગલ રહેવા પામ્યું નથી ત્યાં કંદમૂળ અને ભાજી મળતાં બંધ થયાં છે. તેઓ ડુંગરી, બટાટા જેવાં શાકભાજી ખાય છે. આજે બાજરી, ઘઉં ખાતા પણ થયા છે.

માંસાહારી ખોરાકમાં મરઘાં બતકાં, સસલાં, તેતર અને માછલી વગેરેનો ઉપયોગ વાર તહેવારે કે મહેમાનગતિના પ્રસંગોએ કરે છે. પરંતુ જે લોકોને ખ્રિસ્તી મિશનરીઓ, સતકૈવલ, કબીરપંથ જેવા ધાર્મિક સંપ્રદાયોની અસર છે તેઓએ માંસાહાર ખોરાક બંધ કર્યા છે.

વ્યસનો :

દારૂ, તાડી, બીડી ચા વગેરે પીએ છે. જે કુટુંબોને ધાર્મિક પ સંપ્રદાયોની અસર છે તેવાં કુટુંબોએ દારૂ, તાડી છોડયાં છે તેઓ ફકત ચા કે બીડી પીતા જોવા મળે છે.

પહેરવેશ :

વસાવા પુરુષો ખમીસ, લંગોટી કે ધોતી પહેરે છે. માથે રૂમાલ બાંધે છે. બહાર જતાં ખમીસ, બંડી, માથે ફેંટો બાંધે છે. સ્ત્રીઓ કબજો, ઓઢણી લાલ કે કાળી કિનારાની સાડી, ઘાઘરો પહેરે છે. પુરુષો ફદ સફેદ કે પટાવાળા જુદા જુદા રંગનાં કપડાં પહેરે છે. આજની યુવાન પેઢી તેમાંય જે શિક્ષણ પામ્યા છે તેવા પેન્ટ, શર્ટ પહેરે છે. તે પણ ટેરીકોટન કે બીજા સારી જાતનાં કપડાં પહેરતા જોવા મળે છે. યુવાન યુવતીઓ પણ સ્કર્ટ પહેરે છે. જે શિક્ષણ પામીને નોકરી કરે છે તે સવર્ણોમાં પહેરે છે તેવી સાડી પહેરતી પણ જોવા મળે છે. છતાં પણ અંડાણના વિસ્તારમાં તેની અસર ઓછી છે.

ઘરેણાં :

વસાવા લોકો ઘરેણાંના શોખીન છે. સ્ત્રીઓ ઘરેણાંની વધુ શોખીન છે. પુરુષો કાનમાં ચાંદી કે કથીરનાં લવણિયાં કે હાથે વીંટી પહેરે છે. સ્ત્રીઓ હાથે બંગડી ; ગળામાં કડી, પગમાં કલ્લાં બહાર જતી વેળાએ પહેરે છે. આજે બજાર સાથના સંપર્કને કારણે કથીરને બદલે ચાંદીનાં ઘરેણાંનો વિશેષ ઉપયોગ થતો જોવા મળે છે. આજના શિક્ષણ પામેલા યુવાનો માત્ર હાથે વીંટી પહેરે છે. યુવાન છોકરીઓ પીનો અને પ્લાસ્ટીકની બંગડીઓ કે સોનાની ગળે ચેઇન પહેરતી પણ જોવા મળે છે.

## આર્થિક જીવન :

વસાવાઓ પરંપરાગત રીતે ખેતી કરે છે. છતાં ભૌગોલિક વાતાવરણની અસર અને જમીન મર્યાદાને કારણે ખેતમજૂરી, પશુપાલન, જંગલમજૂરી, જંગલ ગૌણ પેદાશો એકઠી કરવી, જંગલના કૂપમાં લાકડાં વહેવાની મજૂરી ઉપરાંત શિકાર કરવો કે માછલાં પકડવાં જેવા ધંધાઓ કરીને અને જયારે અનાજની તંગી વર્તાય ત્યારે જંગલના કંદમૂળ, ભાજીપાલો ખોદી કે વીણી લાવીને જીવનનિર્વાહ કરે છે.

આજે પરિસ્થિતિ બદલવા પામી છે. ખેતમજૂરી કે જંગલમજૂરી આખું વર્ષ મળતી નથી. કેટલેક ઠેકાણે જંગલ સાફ થઇ જવાથી જંગલમજૂરી મળતી બંધ થઇ ગઇ છે. આવા સમયે તે નજીકના કે દૂરના શહેરમાં કડિયાકામ કરવું, ઈંટો પાડવી કે બાંધકામ મજૂરી કરવી જેવાં કામો ખેતીની મોસમ સિવાયના સમયમાં કરે છે. પૂરક વ્યવસાય તરીકે કેટલાક મરઘાં ઉછેરે છે. દૂધ ઉત્પાદક મંડળીઓ થવાને કારણે પશુપાલન વ્યવસાયને વેગ મળ્યો છે. આજ સુધી જે નામ માત્રનું પશુપાલન કરતો હતો તે તેના દ્વારા આર્થિક ઉપાર્જન કરતો થયો છે. વિસ્તારમાં શાળાઓ, આશ્રમશાળાઓની સુવિધાઓ વધવાથી આજે કેટલાક નોકરીના વ્યવસાયમાં જોડાયેલા પણ જોવા મળે છે. આજે પરંપરાગત વ્યવસાયો ઉપરાંત બીજા નાના વ્યવસાયો તેઓ કરતા થયા છે.

## ખેતી :

વસાવા લોકો ખેતીનો વ્યવસાય કરે છે પરંતુ બધા પાસે ખેતીની પૂરતી જમીન નથી. તેમાંય જમીન હલકી અને ઢોળાવવાળી છે. આજે પણ મોટા ભાગનાં કુટુંબો પ્રાથમિક ઢબની ખેતપધ્ધતિ દ્વારા ખેતી કરે છે. તેમનામાં સ્થાનિક શિક્ષકો, સ્થાનિક સામાજિક સુધારકો અને સરકાર દ્વારા ખેતી વિકાસ માટે કરવામાં આવતા પ્રયત્નોના કારણે આ બહારના સંપર્કને કારણે પોતાની પરંપરાગત ખેતપધ્ધતિઓ બદલીને નવા હાઈબ્રિડ બિયારણો, દવાઓ, ખાતરો વાપરતા જોવા મળે છે. તપાસ દરમિયાન હાઈબ્રિડ પાકોની જાતોમાં દિવેલા, તુવેર, કપાસ બાજરી વગેરે જોવા મળ્યાં હતાં. તપાસનાં ૧૯૦ કુટુંબોમાંથી ૧૩૩ કુટુંબો પાસે કુટુંબદીઠ સરેરાશ ૫.૮૮ એકર જમીન જોવા મળી હતી. સરેરાશ એકથી દોઢ એકર જેટલી જમીન પણ કેટલાક કુટુંબોને ભાગે આવતી હતી. ૫૭ કુટુંબો જમીનવિહોણાં જોવા મળ્યાં હતાં. તેમાંય ખેતીના પાકો માટે વરસાદના પાણી ઉપર આધાર રાખવો પડે છે. તપાસ દરમિયાન કેટલાક કુટુંબો પાસે ખેતીનાં પૂરતાં સાધનો જોવા મળ્યાં નહોતાં. બાહ્ય સંપર્કને કારણે થોડાં કુટુંબો પાસે આધુનિક હળ, કરબ કે વાવણિયા જોવા મળ્યા હતા. ખેતીના પાકોમાં જુવાર, મકાઈ, બાજરી, ઘઉં, કોદરા, તુવેર, અડદ, મઠ વગેરે પાકો પકવે છે. દિવેલા, કપાસ, બાજરી, ઘઉં, ડાંગર જેવા પાકોમાં હાઈબ્રિડ બિયારણ વાપરીને પકવતા આજે જોવા મળે છે.

ખેતમજૂરી :

વસાવાઓ ખેતી સાથેનો પૂરક વ્યવસાય ખેતમજૂરી કરે છે. જમીનવિહોણા ખેતમજૂરી કરે છે. જેમની પાસે જમીન હોય કે ઓછી હોય એ પણ ખેતમજૂરી કરે છે. ખેતમજૂરી બે પ્રકારે જોવા મળે છે. કેટલાક રોજે રોજની મજૂરી કરે છે જ્યારે જમીનવિહોણા છ માસ કે વર્ષ દરમિયાન બંધાઇને મજૂરી કરે છે. ત્રણ કે ચાર રૂપિયા મજૂરી દર મળે છે. વર્ષ દરમિયાન ખેતમજૂરી બધી સિઝનમાં મળતી નથી તેવા સમયે બહારગામ ખેતમજૂરી કે બાંધકામ મજૂરીએ જાય છે શક્ય નથી. તેથી ખેતમજૂરી અને તેના મળતા દર તેમનામાં અનેક સમસ્યાઓ સર્જે છે.

છૂટક મજૂરી :

જમીનવિહોણા અને ઓછી જમીન ધરાવતા કુટુંબોને આખું વર્ષ ખેતમજૂરી, જંગલમજૂરી મળી રહેતી નથી. તેઓમાંના કેટલાક નજીકના ગામોમાં કે શહેરોમાં છૂટક મજૂરી મળે તે કરતા થયા છે જેમાં બાંધકામ મજૂરી, હોટલકામ વગેરે કરે છે. કેટલાંક ગામોમાં ખેતીમાં પણ છૂટક મજૂરી કરે છે. છૂટક મજૂરી મળી રહેશે એ નક્કી હોતું નથી. મજૂરીની સમસ્યાઓ દિનપ્રતિદિન વધતી જતી જોવા મળે છે. તે તપાસના કુટુંબની મજૂરી ઉપરથી ખ્યાલ આવે છે.

જંગલ મજૂરી :

જ્યાં જંગલ રહેવા પામ્યુ છે ત્યાં જંગલમાંથી ગૌણ પેદાશો ગુંદર, મધ, મહુડાફૂલ, મહુડા ડોળી, આસોત્રાપાન, ટીમરુપાન વગેરે એકત્ર કરે છે. આ સિવાય લાકડાં કાપવાં, લાકડાં કૂપે વહેવાં, કોલસા પાડવા વગેરે જેવી મજૂરી કરે છે. કેટલીકવાર જંગલમાં પ્લાન્ટેશનમાં વૃક્ષ રોપવાની મજૂરી પણ કરે છે. આજે કેટલાક વિસ્તારોમાંથી જંગલ સદંતર નાશ પામ્યું તેથી જંગલમાંથી મળતી રોજી રોટી બંધ થઇ જવાથી જંગલમજૂરી દ્વારા વર્ષના કેટલાક દિ જે રોજી મળતી હતી તે સદંતર બંધ થઇ ગયેલી જોવા મળે છે. માત્ર જંગલ આધારિત જે કુટુંબો નિર્વાહ કરતાં હતાં તેઓ ભારે મુશ્કેલીથી જીવનનિર્વાહ ગોઠવે છે.

પ્રશુપાલન :

વસાવાઓ પશુપાલનનો ધંધો પણ કરે છે. તેઓ આર્થિક પરિસ્થિતિને પહોંચી વળવા ગાય, ભેંસ, બળદ, બકરાં, પાડા, છા વાછરડા, વાછરડી વગેરે પાળે છે. ગાયમાંથી દૂધ અને બળદ મેળવે છે. બકરાંનો ઉછેર વિશેષ કરે છે. કારણ કે જંગલ વિસ્તારને કારણે બકરાં પાલવવાં અનુકૂળ પડે છે. વિસ્તારમાં દૂધ ઉત્પાદક મંડળીઓ થવાને કારણે કેટલાંક કુટુંબોને તેના દ્વારા ભેંસો આપવામાં આવે છે. જે લોકો ભેંસો પાળતા નહોતા તે આજે ભેંસો ઉછેરીને નિર્વાહ કરતા જોવા મળે છે. પશુપાલન સાથે પૂરક વ્યવસાય મરઘાં ઉછેરનો કરે છે. તપાસ

દરમિયાન બે કુટુંબો મરઘાં ઉછેરનો વ્યવસાય કરતાં જોવા મળ્યાં હતાં. તપાસનાં કુટુંબોમાંથી ૧૪૮૦ પશુઓ જોવા મળ્યાં હતાં. જેમાંથી કુટુંબદીઠ વાર્ષિક સરેરાશ ૭૬૦ રૂપિયાની આવક જાણવા મળી હતી. એટલે આર્થિક જીવન ધોરણમાં પશુપાલનને કારણે મોકળાશ અનુભવતા થયા છે. ઘણાં કુટુંબો આજે પશુપાલનનું મહત્વ સમજતા થયા છે.

આવક :

તપાસનાં કુટુંબોની કુલ સરેરાશ વાર્ષિક આવક ૨૨૪૪ રૂપિયા જેટલી જાણવા મળી હતી. આવક ખેતી, ખેતમજૂરી, પશુપાલન, નોકરી, જંગલ મજૂરી વગેરે દ્વારા થતી જાણવા મળી. તપાસનાં કુટુંબોની માથાદીઠ વાર્ષિક આવક ૩૭૪ રૂપિયા અને માસિક કુટુંબદીઠ સરેરાશ ૩૧ રૂપિયાની જ હતી. ખેતીના પાકોમાં નવીન હાઈબ્રિડ બિયારણ આવવાથી, પશુપાલનમ ઉછેરનું મહત્વ વધવાથી, શિક્ષણની સુવિધાઓને લીધે, નોકરી કે બીજા વ્યવસાયમાં જોડાવાથી પહેલાં કરતાં આવકમાં વધારો થવા પામ્યો છે. જે ગામમાં જંગલ સદંતર નાશ પામેલું છે ત્યાં જંગલમાંથી થતી આવક બંધ થઈ જવા પામેલી છે.

વપરાશ :

તપાસનાં કુટુંબોની કુટુંબદીઠ વાર્ષિક સરેરાશ ચોખ્ખી આવક ઉપર જોયું તેમ ૨૨૪૪ રૂપિયા હતી. પરંતુ તપસ તપાસનાં કુટુંબો પોતાના રોજબરોજના દૈનિક ખર્ચમાં કુટુંબદીઠ વાર્ષિક સરેરાશ ૨૫૪૧ રૂપિયા ખર્ચ કરતા જાણવા મળ્યા હતાં. જેમનો માથાદીઠ વાર્ષિક ૪૨૩ રૂપિયાનો થતો હતો. આમ કુટુંબદીઠ સરેરાશ માત્ર ૩૫ રૂપિયાનો થતો હતો. આમ આવકના પ્રમ તેમનો વપરાશી ખર્ચ વધવાથી તેમને દેવું કરવું પડે છે. જો કે વ્યક્તિગત રીતે જોઈએ તપાસનાં કેટલાક કુટુંબોને વપરાશી ખર્ચ તેમની આવક વધવાથી વધતો જાણવા મળ્યો હતો. આજની તેમની અર્થવ્યવસ્થામાં બાહ્ય પરિબળોના આક્રમણને કારણે તેમની આજની આવકમાંથી જોઈએ તો તેઓ વધુને વધુ આર્થિક મુશ્કેલીમાંથી પસાર થઈ રહેલા જોવા મળે છે. તપાસ જણાવા મળ્યા મુજબ જંગલ નાશ થતાં તેમાંથી મળતી આવક ઓછી થઈ જવા કે સદંતર બંધ થઈ જવા પામી છે. જંગલ પેદાશ દ્વારા સાટામાં કેટલીક ચીજવસ્તુઓ મળતી હતી તે આજે બહારના સંપર્કને લીધે માત્ર નાણાં આધારિત લેવડદેવડ કરવી પડતી જાણવા મળ્યુ. જંગલ આધારિત જીવન લુપ્ત થઈ ગયું છે. એવાં કુટુંબો બહારની મજૂરીથી આવક મેળવે છે. જે કુટુંબો આખા વર્ષ દરમિયાન મેળવી શકતાં નથી. તેથી ભૂખ્યા કે અર્ધભૂખ અર્ધભૂખ્યા રહેવું પડે છે.

## સામાજિક જીવનચક્ર :



વસાવા લોકો પિતૃસત્તાક, પિતૃવંશીય કુટુંબ વ્યવસ્થા ધરાવે છે. કુટુંબકદ સરેરાશ છ ની સભ્યસંખ્યાનું જાણવા મળ્યું હતું. તપાસના કાકરપાડા, વાગલખેડ, પોઇચા વગેરે ગામોમાં કુટુંબનિયો કાર્યક્રમની અસર જોવા મળી હતી. જે હોય તે છતાં કુટુંબકદની રીતે પહેલાં કરતાં કુટુંબની સભ્યસંખ્યામાં ઘટાડો થતો જાણવા મળ્યું હતું. કુલ ૧૯૦ કુટુંબોમાંથી ૧૩૦ સંયુક્ત અને ૬૦ વિભક્ત કુટુંબો જોવા મળ્યાં હતાં. તપાસ દરમિયાન સંયુક્ત કુટુંબપ્રથા ધરાવતાં વિશેષ કુટુંબો જોવા મળ્યાં હતાં. પણ તે માત્ર સહિયારી મિલકત ધરાવતાં હતાં. મોટા ભાગનાં કુટુંબો લગ્ન બાદ અલગ રસોડું અને અલગ રહેઠાણ ધરાવતા જાણવા મળ્યા હતા. પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા હોવા યુવાન છોકરા છોકરીઓ બળવો કરી તેની સત્તામાં મર્યાદા મૂકતા જોવા મળ્યા હતા. આ યુવા પેઢી ઉપર શિક્ષણ, ફિલ્મો અને બાહ્ય સંપર્કની ઘણી અસરો થવા પામી છે. આજે કુટુંબોમાં સ્ત્રીઓ પણ પુરુષના વર્ષો જૂના આધિપત્યને કંઇ ટકોર કરી છે. ઘણી યુવતીઓ આજે મનપસંદ છોકરાને પસંદ કરીને લગ્ન કરે છે. પહેલાંની જેમ ચલાવી લેવામાં માનતી નથી.

સગાઇ સંબંધો મુખ્યત્વે લગ્ન આધારિત અને લોહી આધારિત જોવા મળે છે. તેમનામાં સ્થળ ઉપર રહેવાથી અને મજૂરીના સંબંધો પણ જોવા મળે છે. વસાવા લોકોમાં ગામમાં ને ગામમાં લગ્ન કરવાની છૂટ છે. પરંતુ ગોત્ર બહિર્વિવાહ પ્રથાને ખ્યાલમાં રખાય છે. વસાવા સમાજમાં બહુપત્ની લાવવાની છૂટ છે. જો કે આજે આર્થિક પરિસ્થિતિને કારણે તેમાં ઓટ દેખાય છે. જાતિનું સામાજિક સંગઠન ટકાવી રાખવા માટે જાતિપંચ કામ કરે છે. જાતિપંચની પકડ આંતરબાહ્ય પરિબળોને કારણે ઢીલી પડી છે. કેટલેક ઠેકાણે નામ માત્રનાં પંચો રહેવા પામેલાં જોવા મળે છે. પહેલાં લગ્ન જોડવા, તેમાં અપાતું દહેજ, છૂટાછેડા, પુનઃલગ્ન વગેરેમાં પંચો મહત્વનો ભાગ ભજવતાં હતાં. તેમાંય કોઇ પણ જાતના ઝઘડામાં, ઉત્સવ તહેવારોની ઉજવણીમાં કે ગામના કોઇ પ્રશ્ન બાબતે પંચ મહત્વનો ભાગ ભજવતાં હતાં. આજે સ્થાનિક નેતાગીરી, નવી ગ્રામપંચાયતોએ તેનું સ્થાન લેતાં પરંપરાગત જાતિપંચોનું મહત્વ ઘટી જવા પામ્યું હોય એમ જાણવા મળે છે.

## સામાજિક જીવન : રીતરિવાજો :

વસાવા સમાજમાં રજસ્વલા સ્ત્રીને 'હાથ ચોટયો નથી', 'છેટી બેઠી છે' કે 'નાહવાનું છે' એમ કહે છે. સ્ત્રી આ સમય દરમિયાન દેવપૂજા, ગાયભેંસ દોહવા કે ખેતીનાં કામો કરવા વગેરે કરતી નથી. પ્રસૂતિ દાયણ કરાવે છે. આજે નજીકમાં જ્યાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો થયાં છે ત્યાં જરૂર પડે લઇ જાય છે. પાંચરો નામકરણની વિધિ કરવામાં આવે છે. નામ દાયણ પાડતી કે ગામનો પટેલ પાડતો હતો તે આજે ઘણા ઘરમાં જ પાડી દે છે. નામ વાર, ઋતુ કે દેવ દેવી

કે વ્યકિત વધુ જીવી હોય તેના ઉપરથી પાડી દે છે. ઘણા આજે સુધરેલ સમાજના નવાં નામો પાડતા જોવા મળે છે. જેમાં વિધિ કરતા પણ નથી. કુદરતના ખોળે બાળક મોટું થાય છે.

લગ્ન :

સામાન્ય રીતે ૧૦થી ૧૨ વર્ષના ગાળામાં છોકરીનાં અને ૧૫થી ૧૮ વર્ષના ગાળામાં છોકરાનાં લગ્ન કરતા હતા. આજે શિક્ષણની સંસ્થાઓ, સ્થાનિક સમાજ સુધારકો કેટલાક પંથો વગેરે ઉપરાંત સરકારી કાયદાની કડક અસરોને કારણે લગ્ન વય વધતી જોવા મળી હતી. તપાસનાં કુટુંબોમાંથી ૧૫થી ૨૦ વર્ષની છોકરીની અને ૨૦થી ૨૫ વર્ષની છોકરાની સરેરાશ લગ્નવય જાણવા મળી હતી. વસાવામાં લગ્નમાગુ છોકરા પક્ષથી કરવામાં આવે છે. લગ્ન એકસાથી તેમજ બહુપત્નીત્વવાળું પણ જોવામાં આવે છે. શિક્ષણ, આર્થિક પરિસ્થિતિ, પંથોની અસરથી એકપત્ની લગ્નની હિમાયતવાળા લગ્નો જોવા મળે છે.

લગ્ન મા બાપની પસંદગીનાં હોય છે. છોકરા છોકરીઓનાં ભાગી જઇને કરેલા પ્રેમલગ્નના કિસ્સાઓ પણ જોવા મળે છે. આને ઘણા શિક્ષિત યુવક યુવતીઓ એક બીજાની સંમતિથી કોર્ટ દ્વારા પણ લગ્ન કરાર કરતા જોવા મળે છે. ઘરજમાઇ રાખવાની પ્રથા પણ જોવા મળે છે. લગ્નમાં કન્યા પસંદગી માટે છોકરાને પહેલાં કરતાં વધુ છૂટ મળે છે. સગાઇની વિધિ, દહેજ, પીઠી, માંડવો, જાન વગેરે લગ્ન લગ્નવિધિઓ છે. આ લગ્નવિધિઓમાં સગાઇમાં દારૂ મરઘીના બદલે કેટલાંક કુટુંબો દાળ ભાત, ચા પાણી કરીને વિધિ કરતાં થયાં છે. એ જ રીતે દહેજમાં અનાજ ઢોરના બદલે પૈસાના રૂપમાં અપાતું પણ જોવા મળે છે. માંડવો લાકડાના પાનને બદલે, કાપડથી, સાગના થાંભલા બાંધી બને છે. જાન સવારને બદલે સાંજે પણ આજે જતી જોવા મળે છે. લગ્નવિધિ પટેલને બદલે સવર્ણ બ્રાહ્મણ પાસે કરાવવાના કિસ્સા પણ જોવા મળે છે. ગામાંગાડામાં કે પગે ચાલતી જાનના બદલે બસમાં પણ જતી આજે જોવાં મળે છે. આણું કરવાનો રિવાજ છે. જેમ સમય બદલાયો છે, સુવિધાઓ વધી છે, બાહ્ય અસરો થઇ છે તેમ લગ્નવિધિઓમાં કંઇ કંઇ પરિવર્તન જોવા મળે છે.

વસાવામાં સાળીવટુ, ખંધાડિયા (ઘરજમાઇ), અપહરણ, ભાગેલું, બહુપત્ની વગેરે લગ્નો ઉપરાંત પુનઃલગ્નમાં વિધવા વિધુરનાં લગ્નો થાય છે. છૂટાછેડા કે વિધવા વિધુરનાં પુનઃલગ્નો ઉંમર નાની હોય તો કુંવારી છોકરી સાથે થતા કોઇ કિસ્સામાં થાય છે. સાળીવટુ કે દિયરવટુ અરસપરસ ઇચ્છા હોય તો આજે શકય બને છે.

છૂટાછેડા :

વસાવાઓમાં છૂટાછેડા પંચ સમક્ષ લેવાના હોય છે. પંચ પ્રથમ એક બીજાની વાત સમજે છે. તેઓમાં શંકા કુશંકા દૂર કરવા પ્રયત્ન કરે છે. છતાં ન પતે તો તેમના રિવાજ

મુજબ પતિના પક્ષના નવી સાડી લાવી પંચ સમક્ષ તેનો અર્ધો છેડો ફાડી આપે અને લીધેલી રકમ છોકરી પક્ષે પરત કરવી પડે એટલે વાત પતી જાય છે. છૂટાછેડા પહેલાં શંકા કુશંકાથી થતા હતા. આજે શિક્ષણ વધવાને કારણે છૂટાછેડાના કિસ્સાઓ તેમનામાં જોવા મળે છે. તેમાંના કેટલાક પંચના બદલે સરકારી કોર્ટ કચેરીઓનો આશરો પણ લે છે.

મૃત્યુ સંસ્કાર :

વસાવાઓમાં કોઈ વ્યકિત મૃત્યુ પામે એટલે તેને બાળવામાં આવે છે. નાનું બાળક કે રોગવાળાને દાટવાનો રિવાજ છે. તેમનામાં આજે મૃત વ્યકિતને દાટવાના કિસ્સા પણ જોવા મળે છે. મૃત વ્યકિત સાથે તેને મનગમતી ચીજવસ્તુઓ દાટવામાં કે બાળવામાં આવે છે. દારૂની ધાર આપીને તેનો સંસ્કાર કરવામાં આવે છે. જયાં શિક્ષણની સંસ્થાઓ, સ્થાનિક સતકૈવલ, કબીરપંથ વગેરેની અસરો છે. ત્યાં મૃત વ્યકિત સાથે દાટવા કે બાળવામાં આવતી વસ્તુઓ કે દારૂની ધાર આપવાનું બંધ કર્યાના દાખલા જોવા મળે છે. બાળવાનો રિવાજ બંધ થવા પાછળ જંગલ સાફ થઈ જવાથી આવ્યો હોય તેમ બને. તેમનામાં બારમાનો રિવાજ છે. જેને તેઓ દહાડો પાણી તરીકે ઓળખે છે. આ વિધિ કરે તે એમનામાં કુળવાન કે પ્રતિષ્ઠિત ગણાય છે. કોઈ વ્યકિત અકસ્માતમાં મૃત્યુ પામે તો તેની યાદગીરી માટે જેનાથી મુત્યુ થયુ હોય તેની સાં અંતરારૂપ સ્મૃતિસ્થાન બનાવે છે, એવા દાખલા જોવા મળે છે.

ધાર્મિક માન્યતાઓ અને દેવદેવીઓ :

વસાવા લોકો જીવનના દરેક ક્ષેત્રમાં ધાર્મિક ભાવનાથી કાર્યોનો આરંભ કરે છે. પછી તે ખેતીનું કામ હોય કે ઘર બાંધવાનું હોય, જન્મનું હોય કે મૃત્યુ પ્રસંગનું હોય, આર્થિક કાર્ય હોય કે રાજકીય હોય. તેમનું પ્રકૃતિ સાથે જીવન જોડાયેલું હોય તેઓ પ્રકૃતિ દેવો અને ધાર્મિક વિધિઓના પ્રસંગો મનાવે છે. આજે ઘણે ઠકાણે હિંદુ ધર્મ પાળતી સવર્ણ રજપૂત, પટેલ, હરિજન જાતિઓના સંપર્કનુ કારણે તેમની વિધિઓ, માન્યતાઓએ પ્રવેશ કર્યો છે. ઘણાનાં ઘરોમાં હિંદુ દેવ દેવીઓના ફોટાઓ પણ ચોટાડેલા જોવા મળે છે. કેટલાક પંથોએ તેમના પ્રાકૃતિક જીવનમાં પ્રવેશ કરીને તેમના પોતાના વિચારો આપ્યા છે. સતકૈવલ, કબીરપંથ, ખ્રિસ્તી મિશનરીઓ વગેરેએ તેમના સામાજિક, ધાર્મિક પ્રસંગોની વિધિઓમાંથી દારૂ, માંસને દૂર કરવા પ્રયત્નો કર્યા છે. જેની અસર તેમના પર જોવા મળે છે.

વસાવાઓ સ્વર્ગ નર્કની માન્યતામાં માને છે. તેમાંથી કેટલીક અંધશ્રધ્ધાઓ દૂર થવા પામી છે. જેમ કે ભૂવા ભગતથી જ રોગ મટે એમ માનતા હતા તે આજે ડોકટર પાસે જવાથી મટે છે એમ માનતા થયા છે. વસાવા લોકો તેમના દેવ દેવીઓ કે અન્યના દેવ દેવીઓને કોઈને કોઈ

કારણોવસાત માન્તા જોવા મળે છે. જેમ કે સાપની બીકે હિંદુઓમાં પૂજાતા બાપજી મહારાજની પૂજા કે બાધા રાખતા થયા છે. પશુ રક્ષણ માટે વાઘદેવ કે હિમારીયા દેવની સ્થાપના અને પૂજા કરે છે. એ જ રીતે પાકની રક્ષા માટે હિમારીયા દેવની સ્થાપના સીમના સીમાડે કરે છે. આ વાઘદેવ કે હિમારીયા દેવને જયાં જંગલ રહેવા પામ્યુ નથી અને લોકો સવર્ણ હિંદુ યા જાતિઓના સંપર્કમાં આવ્યા છે ત્યાં સ્થાપના કે પૂજા કરતા બંધ થયા છે. ગોવાળદેવની પૂજા ઢોરની બિમારીમાં કરે છે. પરંતુ જયાં પશુ દવાખાના થવા પામ્યાં છે ત્યાં ડોકટર પાસેથી પશુની દવા કરાવતા થયા છે. કોઈ સ્ત્રીને સંતાન પ્રાપ્તિ થતી ન હોય તો તેઓ નાના મોટા નારસીની પૂજા બાધા કરે છે. જે ભૂવા ભગત પાસે જ કરાવાય એમ પણ માને છે. તેમાં પણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, શિક્ષણની સુવિધાઓ વધવાથી ભૂવા ભગતનું વર્ચસ્વ ઘટી જવા પામ્યુ છે. વસાવા ભૂવા ભગત ઉપરાંત શુકન અપશુકન, ભૂત પ્રેત વગેરેમાં માને છે. જેના ઉપર આજે કેટલાક પથો, શિક્ષણ અને બાહ્ય સંપર્કોએ આક્રમણ કર્યું હોય એ માન્યતાઓ ઓછી થવા પામી છે.

વસાવા લોકો દેવદેવીઓની પૂજાવિધિઓ મહદ્અંશે ઉત્સવ તહેવારોના દિવસોમાં કરે છે. પૂજાવિધિઓમાં દારૂ, મરઘાં, બકરાં વગેરેનો ભોગ આપતા જે આજે શિક્ષણ વધતાં અને કેટલાક સંપ્રદાયોની પસરો હેઠળ આવતાં કેટલેક ઠેકાણે ઓછું કે બંધ થવા પામ્યુ છે. ગોવાળદેવની પૂજા ઢોર માંદુ પડે ત્યારે કરે છે. કોઈ સ્ત્રીને સંતાનપ્રાપ્તિ થતી ન હોય ત્યારે નાના મોટા નારસીની બાધા રાખે છે.

સમસ્યાઓ :

વસાવાઓની આર્થિક પરિસ્થિતિ સારી નથી. તેઓ અનેક પ્રકારની સમસ્યાઓમાં સપડાયેલા તપાસ દરમ્યાન જે સમસ્યાઓ જોવા કે જાણવા મળી હતી તે નીચે મુજબ છે.

૧. જમીન અંગેની : જમીન હલકી પથ્થરવાળી, ઢાળવાળી છે અને વળી તે નાના નાના ટૂકડાઓમાં વહેંચાયેલી હોઈ ઓછું ઉત્પાદન આપે છે. કુટુંબદીઠ ઓછી જમીન કે જમીન વિહોણા કુટુંબોની સ્થિતિ સારી નથી.

૨. પાણી અંગેની : ગામમાં પીવાના પાણીની કે ખેતીમાં સિંચાઈ માટેની કુવાની સગવડ હોતી નથી. એટલે માત્ર વા વરસાદની ઉપર જ આધારિત ખેતી કરવી પડે છે.

૩. જંગલની : જંગલના હાલના કાયદા પ્રમાણે લાકડુ આદિ લઈ શકતા નથી. હકક પ્રમાણે તે છતાં આજે એક યા બીજા પ્રકારે ઝાડી રહેવા પામી નથી. એટલે જંગલમાંથી જીવન માટે મળતી પેદાશો અને મજૂરી બંધ થઈ જવા પામ્યાં છે.

૪. રહેઠાણ અંગેની : દરેક પાસે સારા રહેઠાણની સગવડ નથી. કોઈ પાસે જમીન નથી તો કોઈ પાસે તેને જરૂરી લાકડાં કે સામાન માટે આર્થિક સ્થિતિ નથી.

૫. ખેતી અંગેની : હજુ પરંપરાગત રીતે તેઓ ખેતી પધ્ધતિ અપનાવે છે. બિયારણ, ખાતર કે દવાઓ વાપરી શકતો નથી.

૬ મજૂરી અંગેની સમસ્યાઓ : ખેતી અને જંગલમાંથી આખા વર્ષ દરમિયાનની મજૂરી મળી રહેતી નથી. મજૂરીના દર પણ ઘણા ઓછા જોવા મળે છે.

૭. આરોગ્ય અંગેની સમસ્યાઓ : પોષક તત્વોના અભાવે તેમનામાં રોગો જોવા મળે છે. તેમને સુધી જવા છતાં આરોગ્યની સેવાઓ મળતી નથી. ખૂબ દૂર સુધી જઈને આરોગ્ય સેવા લેવી તેમ માટે ખૂબ ખર્ચાળ અને કઠીન બને છે.

૮. શિક્ષણ અંગેની સમસ્યાઓ : વસાવા લોકોનાં બાળકો અનેકવિધ કારણોસર નિશાળે જતાં નથી. તેમાં આર્થિક સ્થિતિ ખૂબ મોટો ભાગ ભજવે છે. ઉપરાંત નિશાળ દૂર હોવી, મા બાપની નિષ્ઠા કે બાળકો રમાડવા, ઢોર ઢ ચરાવવા, ઘરનાં નાનાં નાનાં કામો કરવા વગેરેને કારણે બાળકો શિક્ષણથી વંચિત છે.

વિકાસનાં સૂચનો :

૧. ઘર : વસાવાઓનાં ઘરો કાચાં છે. જેમાં ઘણાં કુટુંબો ઘરો કાચાં અને નીચાં જોવા મળે છે. તેમાં કુટુંબના બધા સભ્યો અને પશુઓનો તેમજ સાધનસામગ્રીનો સમાવેશ કરવામાં સંકડાશ પડે છે. તેથી ઘરો માટેની જગ્યા અને આરોગ્યપ્રદ ઘરની વ્યવસ્થા કરવી જોઈએ.

૨. વસાવા લોકો પાસે કુટુંબના સભ્યોના પ્રમાણમાં જમીન પ્રમાણ ઘણું ઓછું છે. કેટલાક જમીન વિહોણા છે. તેવાં કુટુંબોને ગામની કે જંગલની ગૌચર કે બીજી જમીન ફાળવી આપવી જોઈએ. જેથી ભરણ પોષણ થોડા મહિનાઓ માટે કરી શકે.

૩. કુદરત પર આધારિત ખેતી કરતા હોવાથી ધાર્યું ઉત્પાદન લઈ શકતા નથી. એટલે સિંચાઈ સગવડ કરવી જોઈએ. આગામી વિકાસ યોજનાઓમાં તેને અગ્ર સ્થાન આપી મદદ કરવી જોઈએ. સહકારી મંડળી દ્વારા મસ મળતાં ખાતર, બિયારણ, દવાઓ સમયસર આપવાં જોઈએ.

૪. નવાં ખેતીનાં ઓજારો અને ખેતપધ્ધતિઓ માટેના પાકોમાં નિદર્શન પ્લોટો તૈયાર કરી બતાવવા જોઈએ. જેથી તેઓ પરંપરાગત પધ્ધતિઓ અને ઓજારોમાં સુધારો લાવી શકે.

૫. ખેતીમાં વચગાળાની ધિરાણની સગવડ કરવી જોઈએ. જેથી ખેતીમાં જરૂરી સમયે તેઓ વાપરી શકે. અને તેઓ વેપારી શાહુકારના શોષણમાંથી મુક્ત રહી શકે.

૬. ખેતમજૂરોને સરકારના કાયદા મુજબ લઘુત્તમ વેતન મળે તે માટે વ્યવસ્થા કરવી જોઇએ.

૭. જંગલ આધારિત નાના વ્યવસાયો ઊભા કરવા જોઇએ.

૮. બારમાસ મજૂરી મળતી નથી તેથી અનુકૂળ હોય તેવા ગૃહોદ્યોગો જંગલ આધારિત આપવા જો

૯. બાલવાડીઓ ખોલવી જોઇએ અને જરૂર લાગે ત્યાં નવાં છાત્રાલયો, આશ્રમશાળાઓ ખોલવી જો

૧૦. ટેકનીકલ ધંધાઓની તાલીમ આપવી જોઇએ.

૧૧. આરોગ્ય માટેની સગવડો ઊભી કરવી જોઇએ. તેમની આરોગ્યની તપાસ મેડીકલ કોલેજ કરવી જોઇએ. નજીકમાં ઠેકઠેકાણે આરોગ્ય કેન્દ્રો ઊભાં કરવાં જોઇએ. પોષક આહાર સુવિધા ઊભી કરવી જોઇએ.

:::

અહેવાલ લેખન : જયવંત ના. રાઠોડ
સારસંક્ષેપન : જસવંત ના. રાઠોડ

## પ્રસ્તાવના :

ગુજરાત બંજારા વિકાસ પરિષદ ગુજરાતની વણઝારા જાતિને અનુસૂચિત જનજાતિ જાહેર કરવા માટે રાજય સરકારને તથા કેન્દ્ર સરકારને ભલામણ કરવા વિનંતી કરી. રાજય સરકારના સમાજ કલ્યાણ ખાતા દ્વારા આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને વણઝારા જાતિની તપાસ કરી અહેવાલ તૈયાર કરી ભલામણ કરવા સૂચવ્યું. કેન્દ્ર દ્વારા વણઝારા જાતિની સામાજિક, આર્થિક અને સંસ્કૃતિક તપાસ કરી અહેવાલ તૈયાર કરી સમાજ કલ્યાણ ખાતાને સોંપવામાં આવ્યો તેનો ટૂંકસાર અહીં આપું છું.

## વણઝારા જાતિ ઉત્પતિ :

શામળદાસના ઐતિહાસિક ગ્રંથ વીર વિનોદમાં વણઝારાની ઘણી જાતિઓ બતાવી છે. તેમાં મુખ્ય ત્રણ જાતિ બતાવી છે. હેવાસી, ગવારિયા અને ભાટ્. આમાં હેવાસી મુસલમાન અને ગવારિયા નીચી જાતિના ગણવામાં આવ્યા છે.

વણઝારાનું મૂળ ઉદ્ભવસ્થાન માનવામાં આવે છે તે રાજસ્થાનમાં બે જાતિમાં વહેંચાયેલ છે. મારુ અને બામણિયા. મારુનું મૂળ નિવાસસ્થાન રેલમગરા ગણવામાં આવે છે. બામણિયા સ્થાઇ વસેલા જોવા મળે છે જયારે મારુ ફરતા જોવા મળે છે.

સમગ્ર વણઝારા જાતિનો ઉદ્ભવ રાજસ્થાનમાંથી થયો હશે તેવા ઘણા પુરાવા અને ઇતિહાસ મળતો આવે છે. વણઝારા જાતિનો મસગ્ર ઇતિહાસ મૂળ ઉત્પત્તિ રાજસ્થાન જ બતાવે છે. ત્યાંથી વેપારઅર્થે સમગ્ર દેશમાં અને પરદેશ સુધી પણ ગયા છે. તેવી માહિતી પ્રાપ્ત થાય છે. જુદા જુદા વિસ્તારની વણઝારા જાતિની ઉત્પત્તિ વિષેના ખ્યાલો, વાર્તાઓ અને ઐતિહાસિક પુરાવા વણઝારા જાતિનો કોઇપણ સમુદાય રાજસ્થાન સાથે કોઇને કોઇ રીતે સંકળાયેલો છે તેમાં કોઇ શંકા નથી.

તેજ રીતે હાલ ગુજરાતમાં વસવાટ કરતા વણઝારા વિષે પણ ચોકકસ કહી શકાય છે કે મૂળ તો મારવાડના જ વતની છે. આજે પણ મારવાડી સંસ્કૃતિ તેઓએ છોડી નથી. પુખ્યત્વે જાણવા મળ્યું છે તે મુજબ મારવાડમાં આવેલ ધાનપુર, રાયર, આપડી વોણીયા, ચોદકાવ વગેરે ગામોના વતની છે. આ લોકોનો બારોટ પણ મારવાડથી જ આવે છે.

કેટલાક વણઝારા પોતાને ગરાસિયા કહેવરાવે છે. આ લોકોમાં પણ રજપૂત શાખ જ જોવા મળે છે. જેમ કે રાઠોડ, ભાટ, સોલંકી, પરમાર, મકવાણા વગેરે. તેમની શાખ પણ લીવા, રાઠ, જમ, ટકે, ડાળી વગેરે જોવામાં આવે છે. કુલજી, જાડજી, ભલજી, ગોપીજી, અદજી, કોદજી એવાં નામો હોય છે. નામ પાછળ જી લગાડીને સંબોધવાનો ચાલ જોવામાં આવે છે. સોના, ઝિપા, તેજી, ફૂદી એવાં એમની સ્ત્રીઓનાં નામ હોય છે. આમ વણઝારા જાતિનું ઉદ્ભવ રાજસ્થાન ગણવામાં આવે છે તે નિશ્ચિત્ત છે.

ભૌગોલિક પરિવેશ અને વસવાટ :

વણઝારાનું ઉદ્ભવસ્થાન મૂળ રાજસ્થાન છે. તેઓ ભૂતકાળમાં માલની હેરફેર માટે એક જગ્યાએ બીજી જગ્યાએ પોઠો ઉપર માલ હેરફેરનું કામ કરતા જેને પરિણામે તેમને માટે કોઇ ચોકકસ ભૌગોલિક સીમાઓનાં બંધન નહોતાં. પણ ધીરે ધીરે ઔદ્યોગિક વાહનવ્યવહાર વધતાં તેઓના ધંધામાં પણ પરિવર્તન આવ્યું અને એ જાતિના લોકો જે વિસ્તારોમાં કામ કરતા હતા ત્યાં ખાસ કરીને શહેરોમાં વધુ પ્રમાણમાં વસવાટ કર્યો. કારણ કે જયાં બાંધકામ ચાલતું હોય ? ત્યાં હવે રેતી, ઇંટો, કપચી વગેરે પહોંચાડવાનું કાર્ય ચોકસાઇથી કરી શકાય. પરિણામે વણઝારા જુદા જુદા પ્રદેશમાં સ્થિર થયેલા દેખાય છે. જુદા જુદા પ્રદેશમાં વસવાટનો ઇતિહાસ અને જુદા જુદા નામોથી પણ ઓળખાય છે. હૈદ્રાબાદમાં વણઝારાની વસ્તી વધારે હતી. ૧૯૫૬ મહારાષ્ટ્ર, આંધ્ર અને કર્ણાટક રાજય અલગ થયાં. હૈદ્રાબાદ રાજયમાં વણઝારા જાતિ ગુનેગાર જાતિ તરીકે ઓળખાઇ. આંધ્રના રાયલસીમા તથા તટવર્તી જિલ્લામાં 'સુગાલી' કહેવાય છે. આ સુગાલીને અંગ્રેજ શાસનકાળ દરમ્યાન શરૂઆતથી જ આદિવાસી જાતિમાં જ ગણવામાં આવી હતી. પરંતુ વણઝારા સમાજનો બીજો વર્ગ ૧૯૫૦ના ભારત સરકારના આદેશ પ્રમાણે આદિવાસી મળતી સુવિધાથી વંચિત રહયા. જૂના મૈસુર રાજયના ૧૩ જિલ્લાઓમાં વણઝારા જનજાતિ તરીકે ગણતરીમાં લીધી હતી. કેટલાક જિલ્લાઓમાં પછાત જાતિ તરીકે ગણવામાં આવ્યા હતા. ૧૭ ડિસેમ્બર ૧૯૫૦માં મહારાષ્ટ્રમાં વણઝારા જાતિને વિચરતી જાતિ તરીકે ગણવામાં આવ્યા. ઉત્કલ, હિમાચલ, દિલ્હી, પંજાબમાં વણઝારાઓ પરિગણિત (આદિવાસી) જાતિ તરીકે ઓળખવામાં આવે છે. પંજાબમાં ગેવારિયા અને ઘૂમરાને પરિગણિત જાતિ માનવામાં આવે છે. મધ્યપ્રદેશના કેટલાક જિલ્લાઓમાં પછાત જાતિઓમાં ગણવામાં આવે છે. રાજસ્થાનમાં ફકત અજમેર, આબુરોડ, સિરોહી અને જાલાવાડ જિલ્લાઓમાં વણઝારાઓને પછાત જાતિ તરીકે ગણવામાં આવ્યા છે.

ડાકસાહેબ કાલેલકરના અધ્યક્ષપદે નિમવામાં આવેલ આયોગે પૂરા વણઝારા સમાજને નહીં પણ વણઝારાની અમુક જાતિને જ સૂચિત આદિવાસીની યાદીમાં સમાવેશ કર્યો હતો.

ગુજરાતમાં વસવાટ કરતા વણઝારા :

વણઝારા જાતિ હાલ ગામ કે શહેરને પાદરે ખુલ્લી જમીન મળે ત્યાં પોતાના ડંગા નાખી પડેલા જોવા મળે છે. તેમની વસ્તી ગુજરાતના મોટા ગામડા, શહેર કે જયાં કામ મળે ત્યાં જોવામાં આવે છે. મોટા ભાગે નદી કિનારે જયાં રેતીનુ કામ મળી રહે ત્યાં જોવામાં આવે છે. હાલ તેઓ પોઠો લઇ એક જગ્યાએથી બીજી જગ્યાએ જતા જોવા મળતા નથી પણ લગભગ સ્થાયી વસવાટ કરતા જોવા મળે છે.

દેખાવ :

વણઝારા પુરુષો શરીરે ઉંચા તથા મજબૂત બાંધાના હોય છે. રંગે ઘઉંવર્ણા પણ સખત મજૂરી અને તાઢ તડકામાં ભટકવાને કારણે શામળા પડી ગયેલા હોય છે.

સ્ત્રીઓ :

વણઝારા સ્ત્રી પણ મજબૂત, કદાવર, ઉંચી અને શરીરે દેખાવડી ભરાવદાર હોય છે. પહેરવેશમાં રંગીન ચણિયો, માથે રંગીન ઓઢણી, શરીરે કોડીવાળી ચોળી, ઘેરવાળો ઘાઘરો, ઘૂંટણ સુધી લટકતા મોતીથી આખો ગળેલા નાડા શુશોભીત હોય છે.

સામાજિક સંગઠન અને સામાજિક ધાર્મિક જીવન :

વણઝારાની સાત મુખ્ય શાખો છે. ગવાડિયા, બ્રાહ્મણિયા, ભાટ બ્રહ્મ ભાપર, સત, પીગળ. ઉપરાંત સોલંકી, રાઠોડ, ચૌહાણ, પઢિયાર, ગોડ, ગોહેલ, પરમાર, ખરોડ, હોડી, ચાડિયા વગેરે શાખો જોવા મળે છે. આ ઉપરાંત એક બીજો વર્ગ છે જેને જીણી વાટડીના વણઝારા તરીકે ઓળખવામાં આવે છે. તે ઉપરની શાખ કરતાં નીચા ગણાય છે. તેમની સાથે બેટી વ્યવહાર રાખવામાં આવતો નથી.

ડંગા-ડેરા-તંબૂ :

વણઝારા કુટુંબો પાંચ સાતના જૂથમાં દંગા નાખી પડયા હોય છે. તે કપડાના યા કંતાનની ઝૂંપડીઓ કરી રહે છે. ગોદડી, પતરાનો ડબ્બો, મરચું લસોટવાનો પથ્થર અને એક ખૂણે પાણીનું માટલું. આજુબાજુ ખુલ્લા શરીરે રમતા છોકરા તે વણઝારાનો ડંગો.

જાતિપંચ :

વણઝારા જાતિમાં જાતિપંચની પકડ આજે પણ તેટલી જ મજબૂત છે. જાતિપંચ વિસ્તારવાર હોય છે. તે વણઝારા જાતિના રિવાજો કે અન્ય ફેરફાર કરવા હોય તો જ મળે છે. બાકી ડાહ્યા માણસોનું પંચ બનેલું હોય તે નિરાકરણ આપે છે. જાતિપંચ દંડ કરે તે માન્ય

રાખવાનો હોય છે.

કુટુંબ વ્યવસ્થા :

પિતૃ સમાજ વ્યવસ્થા છે. કુટુંબમાં પિતાનું વર્ચસ્વ જોવા મળે છે. પિતાનો નિર્ણય આખ ગણાય છે. સ્ત્રીને ઘરમાં પૂછવું હોય તે ન પૂછે તો પણ ચાલે. પુરુષ ઘરનો વડોલ ગણાય છે નાતમાં સામાજિક આર્થિક વ્યવહારો પુરુષ કરે છે. સ્ત્રીઓ ઘરનું ધ્યાન રાખે, બાળકો ઉછેર અને પુરુષોને કામમાં મદદ કરે વગેરે.

છોકરાનાં લગ્ન થયા પછી બાપ સાથે ન રહેવું હોય તો જુદા થઇ શકાય છે. છોકરાને એક કાંસાની થાળી, તેનાં ભાગનાં ગધેડાં આપવામાં આવે છે.

જન્મ :

પ્રસૂતિ જાતિની દાયણ કરાવે છે. શહેરમાં વસતા કુટુંબો સરકારી દવાખાને પણ જાય છે. પોતાની જાતિની દાયણ પ્રસૂતિ કરાવે તો તેને એક જોડ કપડાં, ૨૫ રૂપિયા રોકડા આપે છે. તે જ રીતે છઠ્ઠીના દિવસે માતાજીને નૈવેદ્ય ધરાવવામાં આવે છે. આ ઉપરાંત બકરો મારવામાં આવે છે તેને જલસાનો બકરો પણ કહેવામાં આવે છે. તેમની ભાષામાં રતિયો મારે તેમ પણ કહેવામાં આવે છે. પ્રસૂતાબાઇ ઘરમાં સવા માસ સુધી દરેક પ્રકારનું કામ કરી શકતી નથી.

લગ્ન :

વણઝારા જાતિમાં એક જ શાખમાં લગ્ન નિષેધ છે. ઉપરાંત જે શાખમાં અગાઉ બહેન કે દી આપેલી હોય ત્યાં પણ લગ્ન કરી શકાતાં નથી. લગ્નની ઉંમર ૧૮થી ૨૦ વર્ષની ગણવામાં આવે છે. પણ લગ્નનું નક્કી બાળપણથી કરવામાં આવે છે. છોકરીવાળાને ત્યાં માગણી કરવા જાય ત્યારબાદ કાયલી આપવા જવાનો રિવાજ છે. છોકરાની જાન જાય છે. લગ્ન નક્કી કરવામાં બકરો અને દારૂનો ઉપયોગ છૂટથી કરવામાં આવે છે. સગાઇથી લગ્ન સુધી ૧૦થી ૧૫ હજાર રૂપિયા ખર્ચ થાય છે. છોકરાનો બાપ જેટલું દહેજ માગે તેટલું ખર્ચ વધે છે.

છૂટાછેડા :

છૂટાછેડા છોકરો લઇ શકતો નથી પણ છોકરી જલદી લઇ શકે છે. છોકરીને દુઃખ પડતું હોય તો નાત ભેગી કરી છૂટાછેડા લઇ શકાય. નાતપંચ દંડ કરે તે છોકરાનો બાપ આપે છે બાપ જયાં સુધી હયાત હોય કે તેના વડોલ કાકા કે મોટા ભાઇ હોય ત્યાં સુધી પણ છોકરો છૂટાછેડા લઇ શકે નહીં. વડીલની મંજૂરી મેળવવી આવશ્યક છે.

પુનઃલગ્ન :

વિધુર પુનઃલગ્ન કરી શકે છે. તે જ રીતે વિધવા પણ બાળકો ન હોય તો પુનઃલગ્ન કરી શકે છે. દિયરવટુ કેટલાક કરે છે કેટલાક નથી કરતા.

મૃત્યુ :

મૃતદેહને બાળવામાં આવે છે. નાના બાળકોને દાટવામાં આવે છે. મૃતદેહને બે રીતે કાઢવામાં આવે છે. સુતા કાઢે કે સમાધીમાં કાઢે. સમાધીમાં કાઢે તેને સમાધી અવસ્થામાં બેસાડી કાઢે પાલખીમાં બેસાડી અબીલ ગુલાલ કંકુ લગાવી કાઢે. તેમને પણ બાળવામાં તો આવે. તેમનાં હાડકાં ગંગાજીમાં પધરાવવામાં આવે છે. આની પાછળ ઘણો ખર્ચ કરવામાં આવે છે.

ધાર્મિક માનતા :

વણઝારા જાતિ દેવ દેવીની સાથે રામદેવપીરને વધારે માને છે. રામાપીરના ભગત ભૂવા હોય તેને ગુરુ તરીકે સ્થાપે છે. વિશ્વાસુ અને શ્રધ્ધાળુ જાતિ છે. અનેક દેવદેવીઓને પૂજતા આવ્યા છે. તેમાં ખાસ કરી નાગણી માતા, સવગીયા, માલણસીયા, કાળકા, અંબાજી વગેરે માતા માને છે. શંકરને પણ પોતાના દેવ તરીકે માને છે. તેનુ કારણ એમ માને છે કે શંકરનું વાહન પોઠીયો છે.

ઉત્સવો :

વણઝારા જાતિના મુખ્ય તહેવાર દિવાળી અને હોળી છે. આ સિવાય જન્માષ્ટમી, મકરસંક્રાંતિ વગેરેને પણ ઉજવતા હોય છે. હોળી એ એમને મન સૌથી મહત્વનો તહેવાર ગણાય છે.

કળા :

આ જાતિમાં કળા કારીગરીનું જ્ઞાન ખૂબ સારું હતું. તેમને જ્ઞાન વારસાગત મળેલું છે. મોતી નાડાં ગૂંથવાની કળા, ભરતગૂંથણ શિવણ વગેરે કરી શકે છે.

લોકનૃત્ય :

પ્રાચીનકાળમાં આ જાતિનાં લોકનૃત્ય ઘણાં વખણાતાં. તેમની ઉત્પત્તિ કથાઓમાં પણ નૃત્ય અને ગાનનો ઉપયોગ ખૂબ મહત્વનો રહયો છે.

શિક્ષણ :

વણઝારા જાતિમાં શિક્ષણનું પ્રમાણ નહીવત છે. ગણ્યાગાંઠયા ભણેલા હોય છે.

સાહિત્ય :

તેમના સાહિત્યનું કોઈ અલગ પુસ્તક જોવા મળતુ નથી. તેઓ રામાયણ, મહાભારત કથા, દંતકથાઓ જાણે છે. પણ મૂળવસ્તુ કરતાં કંઈક જુદી રીતે જ સાંભળવા મળે છે.

અર્થવ્યવસ્થા :

પહેલાં વણઝારા જાતિનો મુખ્ય વ્યવસાય વ્યાપાર વિનિમયનો હતો. વસ્તુ એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચાડવાનું કામ કરતા. તેમની પાસે એક લાખ પોઠો (બળદ) ધરાવતા એવી વાતોઓ સાંભળવા મળે છે. વ્યાપારમાં ગણિમ (ગણાય તેવી) ધરિમ (તોલી અપાય તેવી, મેય (માપી આપવાની, પરિચ્છેદ (કાડીને આપવામાં આવતી)ચીજોનો વ્યાપાર કરતા.

ગૌચર અને પશુપાલન :

વેપાર પરિવહન સાથે સાથે પ્રાચીન જ વણઝારાઓનો વ્યવસાય પશુપાલનનો પણ હતો.

શણની કતાઈ :

શણના રેસામથી થેલા તૈયાર કરી વેચવાનો વ્યવસાય પણ કરતા. મથુરાના વણઝારા આ ધંધો કરતા. હાલમાં આલોકોને જયાં માટીકામ મળે ત્યાં કે રેતી વહેવાનું કામ મળે ત્યાં તે કામ કરે છે. ખાસ કરીને ગધેડાંનો ઉપયોગ કરે છે. જયાં ડેમ બંધાય ત્યાં અથવા મોટાં શહેરોમાં જયાં કાયમ મકાન બાંધકામ ચાલુ રહેતું હોય રેતી પૂરી પાડે છે. કેટલાક ભણેલા પુરુષો નોકરી કરતા માલુમ પડયા છે. ગામડાઓમાં જમીન હોય તો ખેતી પણ કરે છે. રેતીકામમાં મુખ્યત્વે સાધનો પાવડા, તગારાં, તીકમ, ચારણો વગેરેનો ઉપયોગ કરે છે.

સમસ્યાઓ :

વણઝારા સમાજમાં મૂળભૂત બે પરિવર્તન તેમની પરંપરાગત જીવન વ્યવસ્થામાં થયેલાં જોવા મળે છે. પરિણામે પરંપરાગત જીવન વ્યવસ્થા બદલવાના માળખામાં સમસ્યાઓ ઊભી થાય છે. સ્થાઇ વસવાટ પહેલાં નહીં હોવાથી કોઇપણ ગ્રામ્ય વ્યવસ્થામાં તેમની પોતાની ઘરની કે ખેતીની જમીન નહોતી. પરિણામે નિવાસોની મુખ્ય સમસ્યા ઊભી થાય તે સ્વાભાવિક છે. આમ તેમની મુખ્ય સમસ્યા ૧. વસવાટની ૨. વ્યવસાયની ૩. શિક્ષણની છે.

નિષ્કર્ષ અને સુઝાવ :

વણઝારા જાતિને અનુસૂચિત જાતિમાં ન મૂકવી જોઇએ એની પાછળ સમાજશાસ્ત્રીઓનું ચિંતન ભાગ ભજવે છે. આખા દેશમાં વણઝારાની સ્થિતિ નક્કી કરવા માટે સરખા અભિગમનો અભાવ છે. કારણ કે તે કોઇ એક રાજ્યના રહેવાસી નથી. બીજું કારણ એ છે કે તેમના માટે દેશમાં બધી જગ્યાએ કોઇ એક નામથી ઓળખાતા નથી. ધંધો અને પેટા જાતિઓના કારણે એક જ રાજયમાં અલગ અલગ નમ નામોથી ઓળખાય છે. તે માની લેવામાં આવ્યું છે કે વણઝારા સમાજ માટે જેટલા નામ છે તે બધા જુદી જુદી જાતિઓના પરિચાયક છે.

એ વસ્તુ ચોકકસ છે કે વણઝારા જાતિ ૨૧ રાજયોમાં ફેલાયેલી છે અને તે રાજ્યોમાં જુદા જુદા ૨૭ નામોનો ઉપયોગ થાય છે. કેટલાંક નામ પૂરા સમુદાય અને કેટલાંક નામ પેટા જ સૂચવે છે. પરિણામ સ્વરૂપ આજે ચાર રાજયોમાં આદિવાસી જાતિમાં ૨ રાજયોમાં આદિવાસી જાતિમાં અથવા વિચરતી જાતિમાં અથવા પછાત જાતિમાં અને પાંચ રાજયોમાં પછાત જાતિ ગણવામાં આવે છે. એમનામાં આદિવાસીપણું છે કે નહીં તે વિષે મતૈકય નથી. વળી એ સામા વિકાસની દિશામાં ઘણા આગળ વધી ગયા છે. એમનામાં વ્યવસાયિક વિભિન્નતા ઘણી જોવા મળે છે. બીજી બિનઆદિવાસી વણઝારેત્તર જાતિઓથી અતિપ્રભાવિત છે. એટલે આદિવાસીમાં એમને ન ગણીએ તો કોઈ સમાજશાસ્ત્રીય કે વાસ્તવિક ભૂલ ન થાય. એટલે અનુસૂચિત જનજાતિની યાદીમાં મૂકવાની ભલામણ અહીં કરી નથી.

તારણો-ઉકેલ :

વણઝારા જાતિને પણ એમની ગરીબી અને અન્ય સમસ્યાઓ જોતા એમને પણ મદદ મળવી જ અભ્યાસ ઉપરથી સ્પષ્ટ ખ્યાલ આવે છે કે વણઝારા જાતિનો પણ મૂળ વ્યવસાય બંધ થઈ ગયો હાલમાં તેઓનો વ્યવસાય માટીકામનો બની ગયો છે. હાલમાં નદી કિનારેથી માટી વહનનું કામ કરે છે. કેટલીક જગ્યાએ કાંકરો અને પથ્થર વહનનું કામ કરે છે. ગુજરાતમાં પોઠીયા બદલે ગધેડાનો ઉપયોગ કરતા થયા છે.

તેમનો વસવાટ ગામના પાદર, શહેર હોય તો ફૂટપાથ કે રોડની ખુલ્લી જગ્યાએ જોવામાં આવે છે. તેમનાં પોતાનાં પાકાં કે કાચાં મકાનો મકાન માટેની માલિકીની જમીન નથી. હાલમાં હેરાફેરી બંધ થઈ ગઈ હોવાથી તેમજ વ્યવસાય બદલાયેલો હોવાથી જયાં કામ મળે ત્યાં સ્થાયી થવાના પ્રયત્નો કરે છે. વસવાટનો પ્રશ્ન એક કોયડારૂપ થઈ ગયો છે. ગુજરાતમાં વસવાટ કરતી વણઝારા જાતિ મારવાડ સાથે સીધે સીધી સંકળાયેલી છે. તેમની આગવી સંસ્કૃતિ, તેમની બોલી, તેમનો પહેરવેશ, તેમનાં ઘરેણાં આ બધું તેમણે ટકાવી રાખ્યું છે.

એક વખતની સમાજમાં પ્રતિષ્ઠાવાળી અને વેપારી જાતિ તરીકે નામના મેળવેલી. તેનાં સમાજોપયોગી કાર્યો આજે પણ તેની શાખરૂપે કયાંક કયાંક વાવ, તળાવો જોવા મળે છે. આ જાતિ આત્મગૌરવવાળી શ્રમજીવી જાતિ હોવાથી સ્વતંત્ર ધંધામાં આગળ વધી શકે તેમ છે. વળી તેમનામાં શિક્ષણનું પ્રમાણ નહીંવત છે તેનું પણ એજ કારણ છે. તેમનું જીવન અસ્થાઈ છે

સૂચનો :

૧. વસવાટ :

વણઝારા મૂળ વિચરતી જાતિ તરીકે એક જગ્યાએથી બીજી જગ્યાએ ફરતી હતી. વેપાર કરતી જાતિ હોવાથી સમાજમાં પ્રતિષ્ઠા વધારે હતી. પણ કાયમી પોતાની જમીન કે મકાનો નહોતાં. ગામ કે નગરની ખુલ્લી જમીનમાં પડાવ નાંખવામાં આવતો તેથી ગામ કે નગરમાં નવીન વસ્તુનું બજાર મળતું. વેપારી વેપાર બંધ થયો છતાં તેમના ખર્ચાઓમાં કોઇપણ પ્રકારે ઓછા થતા થયા નહીં. સરવાળે ઘર, જમીન વિહોણા બની ગયા.

રોજગારી :

શ્રમજીવી જાતિ છે. રેતી, કાંકરો મળે ત્યાં સુધી કામ કરે છે. ન મળે ત્યારે બેકાર બેસવું પડે છે. ચોમાસામાં રેતી ઉદ્યોગ સદંતર બંધ થઇ જાય છે તેથી તેમને કાયમી કામ મળે તેવો ધંધો કરી શકે તે માટે લોન, સબસીડી આપવી જોઇએ. કેટલાંક કુટુંબો બકરાં પાળવા લાગ્યા છે તો તેમને બકરા યુનિટ પણ આપવુ જોઇએ. સ્ત્રીઓ ભરત ગુંથણ સારું કરી શકે તેમ છે.

શિક્ષણ :

જે જાતિ સ્થાયી વસવાટ ન કરતી હોય અને ધંધો મજૂરીનો હોય ત્યાં શિક્ષણનું પ્રમાણ ઓછું હોય તે સ્વાભાવિક છે. શહેરી વિસ્તારમાં વસવાટ કરતા યુવાનોમાં શિક્ષણ વધવા લાગ્યું છે પણ પ્રમાણ નહીંવત છે. આમ શિક્ષણનો લાભ ન મેળવી શકે તેનું કારણ તેમનો વ્યવસાય છે. ધંધો પણ શ્રમજીવીનો જેમાં આખા કુટુંબના દરેક સભ્યો રોકાયેલ હોય છે. તેમનામાં શિક્ષણનું પ્રમાણ વધારવું હોય તો સ્થાયી વસવાટ અને કામ માટે યોગ્ય મદદ મળે તો શિક્ષણ ચોક્કસ વધશે અને શિક્ષણ વધતાં સમગ્ર જાતિનો વિકાસ ઝડપી બનશે તે નિર્વિવાદ છે.

...

અહેવાલ લેખન : જસવંત ના. રાઠોડ
સારદોહન : જસવંત ના. રાઠોડ

ગિહારા આદિવાસી અખિલ ભારતીય સુધાર સમિતિ, આગ્રા વ્દારા ગિહારા જાતિ જે દરેક રાજ્યમાં વત્તા ઓછા પ્રમાણમાં જોવા મળે છે. સુધાર સમિતિએ પોતાની જાતિને દરેક રાજયમાં આદિવાસી ગણી તેમને અન્ય પછાત આદિવાસીઓને જે લાભ સરકાર તરફથી મળે છે તે ગિહારા જાતિને મળવો જોઇએ તેવો પત્ર ભારત સરકારના ગૃહ મંત્રાલયને મળ્યો હતો. તેના અનુસંધાનમાં ગુજરાતમાં વસતી ગિહારા જાતિની પણ તપાસ કરી અહેવાલ માગ્યો. જેની તપાસ આદિવાસી સંશોધન કેન્દ્રને સોંપવામાં આવી. તેનો ટૂંકો અહેવાલ સરકારશ્રીને સોંપવામાં આવ્યો.

**પૂર્વભૂમિકા :**

ગિહારા ગુજરાતમાં ગિહારા કુચબંધિયાના નામે ઓળખાય છે. તેમનો મુખ્ય વ્યવસાય સુતરીના વસ્ટમાંથી દોરડાં બનાવવાનો છે અને કાનમાંથી મેલ કાઢવાનો છે. મૂળે તો આ જાતિ વિચરતી જાતિ છે. ગિહારા કુચબંધિયા જાતિનો ચોક્કસ ઇતિહાસ મળતો નથી પણ તેમના વડીલના જણાવ્યા પ્રમાણે તેઓ રાજકુટુંબોની પાલખી ઉપાડવાનું કામ કરતા હતા. તેમને રાજય તરફથી તેમની સેવા બદલ મહેનતાણું મળતું. આમ તેઓ રાજયાશ્રય ભોગવતા હતા. તેમના જણાવ્યા પ્રમાણે તે સમયે તેઓ રાજભોઇના નામથી ઓળખાતા હતા. રાજભોઇની માફક બીજા જે રાજયમાં કામ કરતા તેમના કામ પ્રમાણે તેમને માછીભોઇ, માલીભોઇ વગેરે કહેતા.

કાળક્રમે આ પ્રથાનો અંત આવ્યો. આ સમય દરમ્યાન તેઓ એક જગ્યાએથી બીજી જગ્યાએ વસવાટ કરવા ગયા અને વ્યવસાયની શોધમાં આમથી તેમ ભટકવા લાગ્યા. જયાં કામ મળ્યું ત્યાં વસવાટ કરી જીવનનિર્વાહ ચલાવવા લાગ્યા. આવાં અનેક જૂથો દેશમાં ભટકવા લાગ્યાં. તેઓ જુદા જુદા પ વિસ્તાર પ્રમાણે જુદી જુદી જગ્યાએ અલગ અલગ નામથી પણ ઓળખાવા લાગ્યા. કેટલાક રાજભોઇના નામથી, કેટલાક દોરડાવાળાના નામથી, કેટલાક ગિહારાના નામથી ઓળખાયા. દોરડાં બનાવવામાં ભીંડીના રેસાનો ઉપયોગ કરતા હતા. ભીંડીના રેસાને કુચના નામથી ઓળખે છે. આમ તેઓ કુચ બાંધવાનું કામ કરતા હતા તે ઉપરથી ગિહારા કુચબંધિયાના નામથી ઓળખાવા લાગ્યા હશે.

ગિહારા શબ્દ કયાંથી આવ્યો તે મળતું નથી. પણ ટ્રાઇબ્સ એન્ડ કાસ્ટ વોલ્યુમમાં ઘો પકડતા અને ખાતા હોવાથી ગિહારા કહેવાયા હશે એમ ઉલ્લેખ છે. પણ તેઓ વર્તમાન સંજોગોમાં ઘો પકડતા નથી અને ખાતા પણ નથી તેમજ તેમના વડવાઓ પણ આમ કરતા તેવો ઉલ્લેખ મળતો નથી.

કંજર સાથે છિહારાનો ઉલ્લેખ થયેલો હોવાથી કંજરો કે અન્ય છારા જાતિ જેનો ઉલ્લેખ ગુનેગાર જાતિમાં કરવામાં આવે છે. તેઓ કદાચ ઘો પકડતા હોય અને તેના કારણે પણ છિહારા શબ્દ લખાવેલો હોય તેનો આ જૂથમાં સમાવેશ ન થયો હોય પણ વિચરતી જાતિ હોવાને કારણે તેની ગણના પણ ગુનેગાર જાતિમાં કરવામાં આવી હોય. પણ આ જાતિ ગુનેગાર જાતિ નથી તેવો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

છિહારા જાતિનાં ઘણાંબધાં જૂથો જોવા મળે છે. પ્રદેશ અને વ્યવસાય પ્રમાણે નામ સાથે છિહારા શબ્દ લગાડી ઓળખાવે છે. આમાં કેટલાક સાથે સામાજિક સંબંધો છે અને કેટલાક સાથે નથી. તેઓ પણ પોતે છિહારાના નામે જ ઓળખાવા લાગ્યા.

૧. મારવાડી છિહારા ૨. હલ્લારી છિહારા ૩. મેવાડી છિહારા ૪. હલોડી છિહારા
૫. દખની છિહારા ૬. ગુજરાતી છિહારા

મારવાડી છિહારા ઘંટી ટાંકવાનું કામ કરે છે તથા નવી ઘંટી વેચવાનું કામ કરે છે. મારવાડી છિહારા સાથે ગુજરાતી છિહારાનો રોટી બેટી વ્યવહાર નથી.

હલ્લારી છિહારા ભીખ માગવાનું કામ કરે છે. સાથે સાથે ઘંટી ટાંકવાનો ધંધો પણ કરે છે. આમની સાથે છિહારા કુચબંધિયાનો સામાજિક સંબંધ નથી. આ જાતિનાં ગોત્ર એક જોવા મળે છે પણ વ્યવહાર નથી. મેવાડી છિહારા, હલોડી છિહારા, દખની છિહારા સાથે ગુજરાતી છિહારાના સામાજિક સંબંધો છે.

વસ્તી અને વ્યવસાય :

રગ્ગુ છિહારા જે છિહારા જાતિના વડા છે. તેમનું સરનામું સુરત રેલવે સ્ટેશન આપવામાં આવેલું. હાલમાં તેઓ અમદાવાદ ખાતે રહે છે. રગ્ગૂને રુગજીના નામથી ઓળખે છે. તેમના જણાવ્યા પ્રમાણે ૯૦ વર્ષ પહેલાં રગ્ગૂ કલકત્તામાં કાનમાંથી મેલ કાઢવાનું શીખેલો. ત્યારથી તેઓ કાનમાંથી મેલ કાઢવાનું કામ કરે છે.

છિહારા જાતિની વસ્તી ગુજરાતમાં સુરત, અમદાવાદ, માંડવી, વડોદરા વ જેવા શહ શહેરોમાં રેલવે. સ્ટેશને. બસ સ્ટેન્ડ કે જાહેર બાગ બગીચા ખાતે અ ખભે ચામડાની જોરી ભેળવી જોળીની બહાર કાનમાંથી મેલ કાઢવાના ચીપીયા, હાથમાં રુ વીંટેલી સળી અને ખભે રંગીન કે સફેદ ટૂકડો વીંટાળેલ હોય છે. મોઢામાં પાન કે મસાલા ખાવાને કારણે મૂળમાંથી જરા કાળા પડી ગયેલા દાંતનો ઉપરનો ભાગ ઘણો સફેદ હદ હોય. પેન્ટ, બુસર્ટ કે લેંઘો અને લાંબી બોયનું

થોડુંક નીચું ખમીશ પહેરવું હોય છે. શરીર પાતળા, ઊંચા અને શસક્ત હોય છે. કુટુંબના અન્ય સભ્યો, સ્ત્રીઓ, બાળકો અને વૃધ્ધો પોતાના છાપરામાં કે જયાં રહેતા હોય ત્યાં સુતળીના વસ્ટમાંથી દોરડાં બનાવવાનો વ્યવસાય કરે છે.

અમદાવાદમાં ૨૫થી ૩૦ કુટુંબો વસવાટ કરે છે. તેમની કુલ વસ્તી ૨૫૦ની છે. અમદાવાદમાં વસતા બિહારા જાતિનાં કુટુંબો બિહારા કુચબંધિયાના નામથી ઓળખાય છે. બિહારા આદિવાસી અખિલ ભારતીય સુધાર સમિતિના મૂળ પત્રમાં ઉલ્લેખ કર્યા પ્રમાણે ઉત્તર પ્રદેશમાં વસતી બિહારા જાતિ માટે કંજર શબ્દનો ઉપયોગ થાય છે. તેથી તેમણે કંજર શબ્દ દૂર કરી ને બિહારા શબ્દનો ઉપયોગ કરવો તેવી માગણી કરવામાં આવેલી છે. બિહારા જ કુચબંધિયા માસ અને દારૂનો ઉપયોગ છૂટથી કરતા હોય છે. બકરાનું માસ અને મરઘીનાં ઈંડાંનો ઉપયોગ પણ કરતા હોય છે. મચ્છી પણ ખાય છે. કંજર જાતિના લોકો મચ્છીનો ઉપયોગ કરતા નથી તેમજ નદીનું વહેતું પાણી પીતા નથી. પણ બિહારા કુચબંધિયા નદીનું વહેતું પાણી પીએ છે. આ ઉપરાંત કંજરના અને બિહારા કુચબંધિયાનાં ગોત્રો પણ સરખાં મળતાં નથી. તેમજ આ જાતિ કોઈ ક્રિમિનલ હોય તેવુ પણ નથી. આ જાતિમાં માનવ મુનૈયા નામનો કોઇ આગેવાન થઇ ગયા તેમને તેઓ પોતાના પૂર્વજ તરીકે ઓળખે છે.

સામાજિક :

બિહારા જાતિમાં પિતૃ સમાજ વ્યવસ્થા છે. સમાન કુળમાં લગ્ન થઇ શકતાં નથી પણ બીજા કુળમાં લગ્ન થઇ શકે છે. બિહારા જાતિમાં સોદા, બસા, ગોયર, મનૈયા, શકત વગેરે કુળો જોવા મળે છે.

લગ્ન :

લગ્નની ઉંમર ૧૬ વર્ષ પછી ગણવામાં આવે છે. પહેલાં બાળલગ્ન થતાં. લગ્ન મા બાપ નક્કી કરે છે. સગાઈ કરવા કુટુંબના સભ્યો સાથે જઈ જાય છે. લગ્નમાં બેથી ત્રણ હજાર સુધી ખર્ચ કરવામાં આવે છે. ૧૬૦૦ રૂપિયા દાપું આપવું પડે છે. દિયરવટુ તેમજ સાળીવટુ બંને થઇ શકે છે.

જન્મ :

જાતિની દાયણ પાસે પ્રસુતિ કરાવવામાં આવે છે. સવા માસ સુધી ઘરમાં કામકાજ કરી શકાતુ નથી. પાંચ દિવસે વિધિ કરવામાં આવે છે. તેને પાંચ દિવસની ખીચડીના નામે ઓળખાય છે. આ વિધિ બાદ બાળકનુ નામ પાડવામાં આવે છે. નામ માસી કે ફોઇ પાડે છે.

મૃત્યુ :

બાળવાનો અને દાટવાનો બંને રિવાજ છે. નાનાં બાળકો અને કુંવારાં છોકરા છોકરીને દાટવામાં આવે છે. લગ્ન થયેલાને બાળવામાં આવે છે. ત્રણ દિવસે ચોખા, દહીં અને જગલી વહેંચવામાં આવે છે. આ પંચલોકો ખાય. સાત દિવસે સાતવો કરે છે. તે દિવસે સંબંધીઓને બોલાવવામાં આવે છે. તે દિવસે બકરાનું માંસ, દારૂ, રોટલા કરવામાં આવે છે. ત્યારપછી શોક પાળવમાં આવતો નથી.

જાતિપંચ :

જાતિપંચ વડીલોનું બનેલું હોય છે. તેમના અનુભવ પ્રમાણે સમાજમાં કોઈ ગુનો બને તો જાતિપંચ તેનો નિકાલ કરે છે. કોર્ટ કચેરી સુધી જવા દેવામાં આવતા નથી.

સૂચનો :

ગિહારા કુથર્બંધિયાના અભ્યાસ પરથી ચોક્કસ કહી શકાય કે એ આદિવાસી જાતિ નથી. વિચરતી જાતિ છે. ભારતના ઘણાં બધાં રાજ્યોમાં વત્તા ઓછા પ્રમાણમાં તેમજ જુદા જુદા નામે ઓળખાતા હોય તે પણ શક્ય છે. આમ છતાં વર્તમાન પરિસ્થિતિ જોતાં જેઓ જે તે રાજ્યમાં સ્થાયી વસવાટ કરતા હોય કે પોતાનો સ્વતંત્ર વ્યવસાય કરી સ્થાયી થયા હોય તેમને પણ અન્ય પછાત જાતિઓની જેમ મદદ કરવી જોઈએ. તેમાં અન્યાય થવો જોઈએ નહીં. તેમને આદિવાસી ગણવામાં ઘણી બધી મુશ્કેલીઓ આવે છે. એટલે એમને અનુસૂચિત જનજાતિમાં લેવાની ભલામણ કરતા નથી પણ પછાત જાતિ તરીકે મદદ કરવામાં વાંધો આવશે નહીં.

...

અહેવાલ લેખન : ડૉ. ઠા. ભા. નાયક
શ્રી ગૌરીશ પંડયા
શ્રી જશવંત ના. રાઠોડ
સારદોહન : શ્રી જશવંત ના. રાઠોડ

ગુજરાતમાં ખેતમજૂરોનું પ્રમાણ દિનપ્રતિદિન વધતું જાય છે. એક યા બીજાં કારણોસર આદિવાસીઓની જમીનમાલિકી ઓછી થતી જાય છે અને ખેતમજૂરોનું પ્રમાણ વધતું જાય છે. તેમાં ય ખાસ કરીને તો આ આદિવાસી ખેતમજૂરોને તો પોતાનું ગામ, પોતાનો વિસ્તાર છોડીને અન્ય વિસ્તારોમાં ખેતમજૂરી માટે જવું પડે છે. જયાં તેઓ અનેક સમસ્યાઓથી પીડાય છે. તેમના પ્રશ્નો દિનપ્રતિદિન વધતા જાય છે. આ અભ્યાસને અગ્રિમતા આપી કેન્દ્ર દ્વારા ગુજરાતના અનુસૂચિત જનજાતિના વિસ્તારોના આઠ જિલ્લાઓમાંથી વધુ વસ્તીવાળા આઠ તાલુકાનાં આઠ ગામો પસંદ કરી અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેમાં દરેક ગામમાંથી ૨૫ પ્રશ્નાવલીઓ જમીનવિહોણા ખેતમજૂરોની અને ૨૫ પ્રશ્નાવલીઓ નાના ખેડૂતોની (૫ એકર કરતાં ઓછી જમીન ધરાવતા) પસંદ કરી ભરવામાં આવી હતી. તે ઉપરાંત આ કુટુંબોની મુલાકાત દ્વારા કિસ્સા અભ્યાસ દ્વારા તેમજ નિરીક્ષણ દ્વારા અને અન્ય માહિતી એકત્રિત કરવામાં આવી હતી. જેથી અનેક સમસ્યાઓનો ભોગ બનેલા ખેતમજૂરોના પ્રશ્નોમાં કંઈક દિશાસૂચન આપી શકાય.

## વિસ્તાર, વસ્તી અને ઐતિહાસિક પૃષ્ઠભૂમિ :

ભારત ખેતીપ્રધાન દેશ છે. ભારતના બહુજન સમાજનો મુખ્ય વ્યવસાય ખેતી છે. ખેતીના ઉત્પાદનનું મુખ્ય અંગ માનવશકિત છે. વિકસીત દેશોની તુલનામાં ભારતની ખેતી યંત્રો કરતાં માનવ પર વધુ આધારિત છે. તેમાંય ભારતભરના આદિવાસી વિસ્તારોની જમીન ડુંગરાળ અને જંગલથી છવાયેલી છે. જેને પરિણામે યંત્રોના ઉપયોગની શકયતાઓ બહુ ઓછી છે. આ ઉપરાંત કુટુંબદીઠ જમીનનું પ્રમાણ પાંચ એકરથી ઓછું છે. વારસાગત જમીનોમાં ભાગલા પડતા જતા હોવાથી દિવસે દિવસે જમીનનો ટુકડો નાનો થતો જાય છે. તેમજ જમીનવિહોણા બનતાં કુટુંબોની સંખ્યા પણ દિનપ્રતિદિન વધતી જાય છે. જેને પરિણામે ખેતમજૂરી તરફ આદિવાસીઓનો મોટો વર્ગ ઘસડાતો જાય છે.

## વિસ્તાર પસંદગી :

ગુજરાતમાં અનુસૂચિત વિસ્તારોમાં ૮ જિલ્લાઓ સઘન આદિવાસી વસ્તી ધરાવે છે. આ આઠ જિલ્લાના ૩૨ તાલુકાઓમાં ૫૦થી ૯૦% સુધીની આદિવાસી વસ્તી ધરાવે છે. આ વિસ્તારોમાંથી

૬૨૬ જિલ્લામાં વધુમાં વધુ આદિવાસી વસ્તી ધરાવતા તાલુકાઓમાંથી એક એક તાલુકો પસંદ કરવામાં આવ્યો છે અને તે તાલુકાઓમાં પણ વધુમાં વધુ આદિવાસી વસ્તી ધરાવતાં ગામોની પસંદગી આ અભ્યાસમાં કરવામાં આવી હતી.

પસંદ કરવામાં આવેલ ગામો :

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ |
|---|---|---|
| ૧. | દાંતા | પીપળાવાળી વાવ |
| ૨. | વિજયનગર | કણાદર |
| ૩. | ઝાલોદ | લીંબડી |
| ૪. | છોટાઉદેપુર | કનલવા |
| ૫. | ડેડિયાપાડા | ચીકદા |
| ૬. | ઉચ્છલ | ભડભુજા |
| ૭. | ધરમપુર | બીલપુડી |
| ૮. | ડાંગ | સુબીર |

ઉપરોક્ત આઠ ગામોનો વિસ્તાર, વસ્તી, ભૌગોલિક પૃષ્ઠભૂમિ, જમીનની જાત, જમીનના પ્રકાર, વાવેતર પધ્ધતિ, ખેડૂતો, તેમ ખેતમજૂરોનો ગામવાર પરિચય આપવામાં આવ્યો છે.

ખેતમજૂરો :

૧૯૮૧ની વસ્તી ગણતરી મુજબ રાજયની કુલ ૩૩૯૬૦૯૦૫ વસ્તીમાં ખેતમજૂરોની સંખ્યા ૨૫૧૦૭૮૯ છે. તેમાં ૧૫૯૧૫૫૫ પુરુષો અને ૯૧૯૨૩૪ સ્ત્રીઓનો સમાવેશ થાય છે. આમાં ખેતમજૂરોની સૌથી વધુ વસ્તીમાં સુરત જિલ્લામાં છે. તેની સંખ્યા ૨૮૧૭૨૫ છે. ત્યારબાદ બીજા અને ત્રીજા ક્રમે વડોદરા અને ખેડા જિલ્લાઓ છે. જેમાં ૨૬૨૮૭૯ અને ૨૪૯૬૮૦ ખેતમજૂરો છે. ખેતમજૂરોની સૌથી ઓછી સંખ્યા ૮૦૨૩ની ડાંગ જિલ્લામાં છે. જયારે ગાંધીનગર જિલ્લો ૨૧૭૭૫ ખેતમજૂરોની સંખ્યા ધરાવે છે. રાજયમાં ૧૮૪ તાલુકાઓમાંથી લગભગ અડધા એટલે કે ૯૧ તાલુકાઓમાં મજૂરોની સંખ્યા ૧૦૦૦૦થી વધુ જણાય છે.

રાજયમાં ખેતી મુખ્યત્વે ચોમાસા પર આધારિત છે તેથી આખું વર્ષ ખેતમજૂરોને રોજગારી મળતી નથી. મુખ્યત્વે હરિજન, આદિવાસી તથા બીજી શૈક્ષણિક રીતે પછાત જાતિઓમાં ખેતમજૂરોની સંખ્યા વિશેષ છે. આપણો અભ્યાસ આદિવાસી ખેતમજૂરોનો હોવાથી તેના ઉપર વિગતે વિચારીશું.

ગુજરાતમાં ૧૯૮૧ની વસ્તી ગણતરી મુજબ ૩૨.૪૦% કામ કરતો વર્ગ છે. જેમાંથી ખેતી પર આધારિત ૩૭.૭૬% અને ખેતમજૂરી પર આધારિત ૨૨.૮૨% વર્ગ છે. જેમાં મોટા ભાગનો વર્ગ આદિવાસી અને હરિજનોનો આવે છે.

ગુજરાતમાં અનુસૂચિત વિસ્તારોના ૧૯૮૧ના ખેતમજૂરોના આંકડા જોવાથી એમની સંખ્યા વિષે સ્પષ્ટ ખ્યાલ આવી શકે છે.

આદિવાસી વિસ્તારોમાં ખેતમજૂરોની સંખ્યા :

| ક્રમ | જિલ્લો | ટકાવારી |
|---|---|---|
| ૧. | બનાસકાંઠા | ૧૭.૧૫ |
| ૨. | સાબરકાંઠા | ૨૨.૦૨ |
| ૩. | પંચમહાલ | ૧૧.૨૫ |
| ૪. | વડોદરા | ૩૧.૦૪ |
| ૫. | ભરૂચ | ૪૧.૨૯ |
| ૬. | સુરત | ૨૮.૩૧ |
| ૭. | વલસાડ | ૨૫.૩૮ |
| ૮. | ડાંગ | ૧૭.૭૫ |

ગુજરાતમાં ખેતમજૂરોના બે ભાગ છે (પ્રકાર) છે. એક ખેતીની થોડી ઘણી જમીન ધરાવતા અને ખેતીની બિલકુલ જમીન ન ધરાવતા હોય તેવા. તેઓનો મુખ્ય વ્યવસાય ખેતીની મોસમમાં ખેતમજૂરીનો છે. ખેતમજૂરીમાં પુરુષો, સ્ત્રીઓ અને મોટી ઉંમરનાં બાળકો જોડાય છે. ૧૪ વર્ષથી નાનાં બાળકો પણ ભણવાનું છોડીને માતા પિતાની સાથે મજૂરી માટે પોતાના વિસ્તારમાં અને અન્ય વિસ્તારોમાં જાય છે.

ખેતમજૂરી કેવા પ્રકારની

તપાસેલ ૪૦૦ કુટુંબોમાં ૨૦૭ કુટુંબો દરેક પ્રકારનું ખેતીનું કામ કરતાં હતાં. ત્યારપછી નિંદવાનું, વીણવાનું કામ કરતા ૧૫૨ કુટુંબો અને ૧૩૨ કુટુંબો કાપણીનું કામ કરતા હતાં. આમ ખેતમજૂરોને કોઈ એક ચોક્કસ કામ કરવાનું હોતું નથી. પણ ખેતીની મોસમ પ્રમાણે જે પ્રકારનું કામ મળે તે પ્રકારનું કરવાનું હોય છે. આમ હળ ચલાવવાથી માંડીને નિંદવાનું, વીણવાનું, કોષ હાંકવાનું વગેરે કામ કરતા હોય છે.

કામના કલાક :

જિલ્લાવાર પરિસ્થિતિ જોતાં બનાસકાંઠામાં ૮થી ૯ કલાક કામ કરતાં ૨૭ કુટુંબો જે ૫૪% થાય છે. ૧૦ કલાક કામ કરતાં ૧૭ કુટુંબો જે ૩૪% અને ૧૦થી ઉપર કામ કરતાં ૧૦% જોવા મળ્યાં હતાં. બાકીના જિલ્લાઓમાં ૧૦ કલાક કામ કરતા ખેતમજૂરો પંચમહાલમાં ૨ % અને વલસાડમાં ૬% જોવા મળ્યાં હતાં. જેનું પ્રમાણ નહીંવત કહી શકાય. આમ ખેતમજૂરીના કામના કલાકોમાં ચોક્કસ ઘટાડો થયેલો જોવા મળે છે. આમ આ પ્રકારમાં ક્યારે કામ શરૂ કરે છે અને ક્યારે કામ બંધ કરે છે અને વચ્ચે કેટલો સમય આરામ મળે છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે.

વર્ષ દરમ્યાન મજૂરી :

તપાસેલ ૪૦૦ કુટુંબોને વર્ષ દરમ્યાન કુટલો સમય ખેતી મજૂરી મળે છે તે દર્શાવતો કોઠો જોતાં ૧૮૪ કુટુંબો એવાં હતાં જેમને વર્ષ દરમ્યાન ૬ માસ, ૧૦૪ કુટુંબોને ચાર માસ, ૨૩ કુટુંબોને ૩ માસ, જ્યારે ૮૭ કુટુંબો એવાં જોવા મળ્યાં હતા જેમને ૭થી ૮ માસ મજૂરી મળતી હોય. આમ દરેક વિસ્તારમાં સરેરાશ સરેરાશ ૬ માસ ખેતમજૂરી મળે છે. બાકીનો સમય બેકાર કે અન્ય મજૂરી કરવા જવું પડે છે.

ખેતમજૂરીના દરો :

આદિવાસી વિસ્તારોમાં ખેતમજૂરીના દરો વિસ્તાર પ્રમાણે જુદા જુદા આપવામાં આવે છે. કેટલીક જગ્યાએ અનાજ આપવામાં આવે છે. કોઇ પણ આદિવાસી વિસ્તારમાં ૫થી ૬ રૂપિયા સુધી જ મજૂરી આપવામાં આવે છે જ્યારે કેટલીક જગ્યાએ તેથી પણ ઓછી મજૂરી મળે છે. કેટલીક જગ્યાએ ભાગે ખેતી કરે છે. તેમાં ખેતમજૂર જમીન માલિકની જમીન ખેડવા રાખે તેમાં પાંચમો ભાગ આપવામાં આવે છે. જ્યારે જંગલ પેદાશો મળી રહે તેવા વિસ્તારોમાં આ કુટુંબો જંગલ પેદાશો પણ એકઠી કરે છે. આ ઉપરાંત ગામમાં સાથી તરીકે રહેતો વાર્ષિક ૫૦૦થી ૬૦૦ રૂપિયા સુધી મજૂરી આપવામાં આવે છે અને એક ટંક ખાવાનું અને વર્ષમાં બે જોડ કપડાં આપવામાં આવે છે.

ખેતમજૂરોના ૧૦થી ૧૨ વર્ષનાં બાળકો ઢોર ચરાવવાનું કામ કરે છે. કેટલાક છોકરા જમીન માલિકના ઘરે ઢોર ચરાવવા માટે રહે છે તેને માસિક ૫થી ૧૦ રૂપિયા આપવામાં આવે છે. કેટલાક ફળિયાનાં ઢોર ચરાવવા જાય છે તેમને ઘરદીઠ ખાવા માટે રોટલો, ભડકું, ભાત વગેરે જે રંધેલ ખોરાક હોય તે આપે. ઢોરદીઠ એકથી બે રૂપિયા વાર્ષિક આપવામાં આવે છે.

બહારગામ ખેતમજૂરી :

પોતાના ગામ કે ગામની આજુબાજુ ચોમાસાના દિવસો દરમ્યાન મજૂરી મળે છે. ત્યારબાદ મજૂરી કરવા માટે બહારગામ જવું પડે છે. ગામ કે કુટુંબના ૮થી ૧૦ માણસો સાથે જાય છે. કેટ કુટુંબ સાથે જાય છે. દર વર્ષે જયાં મજૂરી મળતી હોય ત્યાં જાય છે. પોતાના જિલ્લાના જ વિસ્તારમાં જયાં મળે ત્યાં મજૂરીએ જાય છે. ત્યાં પણ ન મળે તો દૂર સુધી જાય છે. વડોદરા વડોદરા, છોટાઉદેપુર, પંચમહાલના ખેતમજૂરો ખેડા, અમદાવાદ, મહેસાણા, સૌરાષ્ટ્ર સુધીના જિલ્લાઓમાં પણ જાય છે. તેવી જ રીતે સુરત, વલસાડ, ભરૂચ જિલ્લાઓમાં વાડીઓ તેમજ શેરડીનાં ખેતરોમાં મજૂરી માટે જાય છે. વિસ્તાર પ્રમાણે ખેતમજૂરીના જુદા જુદા દરો આપવામાં આવે છે. મોટે ભાગે દર વર્ષે જયાં જતાં હોય ત્યાં વધારે જાય છે. ખેતમજૂરી મજૂરીના દરો ઓછા મળતા હોવાથી અને રોડકામ, બાંધકામ, ખોદવાનું કામ વગેરે કામોમાં વધારે કામ કરવાની ઈચ્છા દર્શાવે છે. કેટલીક જગ્યાએ (૧) સાથી (હેરૂ) (૨) પગાર ઉપર (૩) માસિક ઉપર (૪) ઉચ્ચક કામ ઉપર (૫) વ્યક્તિગત કામ ઉપર વગેરે પ્રકારની મજૂરી બહારગામ કરે છે. દક્ષિણ ગુજરાતમાં ઘાસ કાપવાનું કામ, પાળા બાંધવાનું કામ, કૂવા ખોદવાનું, ચાકર તરીકે, લાકડાની ભારી વેચવાનું, જંગલમજૂરીનું કામ વગેરે કામો ખેતમજૂરો કરે છે.

અંતર રાજય ખેતમજૂરી :

ધુલીયા જિલ્લાના તડવી જાતિના કેટલાક લોકો સુરત, બારડોલી, મઢી વગેરે વિસ્તારોમ શેરડીની મજૂરી કરવા આવે છે. ગુજરાતના ખેતમજૂરો ત્યાં જતા નથી. પણ ધરમપુર તાલુકાના કપરાડા વિસ્તારના ગામો જે મહારાષ્ટ્રની સરહદ ઉપર છે ત્યાંના ખેતમજૂરો નાશીક દ્રાક્ષની વાડીઓમાં તેમજ શેરડીની વાડીઓમાં કામ કરવા જાય છે.

આર્થિક જીવન :

ગુજરાતમાં અનુસૂચિત જાતિઓનું પ્રમાણ કુલ વસ્તીમાં ૧૪% છે. ગુજરાતની અનુસૂચિત જાતિઓમાં કુલ કામ કરનારાઓમાં ૪૮.૩૪% ખેતી કરે છે અને ૪૨.૩૩% ખેતમજૂરીમાં રોકાયેલા છે. એટલે કે ૯૦.૬૭% અનુસૂચિત જાતિના લોકોનો સંબંધ ખેતી અને ખેતમજૂરી સાથે છે. જે વર્ગ ખેતી કરે છે તેમાંય ૭૦ % લોકો ૫ એકર કરતાં ઓછી જમીન ધરાવે છે. તે જમીન પણ ડુંગરાળ, ખાડા ટેકળાવાળી, સતત વરસાદથી થતું ધોવાણ, પરંપરાગત ખેતીની પધ્ધતિઓ અને બિયાં તેમજ સિંચાઈ અને ખેરાણનો અભાવ. આ અનેક કારણોસર ખેતીની જમીન પણ પૂરું પોષણ આપી શકતી નથી. ખેતીની જમીન ધરાવનાર કુટુંબોએ પણ ખેતમજૂરી તરફ વળવું પડે છે.

ખેતી અને ખેતમજૂરી કરતા અનુસૂચિત જનજાતિના સભ્યોનું વર્ગીકરણ (ટકામાં)

| વર્ષ | ખેતી | ખેતમજૂરી | કુલ |
|---|---|---|---|
| ૧૯૬૧ | ૫૯.૧૮ | ૩૧.૦૯ | ૯૦.૨૭ |
| ૧૯૭૧ | ૪૮.૩૪ | ૪૨.૩૯ | ૯૦.૬૭ |

ઉપરોકત આંકડા જોતાં સ્પષ્ટ થાય છે કે દિનપ્રતિદિન જમીન ધારણ કરનાર વર્ગ ઓછો થતો જાય છે અને ખેતમજૂરી કરતો વર્ગ વધતો જાય છે.

વ્યવસાય :

ખેતમજૂરી સતત બારેમાસ મળતી નથી. જેને પરિણામે પૂરક રોજી મેળવવા અથાગ પ્રયત્નો કરે છે. જેમાં મુખ્યત્વે

1. ખેતી
2. ખેતી અને ખેતમજૂરી
3. ખેતમજૂરી
4. બાંધકામ મજૂરી
5. જંગલ મજૂરી
6. નોકરી
7. અન્ય ધંધાઓ

અભ્યાસ માટે પસંદ કરેલ કુટુંબોમાં ૫૦ ટકા કુટુંબો એવાં પસંદ કર્યા હતાં જે જમીન ધરાવતાં હોય પણ ૫ એકર કરતાં ઓછી કે જેઓનો આધાર પણ જમીન કરતાં ખેતમજૂરી વધારે છે. કારણ કે આ વિસ્તારની જમીન હલકી હોય છે. જે પૂરતું ઉત્પાદન આપી શકતી નથી. જેમની પાસે બિલકુલ જમીન નથી તેવાં કુટુંબો પણ ખેતી કરતાં હોય છે. ગામમાં ભાગે અથવા જંગલની જમીન હોય તો તે અથવા કુટુંબો પણ ખેતી કરતાં હોય છે.

મજૂરીની આવક :

મજૂરીની આવકમાં જુદા જુદા પ્રકારની મજૂરી દ્વારા જે આવક મળે છે તે નીચેના કોઠામાં બતાવવામાં આવ્યું છે.

મજૂરીની આવક દર્શાવતો કોઠો

| ક્રમ | મજૂરી | મજૂરીમાંથી થતી આવક | ટકા |
|---|---|---|---|
| ૧. | ખેતમજૂરી | ૪૬૮૩૯૦ | ૬૧.૯ |
| ૨. | બાંધકામ મજૂરી | ૧૩૩૨૨૨ | ૧૭.૫ |
| ૩. | જંગલ મજૂરી | ૭૨૨૦૦ | ૯.૫ |
| ૪. | અન્ય મજૂરી | ૮૩૪૦૦ | ૧૧.૧ |
| | કુલ મજૂરીની આવક | ૭૫૭૨૧૨ | ૧૦૦.૦૦ |

મજૂરીની આવકમાં ખેતમજૂરી ૬૧.૯% હતી જ્યારે બાંધકામ મજૂરી ૧૭.૫% અને જંગલમજૂરી ૯.૫% જોવા મળી હતી. એટલે કે મજૂરીમાં પણ ખેતમજૂરીની આવક જ મુખ્ય જોવા મળે છે.

કુટુંબની કુટુંબદીઠ આવક અને ખર્ચનો કોઠો જોતાં આવક ખર્ચનાં બંને પાસાં સ્પષ્ટ થાય છે. તપાસેલ ૪૦૦ કુટુંબોની સભ્સંખ્યા સંખ્યા ૨૨૫૯ની છે જે સરેરાશ કુટુંબકદ ૫.૫નું છે.

આવક અને ખર્ચ કુટુંબદીઠ અને માથાદીઠ

| વિગત | આવક | ખર્ચ |
|---|---|---|
| કુટુંબદીઠ વાર્ષિક | ૨૭૨૪ | ૨૬૦૭ |
| કુટુંબદીઠ માસિક | ૨૨૭ | ૨૧૮ |
| માથાદીઠ વાર્ષિક | ૪૮૩ | ૪૬૨ |
| માથાદીઠ માસિક | ૪૧ | ૩૯ |

દેવાનો પ્રકાર :

| કુલ કુટુંબો | રોકડ | વસ્તુના રૂપમાં | કુલ | દેવાદાર કુટુંબો |
|---|---|---|---|---|
| ૪૦૦ | ૬૯૬૬૬ | ૮૨૪૬૧ | ૧૫૨૧૨૭ | ૧૭૮ |
| | ૪૫.૭૯ | ૫૪.૨૧ | ૧૦૦.૦૦ | ૪૪.૫૦ |

કુલ દેવાદાર કુટુંબો ૧૭૮ છે. જેમનું કુટુંબદીઠ દેવું ૮૫૪૬૫ જેટલું થાય છે.

આવક અને ખર્ચનો કોઠો જોતાં એમ લાગે છે કે જેટલી આવક થાય છે તેટલામાં જ પોતાનું પૂરું કરે છે. જો કે આવક માથાદીઠ માસિક ૪૧ રૂપિયા છે જે સરેરાશ કુટુંબદીઠ દૈનિક આવકને ખર્ચ એટલું ઓછું છે કે તેટલામાં જીવન પૂરું કરવું આવશ્યક છે. આવક કરતાં ખર્ચ વધુ કરવાની ઈચ્છા હોય છતાં કરી શકતા નથી. કારણ કે સામાજિક, ધાર્મિક અ કે અન્ય ખર્ચા આકસ્મિક રીતે આવી પડે તો તેને ઉકેલવા અનેક જાતની મથામણો કરવી પડે છે. અને શાહુકારને શોધવા પડે છે.

દેવું :

ટૂંકી આવકમાં પેટ ભરીને ખાઈ શકે એવી આવક નથી અને સતત મહેનતનું કામ કરવા-વાળો વર્ગ છે. જેને પરિણામે દેવાનો આશરો લેવો પડે છે. દરરોજ મજૂરી કરી ખાય. મજૂરી જયારે ન મળે ત્યારે દેવું કરવું પડે છે. દેવું બે પ્રકારનું જોવામાં આવ્યું. વસ્તુના રૂપમાં અને રોકડમાં. ૫૪.૨૧% દેવું વસ્તુના રૂપમાં હતું જયારે રોકડ દેવું ૪૫.૭૯ % હતું. દેવું કરતાં કુટુંબો ૧૭૮ હતાં જે કુલ કુટુંબના ૪૪.૫૦% છે. વધુમાં વધુ દેવું શાહુકારનું છે. જે ૩૭.૩૨% કારણ કે શાહુકારની વ્યવસ્થા તેમને સરકાર કે સહકારી વ્યવસ્થા કરતાં સરળ લાગે છે. શાહુકાર પાસેથી વસ્તુના રૂપમાં મળી રહે છે. દેવું પશુ ખરીદવા, મકાન માટે ખેતી ખર્ચમાં લીધેલ છે. જેનુ પ્રમાણ ૫૪.૦૩% દેવું હતું. આમ મોટાભાગનું દેવું આ પ્રકારનુ હતું. સામાજિક ખર્ચ માટે ૮ ટકા દેવું કરવુ પડયું હતું. ખાધાખોરાકી માટે ૨૬.૯૩ ટકા દેવું કરવું પડયું હતું.

આ રીતે દેવાદાર કુટુંબો તપાસ દરમ્યાન જોવા મળ્યાં હતાં. તેઓમાંથી ઘણાને દેવું કરવાની ઈચ્છા હોવા છતાં દેવું કરી શકતા નથી. કારણ કે દેવું કરી પાછુ ભરવું કઈ આવકમાંથી. તેથી જે મળે તેમાંથી ચલાવવાનું ઈચ્છે છે.

...

# ગુજરાતની મોટાકદની વિવિધ કાર્યકારી સહકારી મંડળીઓનો મૂલ્યાંકન અભ્યાસ

અહેવાલ લેખન : ભીખાભાઈ સો. પટેલ
સારદોહન : ભીખાભાઈ સો. પટેલ

## પ્રસ્તાવના :

ભારત દેશ એ ગામડાઓનો બનેલો છે. દેશની મોટા ભાગની વસ્તી કૃષિ વ્યવસાય સાથે સંકળાયેલો છે. દેશની કુલ વસ્તીમાં ૭% આદિવાસીઓની વસ્તી છે. ગુજરાતની કુલ વસ્તીમાં આદિવાસીઓની વસ્તીનું પ્રમાણ ૧૪% છે. રાષ્ટ્રની આદિજાતિ વસ્તી કરતાં ગુજરાતમાં આદિજાતિ વસ્તી વિશેષ છે. તેમનો મુખ્ય વ્યવસાય ખેતીનો રહયો છે. જેથી રાજયે આદિજાતિના ઉત્થાન માટે સારું એવું ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

આજે રાજય વિવિધ ક્ષેત્રે પ્રગતિ કરી રહયું છે. તેમાં આદિજાતિ વિસ્તારો પાછળ રહી ન જાય તે માટે ગુજરાત સરકારે અનેક કાર્યક્રમો આદિજાતિ માટે હાથ ધર્યા છે. તેમાંય લોકશાહી સમાજવાદની સિદ્ધિ એ આપણું ધ્યેય છે. આ ધ્યેયને હાસિલ કરવાના સાધન તરીકે સહકારી પ્રવૃત્તિ અગત્યનું સાધન બની છે.

આદિજાતિ વિસ્તારોની જમીન, પાક પધ્ધતિ, ખેતીની જૂની પુરાણી પધ્ધતિઓ તેમજ તેને માટે ઉપયોગમાં લેવાતી કૃષિવિકાસ સામગ્રી અને સુવિધાઓ તથા તેમની ઉત્પાદકતા અન્ય પ્રગતિશીલ વિસ્તારો કરતાં વિભિન્ન છે. જેથી સમાજના આદિજાતિ વિસ્તારના લોકો ખેતીની આધુનિક પધ્ધતિઓનો ઉપયોગ કરતા થાય, ખેતી વિષયક સામગ્રી અને ધીરાણ પૂરતા પ્રમાણમાં અને સમયસર તેમજ એક જ જગ્યાએથી દરેક ચીજો પ્રાપ્ત થાય, આ અંગે પ્રોત્સાહન જોગવાઈઓ તથા ખેતી વિષયક માર્ગદર્શન મળી રહે, તથા શાહુકારોના પંજામાંથી છૂટકારો મળે તે હેતુથી, તેમજ આદિજાતિની આર્થિક સ્થિતિ સુધારવા માટેનું સંસ્થાકીય માળખું નબળું હોવાથી તેમનું સમાજના ભિન્ન વર્ગો દ્વારા થતા શોષણમાંથી મુકત કરવા માટે તેમનું સંસ્થાકીય માળખું મજબૂત બનાવવા 'નેશનલ કમિશન ઓન એગ્રીકલ્ચરલ' તરફથી ભાર મૂકવામાં આવ્યો છે અને આદિજાતિ વિસ્તારમાં કયા પ્રકારની મંડળીઓની રચના કરવી તે બાબતે વિચારણા હાથ ધરતાં શ્રી કે. એસ. બાવાના અધ્યક્ષપદે નીમાયેલ સમિતિએ આદિજાતિ વિસ્તારમાં મોટા કદની ખેતી વિષયક વિવિધ કાર્યકારી સહકારી મંડળીઓ (લેમ્પ્સ)ની રચના કરવા સૂચન કરેલ. આ દ્વારા આદિજાતિને તમામ પ્રકારનું ખેત વિષયક ધિરાણ, દરેક પ્રકારની જરૂરિયાતો એક જ જગ્યાએથી સંતોષાય તેવી વ્યવસ્થા કરવી. આ કમિટીની ભલામણ અનુસાર ૧૯૭૬-૭૭ના વર્ષથી આદિવાસી વિસ્તારની અર્થક્ષમ મંડળીઓને લેમ્પ્સમાં ફેરવવામાં આવી. અને તે અનુસાર

ઉપરોક્ત ઉદ્દેશોને ધ્યાનમાં લઇ દરેક હેતુ સિધ્ધ થાય તે રીતે તેની દરેક વિગતોને સર્વેક્ષણ નોંધ અને નિષ્કર્ષના પ્રકરણોમાં પ્રકાશ પાડવામાં આવ્યો છે. તેના માટે અહેવાલને વિગતવાર જોઇ જવો જરૂરી બને છે. આ દરેક હેતુ સિધ્ધ થાય તે રીતે આ વિશની તપાસ માટે નીચેની પધ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

તપાસ પધ્ધતિઓ :

'લેમ્પ્સ' મંડળીઓના મૂલ્યાંકન અભ્યાસ માટે પંચમહાલ જિલ્લાની બે, ભરૂચ જિલ્લાની બે અને વલસાડ જિલ્લાની એક લેમ્પ્સ લઇ દરેક મંડળીના ૪૦ સભાસદોની પ્રત્યક્ષ મુલાકાત દ્વારા માહિતી એકત્રિત કરવામાં આવી હતી. લેમ્પ્સ મંડળી દ્વારા સભાસદોને મળેલ લાભ ગેરલાભ વિશેની માહિતી મેળવવા પ્રશ્નાવલી પધ્ધતિ અપનાવીને પ્રત્યક્ષ મુલાકાત દ્વારા ભરવામાં આવી હતી. આ ઉપરાંત પ્રત્યક્ષ કાર્ય દ્વારા ભરવામાં આવી હતી. આ ઉપરાંત પ્રત્યક્ષ કાર્ય દ્વારા ઉત્તરદાતા, મંડળીના પ્રમુખ/મંત્રી અને તાલુકા / જિલ્લા કક્ષાના સહકારી ખાતાના અધિકારીઓની મુલાકાત દ્વારા મંડળીઓની રચના અને કાર્યપધ્ધતિનો ખ્યાલ મેળવ્યો હતો. આ ઉપરાંત નિરીક્ષણ પ્રવિધિ અને ગ્રંથાલય કાર્ય દ્વારા 'લેમ્પ્સ' મંડળીઓને લગતી માહિતી મેળવવામાં આવી હતી અને આ વિશના અગાઉ થયેલા અભ્યાસોને જોવામાં આવ્યા હતા.

ક્ષેત્રકાર્ય :

પ્રસ્તુત અભ્યાસ માટે સપ્ટેમ્બર '૮૪થી નવેમ્બર '૮૪ સુધી ક્ષેત્રકાર્ય કરવામાં આવ્યું હતું. નિયત સમયગાળામાં આ વિષયને લગતી માહિતીનું એકત્રિકરણ, પૃથકરણ અને અહેવાલ લેખનનું કાર્ય કરવામાં આવ્યુ હતું. ક્ષેત્રકાર્ય દરમ્યાન અનેક મુશ્કેલીઓ છતાં તટસ્થ રીતે ક્ષેત્રકાર્ય કર્યું હતું.

લેમ્પ્સ મંડળીઓનો ઉદ્ભવ અને વિકાસ :

ભારતમાં સહકારી પ્રવૃત્તિનો ઇતિહાસ સને ૧૯૦૪થી ૧૯૮૪ સુધીનો ૮ દાયકાનો ગાળો ગૌરવવંતો રહયો છે. જેમાં'બહુજન હિતાય સર્વજના' નો ઉદ્દેશ સિધ્ધ થયેલો જોવા મળે છે. ગુજરાતમાં પણ સહકારી પ્રવૃત્તિનો પ્રારંભ સહકારી ધિરાણ મંડળીઓથી જ થયો હતો. ધિરાણમાં કૃષિ ધિરાણ અને નાગરિક ધિરાણ એમ મુખ્ય બે અંગ હતાં. આજથી ૬-૭ દાયકા પહેલાં ગુજરાતમાં સ્થાપિત હિતો દ્વારા ખેત પેદાશમાં થતા શોષણને અટકાવવામાં અને ખેડૂતોને શોષણમુકત કરવામાં તેમજ શાહુકારોના પંજામાંથી છોડાવવામાં સહકારી મંડળીઓએ અગત્યનો ભાગ ભજવ્યો છે. આદિવાસી વિસ્તારોમાં વિરાટ ખેતી કાર્યક્રમના સંચાલન માટે ગુજરાત રાજયે ધિરાણ માળખાને સંગીન બનાવવા ખાસ પ્રયત્નો કર્યા છે. પ્રાથમિક ખેતી વિકાસ ધિરાણ

મંડળીઓ અને ખેડૂત સેવા સહકારી ધિરાણ મંડળીઓની પુનઃ રચના કરી આદિવાસી વિસ્તારમાં મોટા કદની વિવિધ કાર્યકારી સહકારી મંડળીઓની રચના ૧૯૭૬-૭૭થી કરવામાં આવી. જેની (લેમ્પ્સ) સંખ્યા આજે ૧૨૧ ઉપરાંત થવા પામી છે. આ મંડળીઓની સારી એવી અસર આજે આદિવાસી વિસ્તારોમાં જોઇ શકાય છે. લેમ્પ્સ મંડળીઓની આદિવાસીઓ પર થયેલી અસર વધુ ઊંડાણપૂર્વક જાણવા માટે અહેવાલ જોવો જરૂરી બનશે.

<u>પસંદ કરેલ લેમ્પ્સ મંડળીઓનો પરિચય :</u>

પંચમહાલ જિલ્લાની લેમ્પ્સ મંડળીઓ વિષે જોઇએ તો જૂન '૮૨માં ફકત ૧૨ લેમ્પ્સ મંડળીઓ અસ્તિત્વમાં હતી. તેમાં ૧૮૦૭૬ સભાસદો જોડાયેલા હતા. તેના પછીના એક વર્ષમાં આ મંડળીઓની સંખ્યા બમણાં કરતાં પણ વધી હતી. ૨૮ લેમ્પ્સ મંડળીઓ જૂન '૮૩મા નોંધાઇ હતી. જેમાં પંચમહાલના ચાર આદિવાસી વિસ્તારના કુલ ૫૬૧ ગામોની કુલ ૬૩૭૧૩૭ની વસ્તીને આવરી લીધી છે. જેમા ૬૦૯૬૩૭ની વસ્તી માત્ર આદિવાસીઓનો સમાવેશ છે. જેમાથી ૫૫૫૨૪ સભાસદો આજે મંડળીઓમાથી લાભ લઇ રહયા છે. પંચમહાલ જિલ્લાની દાહોદ તાલુકાની બે લેમ્પ્સ મંડળીઓ જેમાં ગરબાડી વિભાગ અને જેસાવાડા વિભાગ લેમ્પ્સ મંડળીઓને આવરી લઇ આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો, જેની વિગતવાર નોંધ અહેવાલમા દર્શાવી છે.

એ જ રીતે ભરૂચ જિલ્લા તરફ દ્રષ્ટિપાત કરીએ તો જૂન '૮૨ને અંતે માત્ર ૫ લેમ્પ્સ મંડળીઓ અસ્તિત્વમાં હતી. જેની સંખ્યા એક વર્ષમાં એટલે કે જૂન '૮૩ના અંતે ચારગણી થઇ છે. તેના કાર્યક્ષેત્રમાં લગભગ ૩૯૨ ગામોની ૨૭૫૬૩૩ જેટલી કુલ વસ્તીને આવરી લેવાઇ છે. જેમાં ૨૨૦૫૭૩ જેટલી આદિવાસી વસ્તીને સમાવી લઇ ખેતી ક્ષેત્રે અને આદિવાસીઓની વિવિધ જરૂરિયાતોને ધ્યાનમાં લઇ આદિવાસીઓના જીવનસ્તરને આગળ લાવવામાં મદદરૂપ બની છે. જિલ્લાની કુલ ૨૦ લેમ્પ્સ મંડળીઓમાં આજે ૧૫૯૧૨ આદિવાસી સભાસદો નોંધાયેલા છે. જેઓ આ મંડળીઓનો અનેકવિધ રીતે લાભ લઇ રહયા છે. ભરૂચ જિલ્લામાંથી આ મૂલ્યાંકન અભ્યાસ માટે ધી ગરૂડેશ્વર વિભાગ - ઝરિયા લેમ્પ્સને ધી પ્રતાપનગર લેમ્પ્સ અને આવરી લઇ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. જેમાં નાંદોદ તાલુકાની બંને લેમ્પ્સને આવરી લઇ ૮૦ સભાસદોની પ્રત્યક્ષ મુલાકાત દ્વારા ઊંડાણપૂર્વક માહિતી એકત્રિત કરવામાં આવી હતી. વિસ્તૃત માહિતી માટે અહેવાલ જોવો જરૂરી બનશે.

વલસાડ જિલ્લાની લેમ્પ્સ મંડળીઓ વિષે જોઇએ તો આ જિલ્લામાં જૂન '૮૨માં કુલ ૮ લેમ્પ્સ કાર્યરત હતી. જેની સંખ્યા વધીને જૂન '૮૩માં ૧૯ થઇ હતી. જેમાં કુલ ૧૮૫૪૦ સભાસદો જોડાયેલા હતા. તેમાં ૧૫૫૮૯ આદિવાસી સભાસદો હતા. જેઓ વિવિધ કાર્યકારી

ખેતી વિષયક ક્રેમ્પ્સ મંડળીઓનો વિવિધ પ્રકારે લાભ લઇ રહ્યા છે. આ જિલ્લામાંથી વાંસદા તાલુકાની ડબોયા ક્રેમ્પ્સ લઇ અહેવાલ માટે માહિતી એકત્રિત કરી હતી.

ટૂંકમાં આજે આદિવાસી વિસ્તારમાં ક્રેમ્પ્સ મંડળીઓ આદિજાતિના આર્થિક વિકાસમાં મહત્વનો ભાગ ભજવી રહી છે. આ મંડળીઓ આદિવાસીયો માટે એક મહત્વની કડીરૂપ બની છે અને વધુને વધુ આદિવાસીઓને મદદરૂપ થવાય એવા આશયથી કામ કરતી આ મંડળીઓ વિકાસને પંથે છે. ક્રેમ્પ્સ મંડળીઓના મૂલ્યાંકન અભ્યાસમાં નીચેના કોઠામાં દર્શાવ્યા મુજબ સભાસદોને આવરી લીધા હતા.

| તાલુકાનું નામ | ક્રેમ્પ્સનું નામ | કુલ સભાસદ | નમૂનામાં લીધેલ સભાસદ | કાર્યક્ષેત્રનાં ગામો | અભ્યાસમાં આવરી લીધેલાં ગામો |
|---|---|---|---|---|---|
| દાહોદ | ગળારડી | ૨૭૫૨ | ૪૦ | ૩૦ | ૫ |
| | જેસાવાડા | ૨૯૧૨ | ૪૦ | ૧૯ | ૪ |
| નાંદોદ | ધી વિનોદ પ્રતાપનગર | ૬૨૦ | ૪૦ | ૯ | ૪ |
| | ધી ગરુડેશ્વર ઝરિયા | ૧૫૮૯ | ૪૦ | ૭૩ | ૫ |
| વાંસદા | ધી ડબોયા | ૮૮૨ | ૪૦ | ૭ | ૩ |
| | કુલ | ૮૭૫૫ | ૨૦૦ | ૧૩૮ | ૨૧ |

ઉપર મુજબ કુલ પાંચ ક્રેમ્પ્સ મંડળીઓને આવરી લઇ ૨૦૦ સભાસદોની પ્રત્યક્ષ મુલાકાત લઇ કાર્યક્ષેત્રનાં કુલ ૧૩૮ ગામોમાંથી ૨૧ ગામોના વિસ્તારને આવરી લઇ આ અભ્યાસને સઘન બનાવાયો હતો. જેમાં આદિવાસીઓની ૯ જાતિઓનો સમાવેશ થયો હતો. જેમા જેમનો મુખ્ય ધંધો ખેતી હતો. જમીનની ધારકતા સરેરાશ ૬.૧ એકર જેટલી હતી. જેમાંથી તેઓ આર્થિક પોષણ મેળવતા હતા. સાથે મજૂરી, પશુપાલન અને નોકરીના ધંધામાંથી આર્થિક ઉપાર્જન કરતા હતા. કુટુંબદીઠ સરેરાશ આવક રૂ. ૬૦૦૦થી ૧૩૦૦૦ સુધીની થતી હતી. ટૂંકમાં મંડળીમાં જોડાયા પછી ખેતીક્ષેત્રે આવક અને જીવનસ્તરમાં ઘણો ફેરફાર જોવા મળે છે.

નમૂનાનાં કુટુંબોની નોંધ ઉપરથી સ્પષ્ટ જોઇ શકાય છે કે તેમની આવક ઉત્તરોત્તર વધી છે. ક્રેમ્પ્સ મંડળીઓની રચના પછી ખેતીક્ષેત્રે પણ પરિવર્તન આવવા લાગ્યું છે. તેમના સામાજિક જીવનમાં પણ થોડો સુધારો જોવા મળે છે.

નિષ્કર્ષ - સૂચનો :

આજથી આઠ દાયકા પહેલાં ગુજરાતમાં શરૂ થયેલી સેવા સહકારી મંડળીઓની આજ સુધીની વણથંભી વિકાસ કૂચ કરતી સહકારી પ્રવૃત્તિએ, મંડળીમાં જોડાયેલ સભાસદો અને બિનસભાસદોને તેમના સામાજિક અને આર્થિક ઉત્થાનમાં મહામૂલો ફાળો આપ્યો છે. એટલું જ નહીં પણ ગુજરાતમાં વિકસેલી સહકારી પ્રવૃત્તિએ સામાજિક ક્રાંતિની સાથે શોષણવિહિન સમાજ રચનાનું સ્વપ્ન સાર્વત્રિક બનાવવા અને આદિવાસીઓના ઉત્કર્ષ માટેના પ્રયાસોમાં એક નવો જોમ બતાવ્યો છે.

આદિજાતિઓના શૈક્ષણિક તથા આર્થિક વિકાસ તેમજ તમામ પ્રકારના શોષણ સામે રક્ષણ આપવા ૧૯૫૫ પછી પદ્ધતિસરના પ્રયત્નો સરકારશ્રીએ હાથ ધર્યા છે. તેમાંય આદિજાતિ વિસ્તાર પેટા યોજનાની શરૂઆત થયા ત્યાર પછી આદિજાતિ વિકાસ નિગમ અને અનેકવિધ સંસ્થાઓની શરૂઆત કરી છે. છતાંય કેટલીક ખૂબીઓ અને ખામીઓને લીધે સચોટ પરિણામ મેળવી શકયા નથી. બલકે કરેલ ખર્ચના પ્રમાણમાં લાભ ઘણો ઓછો જોવા મળે છે.

અત્યારની આદિવાસી વિસ્તારની પ્રજાને વધુ લાભો પ્રાપ્ત થાય તે હેતુથી લેમ્પ્સ અને ખેડૂતોની સેવા સહકારી મંડળીઓ દ્વારા આદિવાસીઓનું જીવનસ્તર ઊંચુ લાવવામાં સહાયભૂત ચોક્કસ થઇ શકી છે. પરંતુ જેટલી ત્વરાથી પરિવર્તન લાવવું છે તે શકય દેખાતું નથી. આજે લેમ્પ્સ મંડળીઓની વધતી જતી સંખ્યાથી ફૂલાવાની કોઇ જરૂર નથી. કારણ કે જેટલું મોટું કદ બનાવાય છે તેટલા પ્રશ્નો પણ ઊભા થાય છે. બીજા વિકસના વિસ્તારની સરખામણીમાં તેનો કેટલો વિકાસ થયો તે ચોક્કસ કહી શકાય એમ નથી. કારણ કે જયાં સુધી મંડળીના પ્રશ્નો સભાસદોના પ્રશ્નોને પૂરેપૂરા સમજવામાં નહીં આવે ત્યાં સુધી વિકાસ પાછળ જ રહેવાનો છે. આજે મંડળીઓમાં કેવા પ્રકારના પ્રશ્નો પ્રવર્તમાન છે અને તે માટે શું કરી શકાય તે અત્રે અહીં વિગતવાર નહીં જોતાં ટૂંકમાં આલેખવામાં આવ્યુ છે. વિગતવાર માહિતી માટે અહેવાલ જોવો જરૂરી બનશે.

(૧) આજે મોટા ભાગની સંસ્થાઓ બિનકાર્યક્ષમ બનેલ છે. આવા સમયે ખેડૂતોને ઉંચે લાવવા માટે હવે ફકત સેવા સહકારી મંડળીઓ, મોટા કદની લેમ્પ્સ મંડળીઓ તેમજ અન્ય સેવા સહકારી મંડળીઓના ઉત્થાન સિવાય કોઇજ ઉપાય રહયો નથી.

(૨) મંડળીના કાર્ય વિસ્તારમાં સભાસદોની મંડળી પ્રત્યે પણ ઘોર ઉપેક્ષાઓ પણ મંડળીની કાર્યક્ષમતાને અસર પહોંચાડે છે.

(૩) મંડળી ક્ષેત્રથી રાજકારણને પર રાખવુ જરૂરી છે.

(૪) અન્ય ક્ષેત્રોમાંથી સભાસદોને મળતી સહાય મંડળી દ્વારા આપવી જોઇએ.

(૫) આજે મંડળીઓ અને સહકારી બેન્કો વચ્ચે વિરોધાભાસ પણ જોવા મળે છે. જેથી મંડળીને ઘણું સહન કરવું પડે છે. આ અંગે પણ વિચારણા થવી ઘટે.

(૬) સરકારશ્રી તરફથી થતી ઓર ઉપેક્ષાઓ વચ્ચે વિરોધાભાષ પણ જોવા મળે છે. જેથી મંડળીને ઘણું સહન કરવું પડે છે. આજે. આદિવાસી વિસ્તારમાં લેમ્પસ મંડળીઓ ખેડૂતો, ખાતેદારો અને બિનખાતેદારો માટે જીવન જરૂરિયાતની ચીજો સહેલાઇથી મળી શકે તે માટે અસ્તિત્વમાં આવી છે. મંડળીઓ સભાસદોના પ્રાણ સમી હોવા છતાં મોટાભાગની સહકારી મંડળીઓને કંટ્રોલની ચીજવસ્તુઓ માટે લાયસન્સ અપાતું નથી. અહીં મંડળીની કાર્ય કરવાની તૈયારી હોવા છતાં સરકારી અધિકારીઓ દ્વારા ખાનગી વેપારીઓને ઇરાદાપૂર્વક લાયસન્સ આપતા હોય છે. તો આ અંગે આદિવાસી વિસ્તારોમાટે કોઇ આગવી સુવિધા ઊભી કરી જે તે મંડળીને જ કંટ્રોલની ચીજવસ્તુઓ વેચવા લાયસન્સ આપવાં જોઇએ.

(૭) સહકારી કર્મચારીઓનું શોષણ અને ઉપેક્ષા

(૮) સભાસદ / બિનસભાસદોના તાલીમવર્ગો યોજવા જરૂરી છે.

(૯) સંઘો અને માર્કેટીંગ યાર્ડોની નીચી કાર્યક્ષમતા

(૧૦) મંડળીઓમાં પૂરવઠો રાખવા માટેના ગોડાઉનોનો અભાવ.

ઉપરના કેટલાક પ્રશ્નોના નિરાકરણ માટે સૌ પ્રથમ મંડળીએ પણ પ્રયત્નશીલ રહેવુ જરૂરી છે. મંડળીનું કાર્યક્ષેત્ર વધારવું. સૌથી વધુ સભાસદો જોડાય એવા પ્રયત્નો કરવા અને નેતાગીરી પણ અંદરથી જ ઊભી કરવી જોઇએ. મંડળીએ સભાસદોને વધુ ફાયદો થાય તે માટે લોન વિતરણ, સાધા સહાય, ખાતર બિયારણ વગેરે માટે અગાળથી જ આયોજન કરી રાખવું જોઇએ. ખાસ જે હેતુ માટે લોન સહાય આપવામાં આવે છે તે હેતુ માટે વપરાય છે કે નહીં તેની ચકાસણી વારંવાર કરવી જોઇએ.

આજે આદિવાસી વિસ્તારમાં મોટા ભાગના ખેડૂતો સ્વાશ્રયના ધોરણે કાર્યરત નથી. સરકાશ્રીની અનેકવિધ યોજનાઓ, પુનર્વસન યોજના, સબસીડીની યોજનાઓને લીધે સ્વાશ્રયની શકિત વેડફાઇ ગઇ છે. આજે આદિવાસી ખેડૂતોને જો આગળ જ લાવવા હોય તો તેના હાથ પગ ન ભાંગે, તે પોતે પગભર થાય તે માટે તેને નિર્બળ ન બનાવો. આજે આ પ્રજા માટે સરકારશ્રી બધા જ પ્રયત્નો ફળીભૂત થવાના નથી. આ માટે રાજ્યની સ્વૈચ્છિક અને સહકારી સંસ્થાઓ દ્વારા શકય બનશે.

લાભ છેક નીચેની વ્યકિત સુધી પહોંચાડી શકે ત્યાર.

આ ઉપરાંત તેમ્સે મંડળીઓએ કઇ કઇ પ્રવૃત્તિઓ હાથ ધરવી અને સભાસદોના હિતમાં શું કરવું જોઇએ તે માટે અનેક પગલાં સૂચવ્યાં છે. મંડળી સારી રીતે ચાલે તે માટે પણ મંડળીએ શું કરવું જોઇએ તેનો અહેવાલમાં પ્રકાશ પાડવામાં આવ્યો છે.

છેલ્લે તેના વહીવટી માળખાએ પણ શું કામગીરી બજાવવી જોઇએ તેમજ કયા પ્રકારનું માળખું અનુરૂપ છે તે પણ અહેવાલમાં સવિસ્તર દર્શાવવામાં આવ્યું છે.

આજની સહકારી પ્રવૃત્તિને ફાલી ફૂલી અને વધી રહેલી તેની પ્રવૃત્તિઓને આગળ ધરાવવા તેમજ બાબાસાહેબ ખરના ઉદ્દેશોને જવલંત રાખી તેને પાર પાડવા આજની સહકારી પ્રવૃત્તિને રાજકારણ, જૂથબંધી અને પક્ષાપક્ષીથી પર રહે તેવી કોશીશ સહકારી પ્રવૃત્તિના વ્યવસ્થાપકો અને કાર્યકર્તાઓ તેમજ મંડળીઓના પ્રમુખ-મંત્રીઓએ રાખી સતત જાગૃતતા કેળવવી જરૂરી છે. તો જ આજની સહકારી પ્રવૃત્તિના પરિણામો ભવિષ્યમાં જોઇ શકીશું.

: :

## આદિવાસી વિસ્તારમાં ખાદી-ગ્રામોદ્યોગ યોજનાઓની કામગીરીનો મૂલ્યાંકન અભ્યાસ

અહેવાલ લેખન : શ્રી અરૂણભાઈ ભા. પટેલ
સાર લેખન : શ્રી અરૂણભાઈ ભા. પટેલ

ભારતના અર્થતંત્રમાં કૃષિ વ્યવસાયની સાથે સાથે પૂરક વ્યવસાય તરીકે ખાદી-ગ્રામોદ્યોગ વ્યવસાયનું સ્થાન મહત્વનું છે. રોજગારી પૂરી પાડવાનાં સાધનોમાં તથા કૌટુંબિક આવક વધારનારા વ્યવસાય તરીકે ગ્રામ્ય અર્થવ્યવસ્થામાં તેની અવેજીમાં બેસી શકે તેવો કોઈ નક્કર વ્યવસાય હજી સુધી આપણે મેળવી શક્યા નથી. આ સંદર્ભમાં ખાદી-ગ્રામોદ્યોગ વ્યવસાય દ્વારા પ્રાપ્ત થતી ઉપજ અને તેની બજાર વ્યવસ્થા શી છે ? તેનો અભ્યાસ કેટલાંક કારણોને લીધે આવશ્યક બને છે. જેમ કે કોઈ પણ ઉત્પાદન પ્રક્રિયા ચાલુ રહેવા માટે તેનું સતત બજાર હોવું જરૂરી છે. બજારની સાથે સાથે ઉત્પાદકને તેની પેદાશના વ્યાજબી ભાવો પણ મેળવવા આવશ્યક છે. મૂડીવાદી બજાર વ્યવસ્થામાં મુઠ્ઠીભર ખરીદનારા હોવાને પરિણામે ઉત્પાદકના હિતોનું રક્ષણ થતું નથી. આ સંદર્ભમાં ખાદી ગ્રામોદ્યોગ પેદાશોના ઉત્પાદકોને રક્ષણ આપવાનું મહત્વનું બને છે.

### મૂલ્યાંકન શા માટે ? :

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા આદિવાસી પેટા યોજનાના ઉપક્રમે ખાદી ગ્રામોદ્યોગના વિકાસ માટે સહાય આપવામાં આવે છે અને તે દ્વારા આદિવાસી કુટુંબોની રોજગારી પૂરી પાડી આવક વધારવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. જેને પરિણામે આદિવાસી કુટુંબોની આવક વધવાની સાથે તેમની શૈક્ષણિક, આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક બાબતોમાં પણ સભ્ય સમાજની સમકક્ષ લાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. પ્રસ્તુત અભ્યાસ ખાદી ગ્રામોદ્યોગ પ્રવૃત્તિનો વિકાસ, અવરોધક પરિબળો કયાં છે ? સમસ્યાઓ અને તેના ઉકેલ માટે કેવા ઉપાયો યોજવા, તેમજ આદિવાસી જનજાતિમાં તેના પરિણામો શું આવ્યાં તે જાણવા માટે મતલબ કે આ કાર્યક્રમોનું સઘન મૂલ્યાંકન કરવું જરૂરી છે.

સામાન્ય રીતે સામાજિક વૈકાસિક કાર્યક્રમોનું મૂલ્યાંકન એટલે કે કોઈ પણ યોજના દાખલ કરવામાં આવે ત્યારે તે દ્વારા રોજગારી મેળવવા લોકોને જે સહાય આપી હોય અથવા બીજી કોઈ યોજના વિકસાવવામાં આવી હોય તેની સર્વાંગીણ અસરો (અમુક સમય પછી) શું થઈ તે જાણવા માટે તેનો ઊંડાણપૂર્વક અભ્યાસ થાય તેને મૂલ્યાંકન અભ્યાસ કહી શકાય.

નિદર્શ :

ગુજરાતના ''આદિવાસી'' ગણાતા આઠ જિલ્લાઓમાંથી સરળ દૈવનિદર્શન પધ્ધતિથી ચાર જિલ્લા સાબરકાંઠા, પંચમહાલ, ભરૂચ અને વલસાડ પસંદ થયા હતા. અને તેમાં ૫૦% આદિવાસી તાલુકાઓ પણ ઉપર્યુકત પધ્ધતિથી પસંદ થયા હતા. તે જ પ્રમાણે ૫૦% સંસ્થાઓ, મંડળીઓ અને (જે તે સંસ્થા/મંડળીઓમાંથી) ૨૫% લાભાર્થીઓને લેવામાં આવ્યા હતા.

ઉપર પ્રમાણે ચાર જિલ્લાઓમાંથી સર્વેક્ષણ કરેલ કુલ ૨૪૮ આદિવાસી કુટુંબોમાંથી ૧૩૩ કુટુંબોનો ખાદી પ્રવૃત્તિ વિષયક અને ૧૧૫ કુટુંબોનો ગ્રામોદ્યોગ પ્રવૃતિ વિષયક અભ્યાસ કર્યો છે. ખાદી પ્રવૃત્તિમાં વણાટકામમાં ફકત ૭ કુટુંબો જ જોવા મળે છે. જ્યારે બાકીનાં બધાં જ કુટુંબો અંબર ચરખાનું કામ કરતાં જોવા મળ્યાં છે. ગ્રામોદ્યોગ પ્રવૃત્તિમાં નીરા-તાડગોળમાં ૫૦ કુટુંબો વાંસકામમાં ૧૭ કુટુંબો, માટીકામમાં ૨૨ કુટુંબો, ગોબરગેસના લાભાર્થીઓમાં ૧૨, સુથારી લુહારીના લાભાર્થીઓમાં ૧૨ અને દિવાસળી કામના લાભાર્થીઓમાં ૨ કુટુંબોનો અભ્યાસ કર્યો છે.

અભિગમ :

આદિવાસી વિસ્તારમાં ખાદીબોર્ડની સ્થાનિક સંસ્થાઓમાં ટ્રસ્ટ પ્રકારની, સહકારી મંડળીઓ પ્રકારની અને વ્યકિતગત રીતની સંસ્થાઓ કામ કરી રહી છે. એકંદરે બધા જ પ્રકારની સંસ્થાઓનો અભિગમ ગરીબ વ્યકિતને ગરીબીની રેખાથી ઉપર લાવવાનો તેમજ ઘરેલાં પરંપરાગત વ્યાવસાયિક માળખામાં તેને પૂરક રોજી અપાવવી જેથી મજૂરી માટે અન્ય વિસ્તારોમાં ભટકવા કરતાં ઘેર બેઠાં રોટલો રળી શકે. એ મૂળગત વિચાર છે. ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા જે કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે જે તે દ્વારા જ ક્ષેત્રમાં થયેલાં પરિવર્તનો પ્રત્યક્ષ જોવા મળ્યાં. ખાદી ગ્રામોદ્યોગબોર્ડના કાર્યક્રમોની વિશેષતા એ પણ છે કે જે તે વિસ્તારને અનુરૂપ તેમજ ફાજલ સમયમાં કામ કરી ઘેર બેઠાં રોજી મેળવી શકાય છે. દિનપ્રતિદિન તેનો ફેલાવો વધતો હોય અને વધુ લોકો તેના લાભાર્થી તરીકે હોય તેવું જોવા મળ્યું હતું. જેથી ખાદી બોર્ડ દ્વારા જે દિશામાં પરિવર્તન લાવવું છે તે દિશામાં કદાચ ધીરે આવતું હશે પણ ચોક્કસપણે પરિવર્તન આવી શકે છે. આ સાથે વધુ કાર્યક્ષમ સહકારી માળખું નીવડવું હોય તેવું લાગ્યું. તેમજ લોકો દ્વારા લોકોના કાર્ય સુધી પહોંચી તેના સભ્યોને [illegible] કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

ખાદી પ્રવૃત્તિ :

પ્રસ્તુત અભ્યાસમાં ખાદી પ્રવૃત્તિમાં સરેરાશ વ્યકિતદીઠ વાર્ષિક મૂડી રોકાણ [illegible] રૂપિયા કરવા પડે છે. જ્યારે તેના બદલામાં સરેરાશ વાર્ષિક વળતર (અથવા મજૂરી પેટે) ફકત ૩૬૬

રૂપિયા મળે છે. તેનો અર્થ એ થયો કે કુલ મૂડીરોકાણમાંથી ફક્ત ૧૨-૨૦ % જ મૂડી વટ મળે છે. તેવી જ રીતે ગ્રામોદ્યોગ પ્રવૃત્તિમાંથી નીરા તાડગોળમાંથી કુલ મૂડીરોકાણમાંથી ૫૧.૬૨% મજૂરી જ મળી રહે છે. ગ્રામ દિવાસળી ઉદ્યોગમાંથી ૧૭.૮૫%, ઈંટ ઉદ્યોગમાંથી ૩૮.૨૫% અને વસિકામમાંથી કુલ મૂડીરોકાણના ૭૦.૧૯% મજૂરી મળે છે. ટૂંકમાં ગ્રામોદ્યોગ પ્રવૃત્તિમાં કરતાં મૂડી રોકાણના પ્રમાણમાં મજૂરી સારી એવી મળી રહે છે અને સૌથી ઓછા મૂડીરોકાણવાળા વસિકામમાં સૌથી વધુ મજૂરી મળી રહે છે.

આવક :

કુલ આવકની દૃષ્ટિએ જોઈએ તો ખાદી પ્રવૃત્તિવાળા લાભાર્થીઓની કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક આવક ૪૧૧૨ રૂપિયા છે જયારે ગ્રામોદ્યોગ પ્રવૃત્તિવાળા લાભાર્થીઓની કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક આવક ૫૯૦૮ રૂપિયા છે. સાબરકાંઠાને બાદ કરતાં લગભગ તમામ જિલ્લાઓ પંચમહાલ, વલસાડ અને ભરૂચ જિલ્લાના કતાઈ તેમજ વણાટકામ કરતા લાભાર્થીઓની સરેરાશ વાર્ષિક આવક ગરીબી રેખાની નીચે જોવા મળે છે. તેવી જ રીતે વસિકામ કરતા અને પંચમહાલમાં માટીકામ કરતા લાભાર્થીઓની સરેરાશ વાર્ષિક આવક ગી ગરીબી રેખાની નીચે જોવા મળે છે. ગોબરગેસ અને સુથારી-લુહારીના સાધનોવાળા લાભાર્થીઓની સરેરાશ વાર્ષિક આવક વધુમાં વધુ (અનુક્રમે ૧૪૨૯૧ અને ૯૮૯૨ રૂપિયા) જોવા મળી છે. ટૂંકમાં આદિવાસી સમાજમાં જેની આર્થિક સ્થિતિ સારી છે તેને ગોબરગેસનો લાભ મળ્યો છે તેમ કહી શકાય અને સૌથી વધુ ફાયદાકારક સુથારી લુહારી સાધનોની યોજના છે તેમ પણ કહી શકાય.

ખાદી પ્રવૃત્તિમાં મોટે ભાગે કાચા માલ તરીકે પૂણી જેવી વસ્તુઓ જરૂરિયાત મુજબ પૂરતી અને સમયસર મળતી નથી તેમજ તેને લાવવા લઈ જવામાં પણ મુશ્કેલીઓ પડે છે. ટૂંકમાં ખાદીની જુદી જુદી પ્રક્રિયા જુદી જુદી જગ્યાએ થાય છે તે તમામ જો એક જગ્યાએ જ થાય તો વધુ અનુકૂળ બની શકે. આદિજાતિ વિસ્તારમાં કતાઈના પ્રમાણમાં જ તે સ્થળે વણાટની વ્યવસ્થા બરાબર નથી. માટે કતાઈ સાથે વણાટની વ્યવસ્થા ગમે તે રીતે જે તે સ્થળે જ ઊભી કરવી.

ચરખા :

ચરખા રીપેરીંગ સહાયની જે જોગવાઈ છે તે અમારા ક્ષેત્રકાર્ય દરમ્યાન કોઈને મળી નથી એવું જોવા મળ્યું છે. તો આના ઉપર ખાદી બોર્ડે ખૂબ જ ધ્યાન આપવું જોઈએ. આ સહાય નહીં મળવાથી તેઓ કોઈ વસ્તુ ખરીદવા પ્રયત્ન કરતા નથી અને જેમ ચાલે છે તેમ જ ચરખો ચલાવે છે. છેવટે ચરખો બંધ થઈ જાય છે. કેવા પ્રકારના ચરખામાં સુધારા કરવા અને શું કરવું તે વિગતે અહેવાલમાં દર્શાવ્યું છે. છતાં ઓછા વજન અને નાના કદવાળા અને સરળતાથી

ગમે ત્યાં ખસેડી શકાય તેવા હોવા જોઇએ. પૂરી ટેકનીકલ જાણકારી, સાધનો, બીજાં ચક્રો વગેરેથી દરેક લાભાર્થી માહિતગાર હોવા જોઇએ.

આદિવાસી વિસ્તારમાં ખાદી ભંડારો અથવા જે તે સંસ્થાઓએ એક હુંડી પ્રથા પાડી છે. તેમાં જે તે વ્યકિત કુટુંબનિયોજનનું ઓપરેશન કરાવે તેને હુંડી મળે છે. જો ખાદી ભંડારોને આનાથી જરૂર ફાયદો થશે પણ સરકારની ખૂબ જ અગત્યની કુટુંબનિયોજન ઝુંબેશ પર આની માઠી અસર પડવાનો પૂરેપૂરો સંભવ છે. ખાસ કરી આદિવાસી લોકો ઓઢવા પાથરવા માટે ચાદરો વગેરે વધુ પસંદ કરે છે છતાં હુંડીના બદલામાં આવી વસ્તુ ન આપતાં તેમને અન્ય બિનજરૂરી તથા રોજિંદા ઉપયોગના માપ વિનાનું કાપડ લેવું પડતું હોય છે.

નીરા-તાડગોળ :
-----------

નીરા તાડગોળ મંડળીઓ કાચા માલ તરીકે ખજૂરી કે તાડના ઝાડનો ઉપયોગ કરે છે. આદિવાસી વિસ્તારમાં સામાન્ય રીતે આ ઝાડ જે તે ખેડૂત પાસેથી ભાડા પટે લેવામાં આવે છે તેમાં મુશ્કેલી એ છે કે આ ઝાડ છૂટાં છવાયાં તેમજ ખૂબ જ ઓછા પ્રમાણમાં મળતાં હોય છે અને કેટલીક જગ્યાએ ભાડે મળેલા ઝાડ હોય છતાં જે તે ખેડૂત મનફાવે ત્યારે નીરો લઇ લે છે અને ઝઘડા થાય છે, તેમજ રાત્રે ચોરી કરી માટલાં ઉતારી જાય છે. આમ ઘણી મુશ્કેલીઓ પડે છે. આમ કરતાં જે તે મંડળીઓ બને તો પોતાની માલિકીનાં ઝાડનાં પ્લાન્ટેશન કરે તો સારું પડે એમ છે. આ રોપણ એવી રીતનું હોવું જોઇએ કે છોડ માફકસર નજીક નજીક રહે જેથી રોપ-વેની માફક નીરો ઉતારવા માટે જઇ શકાય. અને રાત્રે સાચવવું પણ શકય બને. એક જગ્યાએ ઝાડો હોવાથી સમય બચી શકે તેમજ એક જગ્યાએથી વધુ નીરો ઉત્પાદન થાય તો ટ્રાન્સપોર્ટેશન ખર્ચ ઓછું આવે વગેરે ઘણા ફાયદા છે.

ઘણી જગ્યાએ જંગલમાંથી દૂર દૂરના ઊંડાણવાળા વિસ્તારમાંથી નીરાનાં કેન લાવવાની ખૂબ જ મુશ્કેલી પડતી હોય છે. સવારના બસની સુવિધા ન હોય અને હોય તો બસ ગીરદીને કારણે ઊભી ન રહેતી હોય તો આવા સમયે નીરો જે તે સ્થળે પહોંચતો નથી. પરિણામે તેનું તાડીમાં રૂપાંતર થઇ જાય છે અને મંડળીના કર્મચારીઓ દારૂબંધી વિરુદ્ધ મુશ્કેલીમાં મૂકાતા હોય છે. ટૂંકમાં નીરાની ટ્રાન્સફર કરવાની સુવિધા બરાબર હોતી નથી. માટે સંસ્થાના પોતાનાવાહનની જોગવાઇ થાય તેવું કંઇક કરવું જોઇએ. કેટલાક કેન્દ્રો પર પૂરતો નીરો વેચાતો નથી અને ખાટો થઇ જાય છે જેથી ખોટ જાય છે. તો વધારાના નીરાને કોલ્ડ સ્ટોરેજમાં રાખી શહેરોમાં મોકલી આપવો જોઇએ.

માટીકામ-ઈંટ ઉદ્યોગ :

આદિવાસી વિસ્તારોમાં કેટલીક જગ્યાએ સંસ્થાને ખાદી બોર્ડ ઈંટ ઉદ્યોગ માટે પૈસા ચૂકવે છે. આ પૈસા જે તે સંસ્થા ખાનગી કોન્ટ્રાકટરને ઈંટો પાડવા માટે આપે છે અને ઈંટો વેચાઈ ગયા બાદ આપેલ પૈસા સંચાલકોને ભરપાઈ કરી દેવામાં આવે છે. છતાં કેટલાક સંચાલકો તે પૈસા બતાવતા નથી અને બોર્ડની સાથે ઉંતરપીંડી કરે છે. તો આવી સંસ્થાઓનું સરકારી ઓડીટીંગ થવું જોઈએ અને ખરેખર શું થાય છે તે ચકાસવું જોઈએ.

સામાન્ય રીતે ઈંટ માટે ૧૧થી ૧૩ વ્યકિતઓનું યુનિટ હોય છે અને આ યુનિટમાં ગમે તે એક વ્યકિત હાજર ન હોય તો કામ બંધ થઈ જાય અને ઉત્પાદન સ્થગિત થઈ જાય છે. આવા કામ કરતા યુનિટને બીજા ખાનગી વહેપારીઓ વધુ પૈસા આપી લઈ જાય છે. અને જે કોઈ વધુ પૈસા આપે તેને ત્યાં આ લોકો ચાલ્યા જાય છે. આ રીતે આ કામમાં અગાઉ આપેલા પૈસા ખવાઈ જવાની વધુ શકયતા છે. કેટલીકવાર કારીગરોને પૈસા બરાબર ન મળતા હોય તો ઈંટો કાચી રહે તેવો નીભાડો ઉતારે છે. આથી સંસ્થાને વધુ નુકસાન જાય છે.

ખાસ કરી ખાનગી વહેપારીઓની ઈંટો વધુ સરસ, પાકી અને સુંવાળી (સરસ ફિનીસીંગવાળી) હોય છે. મંડળીઓ આ બાબતમાં બરાબર ધ્યાન આપતી નથી. જો મંડળીઓ સરસ ફિનીસીંગવાળી ઈંટો પડવે તો સરકારના ગમે તે બાંધકામ માટે બીજી ઈંટો સામે ટકી શકે અને મંડળીને ફાયદો થઈ તેનો વિકાસ થાય.

ઈંટ ઉદ્યોગ માટે બળતણ તરીકે કોલસી વાપરવામાં આવે છે. તેને બદલે જંગલનું કેટલુંક જલાઉ લાકડું વાપરવાની છૂટ આપી શકાય તો વધુ ફાયદો થઈ શકે.

વાંસકામ :

આદિવાસી વિસ્તારમાં વાંસકામ ઓછામાં ઓછા મૂડીરોકાણથી વધુમાં વધુ મજૂરી મેળવે તેવો ઉદ્યોગ છે. છતાં આ ઉદ્યોગને વાંસ નહિવત પ્રમાણમાં મળે છે અને જે મળે છે તે પાકી ગયેલા સૂકા વાંસ મળે છે. જેથી તે પડયા રહે છે. જો તુરી વાંસ લીલા મળે તો તેમાંથી સૂપડાં બનાવી શકાય તેવી રીતે ભોડ વાંસ ટોપલા ટોપલી બનાવવામાં ઉપયોગી થઈ શકે. કેટલીકવાર તૈયાર થયેલ માલ લોકો મંડળી મારફત નહિ વેચતાં સીધો જ બજારમાં વેચી દે છે. ઘણી જગ્યાએ લોકો રાત્રે જંગલમાંથી વાંસ કાપી લાવે છે અને વસ્તુઓ બનાવી વેચી દે છે. જો તેમને પૂરતા વાંસ મળતા હોય તો તેઓ ચોરી કરે નહીં. માટે જંગલ ખાતા સાથે કરાર કરી આનો રસ્તો શોધવો રહયો.

**સુથારી-લુહારી સાધનો :**

કેટલાક લાભાર્થીઓ સંસ્થા/મંડળી મારફત સુથારી લુહારી સાધનો લઇ જાય છે તે જ લાભાર્થીઓએ ઔદ્યોગિક સેવા સહકારી મંડળીઓ પાસેથી પણ સાધનોની લોન લીધેલ હોય છે. તો આમ એક જ વ્યકિતને બે જગ્યાએથી સાધનોની સહાય ન મળે તે ચકાસવું જોઇએ. તેમજ એક જ ઘરની બે વ્યકિતના નામે લઇ જઇ એક સેટ વેચી દે છે તે પણ ન થવુ જોઇએ અને ખરેખર જેને જોઇએ છે તેને જ આનો લાભ મળવો જોઇએ. સાધનોના ખોટી બિલ મૂકનારને પણ પૈસા ચૂકવવા ન જોઇએ.

**સ્થાનિક કુદરતી સંપતિ પર આધારિત ઉદ્યોગો :**

આદિવાસી વિસ્તાર ઔદ્યોગિક વિકાસમાં પછાત છે. સવાલનો જ છે કે કુદરતે આ વિસ્તારને ઉદ્યોગ વિકાસ માટે મોકળે હાથે કુદરતી સંપત્તિ આપેલ છે. જેવી કે ચૂનો, અબરખ, કોપરડસ્ટ, મારબલનો પથ્થર, કપચી માટે પથ્થર, કલે માટી વગેરે. બીડીઓ માટે જંગલમાંથી આપ્ટા તથા ટીમરૂનાં પાન, પડિયા પતરાળાં બનાવવા માટે ખાખરાનાં પાન, લાકડાં, કોલસા તથા મધ, ધોળી મુસળી મરડાસિંગ વગેરે ઔષધિ, વનસ્પતિ વગેરે પણ મળે છે. જેનો ઉપયોગ ઉદ્યોગો માટે ઘણો થઇ શકે. અખાદ્ય તેલમાંથી સાબુ બનાવવા, વાંસમાંથી કામળી, પૂઠાના યુનિટ ખોલવા, ઇલેકટ્રોનીક વસ્તુઓ, એલ્યુમિનિયમનાં વાસણો વગેરે તેમજ પથ્થરની ક્વોરીઓ અને ઈંટ ઉદ્યોગ, નીરા કેન્દ્રો વગેરેનું વધુ વેગ આપી શકાય.

**ચર્મ ઉદ્યોગ :**

આદિવાસી સમાજ વ્યવસ્થામાં ચામડાનું કામ કરવાનો ઘણે ભાગે નિષધ હોવાને કારણે ચર્મઉદ્યોગ આપવા માટેના ગમે તેટલા પ્રયત્નો કરવા છતાં તેઓ ચર્મકામ સ્વીકારવા માટે તૈયાર થશે નહીં. કારણ કે આદિવાસી સમાજમાં પરંપરાગત કામધંધા પ્રમાણે ગુજારો કરતી જાતિઓ તેને હલકા પ્રકારનું કામ ગણે છે. માત્ર આદિવાસીઓમાં જેને અસ્પૃશ્ય ગણે છે તેવી કોલચા નામની આદિવાસી જાતિ (જે ઢોરકોળી તરીકે પણ ઓળખાય છે.)ને આ સૂગ નથી. તેઓ મરેલા ઢોરનું માંસ ખાય છે તેમજ મરેલા ઢોરને ચીરવાનુ કામ પણ કરે છે. તો આ જાતિને ચર્મઉદ્યોગ તરફ વાળવામાં આવે તો કદાચ આ લોકો ચર્મકામ કરે. જો કે તેઓ ચામડાં કમાવવાનું કે ચામડાની કોઇ પણ વસ્તુ બનાવવાનું કામ કરતા નથી.

ઘણી જગ્યાએ તેલ ઘાણી, હાથછડ યુનિટ, મસાલા યુનિટ વગેરે બંધ પડેલી હાલતમાં છે. તેનું મુખ્ય કારણ જે તે વિસ્તારમાંથી પૂરતો કાચો માલ મળી રહેતો નથી અને જ્યાં આવો કાચો માલ મળી રહે છે ત્યાર તેના વેચાણની

તકલીફ હોય છે. કારણ કે તેનો ઉપાડ આજુબાજુના બજારમાં નથી. વળી ઉત્પાદન થયેલ વસ્તુ બજારમાં લોકોને મોંઘી પડતી હોય છે. બીજી બનેલી આવી જ વસ્તુ આનાથી ઓછા ભાવે સ્થાનિક બજારમાં મળે છે. તેથી ઉપરોક્ત યુનિટોનાં ઉત્પાદનોથી બજારમાં ટકી રહેવાતું નથી અને તે બંધ થાય છે.

• • •

# PROCESS OF RESETTLEMENT

(A study of the New Settlement set up at Vankal village of Valsad taluka for the families affected by Daman Ganga Irrigation Project:Madhuban-Dam )

- Simon F. Macwan

The concept of resettlement refers to the process of adjustment in a new (and different) socio-economic, cultural and even physical environment. This study deals with how the families affected by Daman-Ganga Irrigation Project are trying to adjust in their new settlement.

## METHODOLOGY

### Introduction:

Any type of irrigation project aims at prosperity in agriculture by providing irrigation facility and electricity. At the sametime, such giantic projects also create certain human problems. Rehabilitation of affected families is one such human by providing certain creature facilitier, giving incentives and concessions in many matters, etc. But this does not solve the entire problem which is very acute. Rehabilitation or resettlement not only depends on provision of certain facilities and giving of incentives and concessions but it also depends on attitudes of the affected families towards settlement and on the socio-economic, cultural and physical environment of new settlement. Keeping this in mind, a project was undertaken to study new settlement at Vankal village where the families affected by Daman-Ganga Irrigation Project were settled.

### Objectives:

The study covers the following four major points:

1. Collection of information regarding facilities, incentives and concessions provided by the Rehabilitation Sub-division-2 and other Government Departments.
2. Examination of the process of community formation including its positive and negative modes and of the problems encountered in the process.
3. Search for internal and external forces acting in the process of community formation.
4. Finding out the lacuna in the process of community formation.

### Tools of data-collection:

For this study the following tools were utilized:

1. Interview-guide:

An interview guide was prepared covering all the objectives of this study. On the basis of this guide, all heads of all the families were interviewed.

2. Participant observation:

With view to check the data collected and to gain further information, necessary for the study, the technique of participant observation was also used during the data collection work. Many hours were spent among the oustees.

3. Case-studies:

It is usual that all families can not get settled in the same way and within a short time. It is also possible that all families may not get settled at all, while some families may settle down as a normal phenomena. So, five heads of families were also taken up for case studies. They were interviewed in detail to know about issues helping or hindering the process of community formation.

For making this study useful, library work was also done for some times.

THE PROJECT

It would be appropriate to know briefly the Daman-Ganga Irrigation Project. Basically, this project was undertaken to provide irrigation facilities covering areas leftout by the Ukai project. Daman-Ganga Irrigation Project was approved by the Planning Commission in 1972 and its construction works started in 1975. As earlier enviseged, this project was to be completed in 1982 but later on due to a lot of changes and additions in the design etc. The time of completion was extended upto 1985-86. From this project, 56070 hectares of land of 171 villages of Gujarat, Union Territory of Dadra Nagar Haveli and Daman Territory will be irrigation.

Second main objective was to provide water facilities to developing industrial estates. Thirdly, it was designed to generate 2 mega valt electricity.

As a result of this project, 2361 families of 38 villages (22 villages from Gujarat and 14 villages from the Union territory of Dadra Nagar Haveli and Daman) were to be submerged. In order to rehabilitate the affected families, 15 new settlements, out of which 12 settlements for the affected families of Gujarat and the remaining 3 settlements for the affected families of Union Territory of Dadra Nagar Haveli and Daman were planned to be setup. At the time of this study, 133 affected families of Gujarat were rehabilitated in four new settlements set up at Vankal, Ozer, Kachigam and Kadadmati. The Vankal settlement is the biggest of them and consists of 33 families as per record; and it was selected for the study.

VANKAL VILLAGE & NEW SETTLEMENT:

Vankal village is situated on Dharampur-Valsad highway 17 kms away from Valsad. The new settlement is situated one km away from the village Vankal. The village has a total population of about

4000 of tribals(Dhodia and Naikas) and non-tribals(Rajput and others). As this village is considerably large and is also situated on the main road, it has many infrastructure facilities including primary education upto Std VIIth; Electricity, Transportation, Communication, Shops and a market place. There is a village panchayat also.

The Vankal new settlement, is much isolated from the main village. As a result of this, direct contact with the main village is considerably less. As per official record, 133 families (belonging to Fatehpur village) have been settled in this settlement but at the time of data collection, only 26 families had constructed their houses and only 23 families were actually living there, the remaining three houses were closed since a long time. So, for this study, all 23 families have been included.

POPULATION:

The new settlement has total population 145 inluding 67 males and 78 females covering all 23 families.

EDUCATION:

The level of education is quite low in tribals and in certain tribes like Kolcha, Kathodi, Warli, education is almost negligible. Most of adults in the settlement were illiterate. However, they have started to send their children to school.

Before we proceed further, it would be also appropriate to discuss about different facilities, incentives and concessions provided to the affected families in order to rehabilitate them in this new settlement. Sub-division-2, Land-acquisition and Rehabilitation of the Daman-Ganga Irrigation Project was entrusted with the responsibility of settling the affected families. Sub-division-2 provided all facilities, incentives etc., following the Government Resolution with Irrigation Department, Government of Gujarat in favour of the affected families' rehabilitation. It would be appropriate to note that this sub-division also provided certain facilities like electricity and incentives like animal-manure,fruit grafts etc in addition to the requirements laid down in the Government Resolution.(However, the additional money for the facilities had to be recovered from the oustees).

THE FACILITIES:

The affected families of this new settlement got the following facilities:

1. Land for constructing house:

2 guntha for an agriculturist family and 1½ guntha for a non-agriculturist family. 33 families have been alloted plots for construction of their houses.

......4..

2. Land for Agriculture:

Provision was made for providing land for agriculture purpose to those who lost their land in submergence as follows:

(a) So these from when land acquired was upto 3 acres, were alloted land equivalent to their acquired land;

(b) So these from when land acquired was from 3 to 9 acres;

(c) So these from when land acquired was from 9 to 12 acres were alloted 1/3 of the acquired land;

(d) So these from when land acquired was above 12 acres were given 4 acres land.

(The land was alloted on the basis of land acquired and not on the basis of total land holding of the affected families. Secondly, the affected families were given compensation between Rs.400 to 600 per acre and also were alloted land at a price of Rs.500/- per acre.)

3. In the G.R. provision was made for one well for 100 families according to the condition of original well. According to that, one kachcha well was provided in Vankal new settlement.

4. School Building: As per the G.R. one room school building was constructed.

5. Domestic Electricity:

This facility was provided as additional facility on actual cost basis. 14 families had taken the benefit of this scheme.

6. Organic manure and fruit grafts:

This was additional facility provided in cost basis. As the land provided to the affected families is of an inferior quality, they were given one truck manure per family. They were also given 4 to 5 fruit grafts.

7. Transportation facility:

According to the provision, the affected families were provided transport facility to carry their household things (Rs.450/- per family).

8. Approach Road:

Provision was made in the G.R. for constructing an approach road. The approach road was made and a necessary minor bridge was also constructed. But as the approach road was kachcha, it hardly served its purpose.

9. The payment of land revenue was waived for five years.

Now we would proceed further to examine the socio-cultural as well as economic relationship existing between the Vankal village and families living in the new settlement.*

46

SOCIO-CULTURAL CONDITION:

All the families of the new settlement belong to the Warli tribe. They are close kins and were earlier residing in the Fatepur village. The families of their other kinsmen as well as same families of their old village have been settled in the other three settlements situated within an area of 10 kms. Because of the nearness of their relatives and closeness of the original families living in one geographical area, they don't feel much isolated. Secondly, in the Vankal village itself, families of Dhodia and Naika tribes also reside. These are known tribes. So in this village also; the tribal families of the village and tribal families of new settlement were trying to keep up their own identity. So considerably limited relationships were established between them.

MARRIAGE RELATIONS:

Establishing marriage relation is not a several p roblem for these families as their other tribemen have been residing in nearby new settlements. Child marriage at the age of 16-17 years for boys and 15-16 years for girls has been become p opular among them. This is also the out-come of cash compensation of agriculture land, house etc. So, they were arranging marriages of their children within the four new settlements. It was also observed that parents residing in villages near Fatepur were enthusiastic for giving their daughters in the new settlements. Some of the new settlement well-to-do families on the contrary were in favour of arranging marriages of their children in their old native village.

CASTE PANCH:

A tribal caste panch existe in the new settlement. But the persons who was Sarpaach in the Fatepur village(popularly known as Sarpanch) was almost the whole and sole in all tribal matters. All the families followed his decision. The Caste panch decided all day-by-day problems or grivances of the families in the new settlement. All customs observed on occassions of marriage, birth, death etc were observed here. Whenever, they needed guidance and advice, they approached the Sarpanch, teachers and other elders of the village, who helped them whenever necessary. One case came to light during our study in which the caste panch played an important role and also took guidance and advice from the village sarpanch and other elders. It was regarding harassment of these families by one Parsi landlord who also came there as an oustee. This Parasi was compelling the new comers to work in his farm at quite a low wage rate and if it was denied he went to the recalcitrant using

abusive words to bring him to work. Sometime he beat them also. So, they united and complained to the Sarpanch against his harassment. The Sarpanch and other elders of the village intervened and this problem was solved.

Another case: As mentioned earlier, the practice of child marriage exists among them child marriage is unlawful act, but they have continued that practice in the new settlement. Somebody from the village sent information about this practice to the police legal action was taken against them. The Sarpanch and other elders intervened and the case was probably dropped.

These two incidents highlight the relationship established between the village Sarpanch and other elders and the families of the new settlement. It clearly shows that the village leaders have a symphethatic attitude to these families and help them whenever necessary.

ECONOMIC RELATIONSHIP:

The affected families were alloted land for agriculture as per rule. But that land was of an inferior quality; it could not be utilised for agriculture. So they depended on agricultural and other wage labour available in village. Before arrival of these families, the Naika families were doing agricultural labour in the fields of the village land holders. But as the Warlis had previous experience of agriculture, they could work as responsible farmhands. Many Warlis youths were getting such labour in the village itself from other Warli youth were also working as agricultural labourers on a yearly contract basis. Secondaly they were hard workers, so many of them were also called for miscellaneous labour. The farmers were treating them symphathetically and helped them, economically and in other way. They gave them advance money on occassions of marriage, death, food scarcity or illness.

Shop owners of the village were also giving them necessary requirements on credit as and whenever approached. Some of the traders and other money lenders were also giving them cash money on certain occassions without observing all the routine formality of money lending. All such incidents prove that the resettlers were getting economic support from the village.

MAIN PROBLEMS AFFECTING THE FAMILIES IN THE NEW SETTLEMENTS:

One of the main objective of this study is to focus on the problems that these families had to face. They are as under:

1. FUEL: As these families were originally from a forest area so they were habituated to use fuel wood freely. But at the new settlement of forest fuel is not available. Even the trees on road

side are under Forest Department. So they are really in difficulty for fuel wood.

2. ANIMALS GRAZING: Animal husbandary is an important economic activity of the tribals in the village. In their native village they had no problem of grazing as they could send their animals in the forest for the purpose. In the new settlement grazing ground for the animals is not found. Their land also infertile and does not grow even sufficient grass, so many of the them had sold out their animals.

3. LAND and AGRICULTURE: In Fatepur all these families were doing agriculture in their own way. There they had no problem of fertility of land as well as irrigation. But the land alloted to there families at the new settlement side, is forest land, uncultivated and fallow. Secondaly, there is also no facility for irrigation. So land alloted to them is totally useless. They can not grow even grass on it.

4. UNEMPLOYMENT and SEMI-UNEMPLOYMENT: This was a very serious problem in the new settlement. In Fatepur they could get agriculture labour, forest labour, labour in transportation work and other miscellaneous labour work. So unemployment and semi-employment was not a serious problem. But in the new settlement previous farmers and agricultural labourers, both are in search of labour work. In order to get labour work, many young people have migranted to Vapi, Valsad etc.

5. INTEGRETION WITH VANKAL VILLAGE: Now this new settlement has become a part of the old village and has developed certain relations with the villagers. But people of the old village look consider them miserable and not as equal co-villagers. So these new families do not feel equality with other of the village. So it is necessary to create such atmosphere that the villagers accept them as their equal.

6. ENFORCEMENT OF WELFARE AND DEVELOPMENTAL SCHEMES IN NEW SETTLEMENT: The new settlement has become a part of the village, all schemes, programmes of welfare and development that come in the old village should cover this new settlement.

7. ADULT EDUCATION: Formerly they were living in an interior village; so they had not understood the importance of education. They were sending their children in school but so many youths were totaly illiterate. So in order to make them self-reliant, starting of an adult education centre is very necessary.

We would like to put forward some suggestions as follows for improving the situation:

1. In the Daman-Ganga Irrigation project, 2361 families of 38 villages were affected; only 133 of them were settled in all the new settlements. So, it is necessary to know about present conditions of the remaining affected families. This such a survey would probably showd the miserable conditions of the affected families particularly these families which are forest-land and waste-land based. It would also help us to know why a big number of families did not take the benefit of new settlements set up by the government.

2. In order to keep the affected families in their new settlements, several employment opportunities have to be provide to them. Otherwise if they remain jobless for a long time; it is possible that the families may migrate elsewhere (in search of earning.)

3. The land alloted to the affected families is of an inferior quality so it has remained unused. Government should undertake special scheme of land reclamention and also for providing irrigation facilities, so that land can be utilised.

4. For tackling the problem of rehabitation, cooperation of voluntary agencies should be taken. It must be findout how their cooperation should be sought at what level, and it what different forms.

5. While planning such gientic projects, equal emphasis on human problems arising out of rehabilitation should be placed on equal footing with the engineering as well as hardware aspects.

6. In order to make rehabilitation effective and easy, experience of social scientists, social researchers and social workers should be used to the maximum. They should be included in a high-power advisory committee, which should advise in all important matters of rehabilitation.

7. Sometime several officials raise technical objections when the affected families are being settled, so that the benefits of rehabilitation either don't go to the outsteer or they are entirely deprived of the these. The recently affected families should be given free legal advise to find a way out of the problems raised.

8. While recruiting necessary staff perticularly in class III and IV categories, for the project, priority should be given to the candidates from the affected families.

••

(૧૯૮૪-૮૫ના વર્ષમાં સ્પેશ્યલ કોમ્પોનન્ટ પ્લાન હેઠળ આવરી લીધેલ ૬ મહાનગરપાલિકા વિસ્તારોનો સામાજિક આર્થિક અભ્યાસ)

લેખક : શ્રી ચંદ્રકાન્ત ઉપાધ્યાય
શ્રી દિલીપ પરમાર

સારદોહન : શ્રી દિલીપ પરમાર

ભારત દેશમાં અનુસૂચિત જાતિ એક મહત્વનો સમુદાય છે. આમ છતાં આ જાતિ ઘણા લાંબા સમયથી બીજાં જૂથોથી સામાજિક-આર્થિક રીતે પછાત છે. આવો મહત્વનો સમુદાય પાછળ ન રહી જાય તે માટે બંધારણમાં ખાસ જોગવાઈ કરી કેન્દ્ર અને રાજ્ય સરકારને અનુસૂચિત જાતિના શૈક્ષણિક અને આર્થિક વિકાસ માટેની જવાબદારી સોંપી છે.

અનુસૂચિત જાતિમાંનો મોટો સમુદાય ગરીબી રેખા નીચે જીવન જીવે છે. તેમની ગરીબીને લક્ષમાં લઈ સદગત પ્રધાનમંત્રી શ્રીમતી ઇન્દિરા ગાંધીએ છઠ્ઠી પંચવર્ષીય યોજનાને અંતે અર્ધોઅર્ધ વસ્તીને ગરીબીની રેખા ઉપર આવી જાય તેવું કામ કરવાનો આદેશ આપેલો હતો. અનુસૂચિત જાતિનાં કુટુંબોની સ્થિતિ જાણી શકાય તે માટે છઠ્ઠી પંચવર્ષીય યોજના દરમ્યાન સઘન અભ્યાસ કાર્યક્રમ હેઠળ ગુજરાત રાજ્યમાંના ૧૮૨૭૫ ગામો પૈકી અનુસૂચિત જાતિની ૫૦% વસ્તીને આવરી લેતા ૨૫૦ અને તેથી વધુ અનુસૂચિત જાતિની વસ્તી ધરાવતાં ૧૪૧૧ ગામો મુકરર કરવામાં આવ્યાં છે. તેમાંથી ૧૯૮૪-૮૫ના ચાલુ સાલમાં ૬ મહાનગર પાલિકામાં વસતા કુટુંબોની જે જે માહિતી મળી તે આ મુજબ છે :

ચાલુ અધ્યયનમાં જે ૬ મહાનગરપાલિકાની તપાસ કરી તેમાં અનુસૂચિત જાતિની જુદી જુદી જ્ઞાતિનાં ૬૧૫૯૫ કુટુંબો હતાં. શહેરવાર કુટુંબોની સંખ્યા આ પ્રમાણે હતી.

| ક્રમ | શહેરનું નામ | કુટુંબ સંખ્યા |
|---|---|---|
| ૧. | અમદાવાદ (કોન્ટોનમેન્ટ) | ૧૯૯ |
| ૨. | અમદાવાદ | ૩૭૭૯૮ |
| ૩. | જામનગર | ૪૯૪૦ |
| ૪. | રાજકોટ | ૩૮૦૩ |
| ૫. | વડોદરા | ૮૩૭૧ |
| ૬. | સુરત | ૬૪૮૪ |
| | | કુલ ૬૧૫૯૫ |

સર્વેક્ષણમાં આવરી લીધેલ ૬ મહાનગરપાલિકામાં અનુસૂચિત જાતિનાં કુટુંબોની સભ્યસંખ્યા ૩૨૧૪૬૨ની હતી. જેમાં પુરુષોની સંખ્યા ૧૬૮૭૨૭ (૫૨.૪૯%) અને સ્ત્રીઓની સંખ્યા ૧૫૨૭૩૫ (૪૭.૫૧%)ની હતી. સર્વેક્ષણ કરેલ કુટુંબોનું કુટુંબકદ ૫.૨૨નું હતું.

શિક્ષણ :

સર્વેક્ષણ કરેલ ૬ શહેરોમાં અનુસૂચિત જાતિના લોકોની કુલ ૩૨૧૪૬૨ની વસ્તીમાંથી ૧૩૯૨૬૫ (૪૩.૩૨%) વ્યકિતઓ અભણ હતી. જયારે ૯૧૨૩૪ (૨૮.૩૮%) વ્યકિતઓની શિક્ષિત હતી. જયારે ૯૦૯૬૩ (૨૮.૩૦%) વ્યકિતઓનો અભ્યાસ ચાલુ હતો. પુરુષોમાંથી ૩૫.૩૩% અભણ હતા જયારે સ્ત્રીઓમાં અભણનું પ્રમાણ ૫૨.૧૪% હતું.

જે સભ્યોનો અભ્યાસ ચાલુ છે તેમાં ૧૭.૦૫% બાલવાડી, ૫૦.૮૦% પ્રાથમિક કક્ષાએ, ૨.૩૫% માધ્યમિક કક્ષાએ ૪.૪૯% ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ ૨.૩૫% કોલેજમાં, ૦.૨૪% અનુસ્નાતકમાં અને ૦.૧૪% ટેકનીકલ શિક્ષણ લેતા હતા.

તપાસ સમયે ૭થી ૧૪ વર્ષના ૭૬૨૬ (૧૧.૪૧%) બાળકો શાળાએ જતાં ન હતાં. તપાસ દરમિયાન એવું જાણવા મળ્યુ હતું કે કુલ ભણતાં બાળકોમાંથી ૬૯.૪૪% આર્થિક મુશ્કેલીને લઇને, ૮.૧૨% બાળકોનાં માતપિતાની ઇચ્છા તેમનાં બાળકોને ભણાવવાની ન હતી. ૧૦.૬૯% બાળકો પોતે જ અભ્યાસ કરવા ઇચ્છા રાખતાં ન હતાં, ૩.૫૯% બાળકોને મહોલ્લામાં શાળા ન હતી તેથી અભ્યાસ કરતાં ન હતાં. ૦.૯૨% ઘરમાં નાનાં બાળકોની સંભાળ રાખવાને લીધે, ૦.૬૯ ૫૦ બાળકો પોતાના કુટુંબને ખેતી કામમાં મદદ કરવાને લઇને, ૬.૭૯% બાળકો પોતાના કુટુંબને કોઇને કોઇ x ધંધામાં મદદરૂપ થતા હતાં તેથી શાળાએ જતાં ન હતાં. ૨૧(૦.૨૮%) બાળકો અસ્પૃશ્યતાને કારણે ભણવા જતાં ન હતાં.

શિક્ષિત બેકાર :

સર્વેક્ષણમાં આવરી લીધેલ ૬ શહેરોમાંથી કુલ ૮૩૨૯ શિક્ષિત બા બેકાર હતાં. જેઓએ ધોરણ દસથી . ગ્રેજયુએટ સુધીનો અભ્યાસ કરેલો છે. આ શિક્ષિત બેકારોમાંથી રોજગારી વિનિમય કચેરીમાં ૪૧૯૦ (૫૦.૩૧%)એ નામ નોંધાવેલ છે. આ નામ નોંધાવેલ ૪૧૯૦માંથી ૨૮૩૮ (૬૭.૭૪%)ને એકપણ વખત ઇન્ટરવ્યુ કોલ આવેલ નથી. ૭૮૨ (૭૮.૬૬%)ને બે વખત, ૧૬૩ (૩.૮૯%)ને ત્રણ વખત અને ૭૦ (૧.૬૭%)ને ત્રણથી વધુ વખત રોજગાર કચેરી દ્વારા ઇન્ટરવ્યુ કોલ મોકલવામાં આવ્યા હતા. પરંતુ આ સૌની ફરિયાદ એવી છે કે કેટલાય સમય રોજગાર કચેરીમાંથી કોલ આવે છે પરંતુ નોકરીમાં લેવામાં આવતા નથી અથવા નોકરી મળતી નથી.

| ક્રમ | વાર્ષિક ખર્ચજૂથ | કુટુંબ સંખ્યા | ટકા |
| --- | --- | --- | --- |
| ૧. | રૂ. ૨૪૦૦ સુધી | ૨૧૭૭૬ | ૩૫.૩૫ |
| ૨. | રૂ. ૨૪૦૧થી ૩૬૦૦ | ૧૫૩૬૦ | ૨૪.૯૪ |
| ૩. | રૂ. ૩૬૦૧થી ૪૮૦૦ | ૭૪૨૪ | ૧૨.૦૫ |
| ૪. | રૂ. ૪૮૦૧થી ૭૨૦૦ | ૭૯૨૨ | ૧૨.૮૬ |
| ૫. | રૂ. ૭૨૦૦થી વધુ | ૯૧૧૩ | ૧૪.૮૦ |
| | | ૬૧૫૯૫ | ૧૦૦.૦૦ |

સર્વેક્ષણમાં આવરી લીધેલ ૬૧૫૯૫ કુટુંબોમાંથી ૧૧૮૦૦ (૧૯.૧૬%) કુટુંબો દેવાદાર હતાં. કુલ દેવાદાર કુટુંબોમાંથી ૩૭૯૪ કુટુંબોને (૩૨.૧૫%) રૂ. ૫૦૦ સુધીનું દેવું, ૧૪૬૩ (૧૨.૪૦%) કુટુંબોને ૫૦૧થી ૧૦૦૦ સુધીનું ૧૧૬૯ (૯.૯૧%)ને રૂ. ૧૦૦૧થી ૧૫૦૦ સુધીનું ૧૭૮૭ (૧૫.૧૪%)ને રૂ. ૧૫૦૧થી ૨૫૦૦ સુધીનું જ્યારે ૩૫૮૭ (૩૦.૪૦%) કુટુંબોને રૂ. ૨૫૦૦થી પણ વધુ રૂપિયાનું દેવું હતું. સૌથી વધારે દેવાદારની સંખ્યા છ શહેરોમાંથી સુરત (૪૩.૧૭%) અને વડોદરા (૩૬.૭૨%) શહેરમાં હતી. જ્યારે સૌથી ઓછા દેવાદાર કુટુંબોની સંખ્યા અમદાવાદ (૧૨.૫૪%) શહેરમાં હતી.

ઉપર્યુક્ત દેવું શાહુકાર, વેપારીઓનું હતું. દેવું કરવા પાછળ સામાજિક ખર્ચા અને નિભાવ ખર્ચ મુખ્ય હતાં. નબળી આર્થિક સ્થિતિને કારણે તેઓને દેવું કરવાની વારંવાર ફરજ પડે છે. તેઓ શાહુકાર વેપારીના દેવાના ચક્રમાંથી છૂટે તે માટે કંઇક ત્વરિત પગલાં લેવાં પડે તેવી સ્થિતિ છે.

રહેઠાણ અને આરોગ્ય :

સ્થળાંતર : ચાલુ અભ્યાસના સર્વેક્ષણમાં શહેરોનો સમાવેશ થયેલો હોવાથી સ્થળાંતર એ ખાસ ધ્યાન ખેંચાય છે. તેમાં કેટલાક ગુજરાતના વિવિધ ગામોમાંથી તો કેટલાક કુટુંબો ગુજરાત બહારથી સ્થળાંતર કરીને આવેલાં હતાં. તેની પાછળનાં કારણો કંઇક આવાં જાણવા મળ્યાં હતાં.

૧. ઓછી જમીન હોવાથી

૨. ઓછી આવક

૩. શિક્ષણની સુવિધા ઓછી

૪. શહેરમાં રોજગારીની તકો વધુ

૫. કુટુંબમાં કુસંપ

આર્થિક સ્થિતિ :

સર્વેક્ષણ નીચે આવરી લીધેલ કુટુંબોમાંથી ૪૬.૩૫% મજૂરી કરે છે. એટલે કે એમનો મુખ્ય વ્યવસાય મજૂરી કહી શકાય. ૦.૦૪% કુટુંબો ખેતી કરતાં હતાં. પરંપરાગત વ્યવસાય કરતાં માત્ર ૩.૦૦% કુટુંબો છે. નોકરી કરતાં કુટુંબોની સંખ્યા ૪૫.૩૫% હતી. નોકરીમાં સરકારી અને મિલમાં કામ કરનાર વ્યક્તિઓની ગણતરી કરેલ છે. જેની સંખ્યા ૪૧૪૪૯ છે. મજૂરી અને નોકરી બે જ વ્યવસાયમાં કુલ કુટુંબોમાંથી ૯૧.૭૦% કુટુંબો રોકાયેલાં છે. વેપારમાં ૭૮૦ કુટુંબો રોકાયેલાં હતાં. અન્ય વ્યવસાયમાં ૩.૮૯% કુટુંબો હતાં. ટૂંકમાં આ લોકોને એક વ્યવસાયમાંથી પોતાનું જીવન ગુજરાન ચલાવી શકાય તેમ ન હોવાથી તેમને અનેક પ્રકારના ધંધા રોજગારમાં જોડાવું પડે છે. એક કરતાં વધુ વ્યવાસાય કરતા હોવા છતાં સર્વેક્ષણ દ્વારા આવરી લીધેલ કુટુંબોની આર્થિક સ્થિતિ સારી જોવા મળી ન હતી. કુલ સર્વેક્ષણ કરેલ કુટુંબોમાંથી ૩૯.૮૨% કુટુંબોની વાર્ષિક આવક રૂ.૨૪૦૦ સુધીની હતી. ૨૭.૨૯% કુટુંબોની આવક રૂ. ૨૪૦૧થી ૩૬૦૦, ૧૧.૯૯%ની વાર્ષિક આવક ૩૬૦૧થી ૪૮૦૦ સુધી, ૮.૮૫%ની વાર્ષિક આવક રૂ.૪૮૦૧થી ૭૨૦૦ સુધી અને માત્ર ૧૨.૫૫%ની આવક રૂ.૭૨૦૦થી વધુ હતી. કુલ કુટુંબોમાંથી ૭૯ ટકા કુટુંબો ગરીબીની રેખા નીચે જીવન વ્યતીત કરતાં હતાં. માસિક માથાદીઠ આવક રૂ.૫૯ હતી.

સર્વેક્ષણ કરેલ કુટુંબોમાંથી ગરોડા-ગરો, માહયાવંશી, મહાર, નાડિયા-હાડી, સેનવા, ભરગર-તીરબંદા અને તુરીની આર્થિક સ્થિતિ ઘણી જ કપરી હતી. આ જ્ઞાતિનાં ૬૦% કે તેથી વધુ કુટુંબોની વાર્ષિક આવક રૂ.૨૪૦૦ સુધીની હતી.

વપરાશી ખર્ચ :

આગળ જોયું તેમ અનુસૂચિત જાતિના લોકોની આવક ઓછી છે. આથી તેમને ખૂબ જ કરકસરથી રહેવું પડે છે. બીજી રીતે કહીએ તો પ્રાથમિક જરૂરિયાતની વસ્તુઓ પણ તેઓ વાપરી શકતા નથી તેવું જોવા મળ્યું. તપાસમાં આવરી લીધેલ કુટુંબોનું વાર્ષિક વપરાશી ખર્ચ નીચે પ્રમાણે હતું.

નીચે જણાવેલ આંકડાથી ખ્યાલ આવશે કે આ લોકોનો માથાદીઠ ખર્ચ (રૂ.૭૫૪) ઘણો ઓછો છે. માથાદીઠવાર્ષિક ખર્ચ રૂ.૭૫૪થી ઓછો હોય તો તે ગરીબી રેખા નીચે જીવન જીવે છે તેમ કહેવાય. એ માપદંડ ધ્યાનમાં લઈએ તો કુલ કુટુંબોમાંથી ૭૨% કુટુંબો ગરીબીની રેખા નીચે જીવન વ્યતીત કરતાં હતાં.

૬. સામાજિક અને વર્ગ દબાણને કારણે

૭. સગા સંબંધીઓ દ્વારા

હાઉસિંગની વિગત : નવી બનતી સોસાયટીઓમાં હરિજનો સભાસદ થતા જાય છે. સર્વેક્ષણમાં આવરી લીધેલાં ૬૧૫૯૫ કુટુંબોમાંથી ૧૧૯૬ કુટુંબો જુદી જુદી હાઉસિંગ સોસાયટીના સભાસદો બન્યા છે. તેમાંથી ૧૦૩૦ (૮૬.૧૨%) કુટુંબોને મકાન મળ્યાં નથી. તેની પાછળ વિવિધ કારણો જોવા મળ્યાં.

૧. ૮૮ (૭.૩૬%) કુટુંબોના મકાનનું કામકાજ ચાલુ છે.

૨. ૫૩ (૪.૪૪%) કુટુંબોના પૈસા પૂરા ભરાયા નથી

૩. ૨૦ (૧.૬૮%) કુટુંબોને સોસાયટીના ઝઘડા છે.

૪. ૫ (૦.૪૨%) કુટુંબોને અન્ય કારણોસર મકાન મળ્યાં નથી.

રહેઠાણ : તપાસેલ શહેરોમાં અનુસૂચિત જાતિના લોકો મકાનો મોટાભાગનાં સ્થળોએ મુખ્ય વિસ્તારની બહાર જોવા મળ્યાં હતાં. અમુક સ્થળોએ તો શહેરની ગંદકી તેમના મહોલ્લામાં જ આવતી હતી. અથવા તો ગંદવાડને ઇરાદાપૂર્વક નાંખવામાં આવતો હતો. મકાનોની સ્થિતિ ઘણી જ ખરાબ હતી. મકાનો ૧૦ ૧૦X૧૨નાં હતાં કે ૧૨X૧૫નાં હતાં. જનસંખ્યાની રીતે જોઇએ તો ૮થી ૧૨ સ્ત્રી પુરુષો સાથે રહેતાં હોય તેવું પણ જોવા મળ્યું. કુલ ૬૧૫૯૫ કુટુંબોમાંથી ૩૫૯ (૫૮.૪૨%) કુટુંબો પોતાની માલિકીના મકાનોમાં રહેતા હતાં. જ્યારે ૨૫૬૧૪ (૪૧.૫૮%) કુટુંબો ભાડાના મકાનમાં રહેતાં હતાં. મકાનમાં સામાન્ય સુવિધા તદ્દન ઓછી અથવા નહીવત. જેમ કે ૪૧૦૨૩ કુટુંબોને જાજરૂ માટે કોઇ વ્યવસ્થા નથી, ૨૫૦૭૧ કુટુંબોને નાવણિયાની અથવા મોરીની સગવડ નહોતી. ૨૪૮૦૮ કુટુંબોના ઘેર પાણીના નળ નહોતા. ૩૪૩૧૯ કુટુંબોને ત્યાં પાણીના નિકાલની વ્યવસ્થા મકાનમાં ન હતી અને ૫૭૦૦૭ કુટુંબોના મકાનમાં કોઇપણ પ્રકારે ધુમાડો બહાર નીકળવાની વ્યવસ્થા નહોતી.

ઉપર્યુક્ત આંકડાકીય ચિત્રથી સ્પષ્ટ ખ્યાલ આવશે કે અનુસૂચિત જાતિના સભ્યો માટે રહેઠાણ માટે ત્વરિત આયોજન ઘડવું પડે તેમ છે.

ઘરથાળનો પ્લોટ :

સર્વેક્ષણમાં આવરી લીધેલા ૬૧૫૯૫ કુટુંબોમાંથી માત્ર ૩૯૯ કુટુંબોને એટલે કે ૦.૬૫%ને ઘરથાળના પ્લોટ ફાળવવામાં આવ્યા હતા. તે સંખ્યા જૂજ છે. સંતોષકારક તો નહીં જ. વળી પ્લોટ ફાળવણી પણ યોગ્ય ન હતી. જેમ કે શહેરથી ઘણો દૂર, ખાડા ટેકરાવાળી જગ્યા વગેરે. ઘરથાળના પ્લોટ આપવાનું અમલીકરણ પણ અમુક સ્થળે નથી થયું જેમ કે જામનગર.

આરોગ્ય :

તપાસ દરમિયાન કુલ ૩૨૧૪૬૨ વ્યક્તિઓમાંથી ૧૪૯૮ (૦.૪૭%) વ્યક્તિઓ કોઇને કોઇ મહાવ્યાધિથી પીડાતી હતી. આ મહાવ્યાધિથી પિડાતા રોગોમાંથી ૫૨૮ (૩૫.૨૫%) વ્યક્તિઓ ક્ષયના રોગથી, ૧૦૦ (૬.૬૮%) કેન્સર, ૩૯૯ (૨૬.૬૪%) દમ, ૨૯ (૧.૯૪%) પાંડુરોગ, ૧૧૪ (૭.૬૧%) લકવા અને ૨૨૭ (૧૫.૧૬%) અન્ય મહારોગથી પીડાતા હતા.

ઉપર્યુક્ત દર્દીઓને સમાજ કલ્યાણ ખાતા તરફથી આર્થિક સહાય આપવામાં આવે છે. જેનો લાભ લેનારની સંખ્યા ઘણી જ નાની છે. લાંબી માંદગીથી પીડાતી કુલ ૧૪૯૮ વ્યક્તિઓમાંથી માત્ર ૧૨૧ (૮.૦૮%) વ્યક્તિઓને કુલ રૂપિયા ૬૦૮૯ નો લાભ મળ્યો હતો. જે સરેરાશ રૂ. ૫૦ થાય છે.

ખોડખાંપણ :

કુલ વ્યક્તિઓમાંથી ૯૧૩ ખોડખાંપણવાળી વ્યક્તિઓ હતી. આમાં સૌથી વધુ સંખ્યા લૂલા, બહેરા, અંધળા અને બાળ લકવાની હતી. કુલ ૯૧૩ ખોડખાંપણવાળી વ્યક્તિઓમાંથી ૩૦૫(૦.૧૦%) ૧થી ૧૪ વર્ષની ઉંમરના બાળકો હતાં.

અનુસૂચિત જાતિના વસવાટવાળા ફળિયામાં પાયાની સુવિધાઓ :

તપાસમાં આવરી લીધેલ છ શહેરોના મળી કુલ ૬૭૨ મહોલ્લા થાય છે. આ મહોલ્લાઓમાં હાલ કઈ કઈ સુવિધાઓ છે તે અંગે જે માહિતી મળી તે આ પ્રમાણે છે :

મહોલ્લાની વસવાટની સ્થિતિ : મહોલ્લાની આજુબાજુ ગંદગી, જાહેર જાજરૂનો અભાવ, પાણીના નિકાલની વ્યવસ્થાનો અભાવ, ગંદી ચાલીઓ. આ બધાથી હરિજન મહોલ્લાનું વાતાવરણ ઘણું જ ગંદુ બની જાય છે. વળી આ લોકોના વસવાટ નજીક ઉદ્યોગ હોવાથી આખું વાતાવરણ પ્રદુષણયુકત બની જાય છે.

મહોલ્લાના દીદાર : મહોલ્લામાં જે પ્રાથમિક જરૂરિયાત જોઇએ તેનો ઘણો જ અભાવ જોવા મળ્યો. (૧) મહોલ્લાઓને જોડતા રસ્તાઓમાં ૬૭૨માંથી ૩૭૬ કાચા હતા. ૨૯૬ પાકા હતા. હરિજન મહોલ્લાને મુખ્ય રસ્તાથી જોડતા રસ્તાઓમાં ૩૧૨ કાચા હતા, ૩૬૦ પાકા હતા.

(૨) ૬૭૨ મહોલ્લામાંથી માત્ર ૧૭૮માં પગથી હતી, ૪૯૪ મહોલ્લામાં નહોતી. કુલ મહોલ્લામાંથી ૨૪૪માં પથ્થર ઈંટ પૂરેલાં છે અને ૪૨૮માં પથ્થર ઈંટ પૂરેલાં નથી. ૪૨૦ મહોલ્લામાં કાદવ થાય છે(૩) ૬૭૨ મહોલ્લામાંથી ૪૭૦માં ભૂગર્ભ ગટર છે, ૨૦૨માં નથી. જયારે ૩૯૯ની આજુબાજુ પાણી ભરાઇ રહે છે. (૪) ૭ ૬૭૨ મહોલ્લામાંથી ૨૯૩માં ઢૂંડ ભરી રહે છે. ૩૬૮ની આજુબાજુ

ઉકરડા છે. ૪૩૭ની આજુબાજુ શહેરના કચરાનો નિકાલ થાય છે. ૯૭ મહોલ્લામાં સામાજિક દબાણ કરવામાં આવેલ છે. (૫) ૫૧ મહોલ્લાની આજુબાજુ પ્રસંગો માટે વાડી છે પણ તેમાંથી ૪૪ મહોલ્લાવાળાને ઉપયોગ કરવા દેતા નથી.

પીવાના પાણીની વ્યવસ્થા : ૬૭૨માંથી ૫૦૧ મહોલ્લામાં પાણીના નળની વ્યવસ્થા છે. સવાર સાંજ બંને સમય પાણી મળી રહે છે. પીવાનું પાણી ભરવા માટે ૬૭૨ મહોલ્લામાંથી ૫૦૧ ઘરના નળેથી, ૧૫૫ સ્ટેન્ડપોસ્ટથી અને ૧૬ કુવા પરથી પાણી ભરતા હતાં. ૪૬૭ મહોલ્લાઓને પાણીનો પુરવઠો પૂરતો છે. ૨૦૫ મહોલ્લાઓને પાણીનો પૂરવઠો પૂરતો નથી.

વીજળી તથા અન્ય સવલતો : ૬૭૨ મહોલ્લામાંથી ૫૭૪ મહોલ્લાઓમાં વીજળીની સગવડ છે. ૯૮ મહોલ્લાઓમાં નથી. કુલ ૧૩૬૬ થાંભલા છે. ૨૯૫ મહોલ્લાઓમાં થાંભલા પૂરતા છે. ૩૭૭માં થાંભલા પૂરતા નથી. બધા મહોલ્લાઓમાંથી કુલ મળી નવા ૧૭૪૭ થાંભલાની માગણી કરી છે. જે હાલ થાંભલા છે તેમાંથી ઘણા ઉપર બલ્બ ક . , ટ્યુબલાઇટ ઊડી ગયેલા છે. એટલે જે સ્થિતિ છે તે બરાબર નથી.

શિક્ષણ : ૩૫૨ મહોલ્લામાં આંગણવાડી નથી. ૩૨૦માં છે. પ્રાથમિક શાળા ૨૦૩ મહોલ્લાઓમાં છે. ૪૬૯માં નથી. ૫૯૧ મહોલ્લાઓમાં પ્રૌઢ શિક્ષણના વર્ગો નથી. ૩૯૯માં યુવા મંડળો નથી. ૫૦૨માં મહિલામંડળ નથી. ૫૦૦માં કોઇ જ્ઞાતિ મંડળ નથી. માત્ર ૧૩માં સર્વોપાનાથ મંડળ છે. આમ એકંદરે શૈક્ષણિક અને સાંસ્કૃતિક સંસ્થાઓનો અભાવ છે.

શિક્ષણ લેવાં જતાં પડતી મુશ્કેલીઓ : ૨૬૧ મહોલ્લાના બાળકોને શાળાએ જતાં જુદી જુદી મુશ્કેલીઓ પડે છે. ૨૬૧ને રસ્તાઓ ખરાબ, ૨૭૩ને ચોમાસામાં પાણી ભરાઇ રહેવું, ૩૧૨ મહોલ્લાવાળાને બસની સુવિધા નથી અને ૧૨ ને અન્ય અંતરાય નડે છે.

જાહેર જાજરૂની સગવડતા : ૩૮૭ મહોલ્લાવાળાને જાહેર જાજરૂની સગવડ હતી. ૨૮૫ને સગવડ નહોતી. તે બહાર ખુઇખુલ્લામાં જાય છે. ૬૭૨ મહોલ્લામાંથી ૩૫૫ જાજરૂ પૂરતાં છે, ૩૧૭ મહોલ્લાવાળાને જાજરૂ પૂરતાં નથી.

તબીબી કર્મચારીની મુલાકાત : પ્રાથમિક આરોગ્યની પૂછપરછ માટે મલેરિયા ખાતાના કર્મચારીઓ ૪૭૭ મહોલ્લાઓમાં મુલાકાત લે છે. ૧૯૫ મહોલ્લાઓમાં નિયમિત મુલાકાત લેતા નથી. ત્રણ માસની નોંધ કરતા હોય એવું પણ અમુક સ્થળોએથી જાણવા મળ્યું.

અન્ય જાહેર સુવિધા : ૭૯ મહોલ્લામાંથી કોઇને કોઇ મ્યુનિસિપાલીટીના સભ્ય છે. ૫૩૦ મહોલ્લામાં બસની સુવિધા છે. હોસ્પિટલ અંગે જાણતા ૪૮૮ મહોલ્લાવાળાને હોસ્પીટલ નજીક છે.

૮૬ને એક કિ.મી. સુધી, ૫૨ને ૨ કિ.મી. સુધી, ૪૬ને હોસ્પિટલ ૨ કિ.મી.થી વધુ દૂર છે. આ રીતે જાહેર સુવિધા પણ ઘણી જ ઓછી છે.

આર્થિક, સામાજિક, શિક્ષણ અને આરોગ્ય વિષયક જરૂરિયાતો :

(૧) વંશપરંપરાગત ધંધાની જરૂરિયાત : તપાસમાં આવરી લીધેલાં છ શહેરોનાં કુલ ૬૧૫૯૫ કુટુંબોમાંથી ૧૮૪૮ કુટુંબો વંશપરંપરાગત ધંધો કરે છે અને તેના વિકાસ માટે વિવિધ પ્રકારની જરૂરિયાતો જેમાં નાણાં, તાલીમ, માર્ગદર્શન અને વેચાણનો સમાવેશ થાય છે.

(૨) ખેતી વિકાસ અંગેની જરૂરિયાતો : કુલ ૬૧૫૯૫ કુટુંબોમાંથી ૧૪ કુટુંબોએ ખેતી માટેની જમીન જે કુટુંબો ધરાવે છે તેમાંથી ૧૫ કુટુંબોએ જમીન સમતળ કરવા, ૬ કુટુંબોએ પાળા બાંધવા, ૧૨ કુટુંબોએ દવાની, ૧૪ કુટુંબોએ જમીનના હપ્તા ભરવા નાણાં, ૧૪ કુટુંબોએ પાક સંરક્ષણ માટે નિદર્શનની જરૂરિયાત દર્શાવી હતી. આ ઉપરાંત ખેતીનાં સાધનોની જરૂરિયાત નીચે મુજબ દર્શાવી હતી. ખેતી ધરાવે છે તેમાંથી ૬ કુટુંબોએ લાકડાનું હળ, રાંપ, રાંપડી, સમાર, વાવણિયો, લોખંડનું હળ, પંખો, મોઘની માગણી કરી હતી. ૧૧ દવા છાંટવાના પંપ, ૬ કુટુંબોએ ગાડું. આ ઉપરાંત અમુક કિંમતના સાધનોની જરૂરિયાત પણ દર્શાવી હતી. ૨ કુટુંબોએ ઇલેકટ્રીક મોટર પંપ અને ૧ કુટુંબે ઓઇલ એન્જીનની જરૂરિયાત દર્શાવી હતી.

(૩) શાકભાજી : ૬ શહેરોમાંથી ૨૬ કુટુંબો જમીન ધરાવતાં હતાં તેમાંથી ૫ કુટુંબોએ શાકભાજીનું વાવેતર કરવા ઇચ્છે છે.

(૪) પશુપાલન : આવકના સાધન તરીકે અથવા તો આવકની વૃદ્ધિ માટે કોઈપશુની જરૂર હોય તેના અનુસંધાનમાં તપાસેલ ૬૧૫૯૫ કુટુંબોમાંથી ૫૧ કુટુંબોએ ગાય, ભેંસ, બળદ, મરઘાં-બતકાં ઊંટ અને પાડાની જરૂરિયાત દર્શાવી હતી.

(૫) પરિવહનનાં સાધનોની તેમજ રોજગાર માટેની જરૂરિયાત : આવકની વૃદ્ધિ માટે ૯૨૬૦ જરૂરિયાતો દર્શાવી હતી. જેમાં ઊંટલારી, બળદગાડું, ઓટો રીક્ષા, ટમ્પો, હાથલારી, રેંકડી, પેડલ રીક્ષા અને ઘોડાગાડીની માગણી કરી હતી. આ સિવાય આધુનિક વ્યવસાય માટેની તાલીમની જરૂરિયાત ૮૮૯૪ સભ્યોએ દર્શાવી હતી. જેમાંથી ૨૫૯ કડિયાકામ, ૧૫૮ સુથારીકામ, ૨૧૩ વાસકામ, ૫૧૧ ચર્મઉધોગ, ૫૧૧ વણાટકામ, ૩૧૧૩ ભરતગૂંથણ, ૨૪ મોલ્ડીંગની તાલીમની ઇચ્છા રાખી હતી.

(૬) બેકાર મીલ કામદારની જરૂરિયાત : સર્વેક્ષણમાં છ શહેરોમાંથી અમદાવાદમાં હાલમાં બેકાર કામદારોનો પ્રશ્ન ધ્યાનાકર્ષક છે. તેઓનું પુનઃસ્થાપન થાય તે માટે તેમજ જરૂરિયાત જાણવા પ્રયત્ન કરતાં રીક્ષા, ટમ્પો, સીવણ, ઇલેકટ્રીક સાધનો માટે, અંબર ચરખા, સ્કીન

પ્રિન્ટીંગ, ચર્મ ઉદ્યોગ, કાપડની ફેરી, રેડીમેડ કાપડના ધંધા માટે, ઓટો રીપેરર, કડિયાકામ, સુથારીકામ, વણાટકામ અને રેડિયો રીપેરરના ધંધા માટે મદદની માગણી કરી હતી.

રહેઠાણ અંગેની જરૂરિયાત :

(૭) રહેઠાણ અંગેની જરૂરિયાત : તપાસમાં આવરી લીધેલાં ૬૧૫૯૫ કુટુંબોમાંથી ૨૯૯૮૧ કુટુંબોએ અજવાળિયાં, ૨૩૦૭૭ કુટુંબોએ નિર્ધૂમ ચૂલા, ૨૩૬૮૩ કુટુંબોને નાવણિયું, ૨૨૩૭૪ કુટુંબોએ વીજળી, ૨૬૯૭૧ પાણીના નિકાલની વ્યવસ્થા, ૨૭૦૨૭ કુટુંબોએ પાણિયારા અંગેની જરૂરિયાત દર્શાવી હતી.

(૮) ખોડખાંપણ : ૯૧૩ વ્યકિતઓ જુદી જુદી ખોડખાંપણ ધરાવતી હતી. જેમણે સ્વનિર્ભર માટે કેટલીક જરૂરિયાતો દર્શાવી હતી. આમાં ૫૩ પોતાની અપંગતા માટેનાં સાધનોની, ૮૨ જણ કોઈપણ ધંધા માટે નાણાંની, ૫૩ વ્યકિતઓએ સારવાર અને ૪૨ વ્યકિતઓએ વ્યાવસાયિક તાલીમની જરૂરિયાત દર્શાવી હતી. કુલ ૩૨૧૪૬૨ વ્યકિતઓમાંથી ૩૬૧૧ વ્યકિતઓએ આરોગ્ય અંગે સારવારની તેમજ ૨૫૫૩ વ્યકિતઓએ દવા ખરીદવા આર્થિક સહાય માગી હતી.

૬::

ગુજરાત રાજયની અનુસૂચિત જાતિઓ માટેની ખાસ અંગભૂત યોજના મૂલ્યાંકન(બનાસકાંઠા જિલ્લાના સંદર્ભમાં)

અહેવાલ લેખન : હસમુખ પરમાર
સાયમન મેકવાન

સારદોહન : હસમુખ પરમાર

પ્રસ્તાવિક :

ત્રીજા વિશ્વના દેશોમાં મહત્વનું સ્થાન ધરાવતા આપણા દેશની એક વાસ્તવિકતા એ છે કે લગભગ ૫૦% કરતાં પણ વધુ વસ્તી ગરીબાઇની રેખા નીચે જીવે છે. દેશની દરેક સમસ્યામાં ગરીબાઇ અસર કરે છે. પછી તે સમસ્યા આર્થિક કે સામાજિક સમસ્યા હોય. તેથી જ રાજકીય સ્વતંત્રતા બાદ ગરીબાઇ કેમ દૂર થઇ શકે તે માટે ધ્યાન અપાયું. ખાસ કરીને ૭૦ના દાયકાની શરૂઆતથી જ ગરીબી નિવારણ માટેના વિશેષ કાર્યક્રમોનો પ્રારંભ થયો. સામાજિક આર્થિક રીતે અન્યાય તેમજ શોષણનો ભોગ બનેલી તથા ગરીબાઇની રેખા નીચે જીવતી અનુસૂચિત જાતિ તેમજ અનુસૂચિત જનજાતિ અને લઘુમતિઓ સહિતની જાતિઓની આર્થિક ઉન્નતિ અને સામાજિક ન્યાય મળે તથા તેમનું સમગ્રલક્ષી ઉત્થાન થાય એ માટે પગલાં ભરવાની સીધી જવાબદારી રાજયને સોંપવામાં આવી છે. રાજય બંધારણમાં તેની ખાસ જોગવાઇ કરવામાં આવી છે. તેના ભાગરૂપે રાજયમાં અનેકવિધ યોજનાઓ કાર્યક્રમો દ્વારા પ્રયત્નો થઇ રહયા છે. તેમાં છેલ્લે નવી તરાહની અજમાયશ કરવામાં આવી, ખાસ અંગભૂત યોજના (Special Component Plan) ની શરૂઆત ૧૯૭૫માં કરવામાં આવી. તેવી જ રીતે અનુસુચિત જનજાતિઓ માટે આદિજાતિ પેટા યોજના (Tribal Sub-Plan)ની શરૂઆત થઇ. છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં ખાસ અંગભૂત યોજનાનું મહત્વ સ્વીકારવામાં આવ્યું અને દેશમાં ૫૦% અનુસૂચિત જાતિની વસ્તીને કૌટુંબિકલક્ષી આર્થિક વિકાસના કાર્યક્રમોમાં આવરી લેવા તેવું નકકી થયું હતું.

ખાસ અંગભૂત યોજનાના અમલીકરણ માટે એવું ધોરણ નકકી કરવામાં આવ્યું કે દરેક વિકાસ યોજનાઓમાં રાજયની કુલ વસ્તીના અનુસૂચિત જાતિની વસ્તીના ટકા જેટલી જોગવાઇ અનુસૂચિત જાતિના વિકાસ માટે કરવી. આમ ગુજરાતમાં અનુસૂચિત જાતિની વસ્તી પ્રમાણે ૭% જેટલી રકમ દરેક વિકાસ યોજનામાંથી અનુસૂચિત જાતિના વિકાસ માટે ફાળવવાનું નકકી થયું. છેલ્લે ૧૯૮૪-૮૫માં આ યોજના માટે ૨૬.૯૦ કરોડની દરખાસ્ત કરવામાં આવી હતી.

**ખાસ અંગભૂત યોજનાની વિશિષ્ટતા :**

ખાસ અંગભૂત યોજનાની મહત્વની કહી શકાય તેવી નીચે પ્રમાણેની બે વિશિષ્ટતા છે :

(૧) સમયબધ્ધ અને સુઆયોજિત રીતે સિધ્ધિ હાંસલ કરવી.

(૨) સરકારના તમામ ખાતાઓ ખાસ કરીને વિકાસ સાથે સીધી રીતે સંકળાયેલા ખાતાઓને અનુસૂચિત જાતિના કુટુંબોના આર્થિક વિકાસની સીધી અને સ્વતંત્ર કહી શકાય તેવી જવાબદારી સોંપવામાં આવી છે.

**અમલીકરણ માળખું :**

રાજયકક્ષાએ સચિવશ્રી, સમાજ કલ્યાણ વિભાગ અનુસૂચિત જાતિના કલ્યાણ કાર્યક્રમોના ઈનચાર્જ તરીકે છે. તેઓ સમાજ કલ્યાણ નિયામકશ્રી અને ક્ષેત્રિય અધિકારીઓ દ્વારા યોજનાનું આયોજન અમલીકરણ કરાવે છે. સચિવકક્ષાએ જુદા જુદા વિભાગો વચ્ચે આંતરવિભાગીય સંકલન કરી તે દ્વારા અમલીકરણ કરાવે છે.

જિલ્લાકક્ષાએ નિયામકશ્રી સમાજ કલ્યાણ અને જુદા જુદા ક્ષેત્રિય અધિકારીઓ દ્વારા અનુસૂચિત જાતિઓ માટેની જુદી જુદી યોજનાઓનું અમલીકરણ કરાવે છે. આ માટે જિલ્લા કક્ષાએ પછાતવર્ગ કલ્યાણ અધિકારી વર્ગ-૧ની જગ્યા ઊભી કરવામાં આવી છે. તે જિલ્લાકક્ષાએ અમલીકરણ અંગેનું સુપરવીઝન અને સંકલન કરે છે. તાલુકાકક્ષાએ છૂટોછવાયો સ્ટાફ આ અંગે કામ કરે છે. જે રાજયના ન જુદા જુદા વડા અધિકારીઓની દેખરેખ નીચે કામ કરે છે.

**પાયાની મોજણી :**

રાજય સરકાર સાથે સીધી રીતે આ યોજના સંકળાયેલી હોઈ રાજયનું સમાજ કલ્યાણ ખાતું ખાસ અંગભૂત યોજનાનું સંયોજન કરે છે. સમાજ કલ્યાણ ખાતા દ્વારા એવો અભિગમ અપનાવવામાં આવ્યો હતો કે પ્રથમ અનુસૂચિત જાતિના કુટુંબોની સામાજિક આર્થિક મોજણી દ્વારા તેઓની જરૂરિયાતોનો અંદાજ કાઢવામાં આવે અને તે દ્વારા કુટુંબોને તેમની જરૂરિયાતો મુજબ સહાય આપવામાં આવે. તે પ્રમાણે ૧૯૮૧-૮૨ના વર્ષથી અત્યાર સુધી ૧૧૨૬ ગામોના ૧૩૨૪૨૬ કુટુંબોની મોજણી કરવામાં આવી છે. જયારે ૧૯૮૪-૮૫માં મ્યુનિસિપલ કોર્પોરેશનવાળા રાજયનાં ૬ શહેરોમાં કુલ ૬૧૫૯૫ કુટુંબોની મોજણી કરવામાં આવી છે.

**ખાસ અંગભૂત યોજના મૂલ્યાંકન :**

મૂલ્યાંકન આયોજનની પ્રક્રિયાનો એક અંતર્ગત ભાગ ગણવામાં આવે છે. 'ખાસ અંગભૂત યોજના અમલમાં આવી ત્યારથી અનુસૂચિત જાતિનાં કુટુંબોને એક યા બીજી રીતે સહાય આપવામાં આવી તે કોને કેટલી મળી, તેનો આર્થિક ઉપાર્જનમાં કેટલો ફાળો રહયો ? તેનાથી જે તે કુટુંબ ગરીબીની રેખાથી ઉપર આવ્યું ? તેની સામાજિક આર્થિક અસર કેવી પડી ? સહાયનો

યોગ્ય ઉપયોગ થયો વગેરે જાણવું ખૂબ જ જરૂરી લાગ્યું. કારણ આ બધી બાબતો જાણ્યાબાદ જરૂર લાગે ત્યાં ફેરફાર શક્ય બને અને તેના પરિણામ સ્વરૂપ સારી કામગીરી થઇ શકે. આમ રાજ્ય સરકારના સમાજ કલ્યાણ ખાતા દ્વારા આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રમાં ઊભું થયેલું 'હરિજન એકમ' દ્વારા મૂલ્યાંકનનું કામ હાથ ધરવામાં આવ્યું.

અભ્યાસના હેતુઓ :

બનાસકાંઠા જિલ્લામાં ખાસ અંગભૂત યોજના મૂલ્યાંકન અભ્યાસ કેટલાક ખાસ હેતુઓ રાખી કરવામાં આવ્યો છે. તે નીચે પ્રમાણે છે :

(૧) બનાસકાંઠા જિલ્લામાં ખાસ અંગભૂત યોજના ૧૯૮૧-૮૨ હેઠળ પસંદ કરાયેલા ગામોમાં પસંદ કરાયેલાં કુટુંબોને કયા કયા લાભ આપવામાં આવ્યા છે ? તે તેમની માગણી અનુસાર હતા ?

(૨) પસંદ કરાયેલ કુટુંબોને લાભ મેળવવામાં સંકળાયેલી કચેરીઓ અને કર્મચારીઓનો કેવો સહકાર અને અસહકાર મળ્યો તેની વિગતો ખાસ કુટુંબો પાસેથી મેળવવી.

(૩) પસંદ કરાયેલ કુટુંબોને ખાસ લાભ મેળવવામાં પડેલી મુશ્કેલીઓ જાણી, જો કામગીરી વિલંબમાં પડી હોય અથવા લાભ ન લઇ શક્યા હોય તેનાં કારણો તપાસવાં.

(૪) લાભ મળ્યા બાદ લાભીત કુટુંબના આર્થિક ધોરણમાં કંઇ પરિવર્તન આવ્યુ છે તે અંગેની વિગતો જાણવી.

(૫) અનુસૂચિત જાતિઓની વિશિષ્ટ સમસ્યાઓનો ખ્યાલ મેળવવો.

(૬) અમલની કામગીરીની રૂકાવટો જાણવી અને તે અટકાવવા પગલાં સૂચવવાં.

(૭) ખાસ અંગભૂત યોજનાના અમલ સાથે સંકળાયેલા જુદા જુદા વિભાગો વચ્ચેનું સંયોજન છે ? સંયોજન માટે ખૂટતી કડી શોધવી.

(૮) સમગ્ર અભ્યાસને ધ્યાને રાખી સુયોગ્ય સૂચનો, ભલામણો કરવી.

સંશોધન પ્રવિધિ :

(૧) મુલાકાત પધ્ધતિ : મહદ્ંશે પ્રસ્તુત મૂલ્યાંકન અભ્યાસ મુલાકાત પધ્ધતિ પર આધારિત છે. કાર્યક્ષેત્ર વખતે વ્યક્તિગત અધ્યયનની રૂએ કેટલાક કુટુંબોની મુલાકાત લેવામાં આવી હતી. ઉપરાંત સંલગ્ન અમલીકરણ અધિકારીઓની મુલાકાત લેવામા આવી હતી. આમ જુદા જુદા સ્તરના અને જુદી જુદી રીતે મુલાકાત લેવાઇ હતી. તે માટે ખાસ મુલાકાત માર્ગદર્શિકા બનાવવામાં આવી હતી.

(૨) સહભાગી નિરીક્ષણ : અભ્યાસ દરમિયાન નિરીક્ષણ પધ્ધતિનો અમલ કરવામાં આવ્યો હતો. તેમાંય ખાસ સહભાગી નિરીક્ષણ પધ્ધતિનો બહોળો ઉપયોગ કર્યો હતો.

(૩) પાયાની માહિતી અને આંકડાકીય એકત્રીકરણ : ૧૯૮૧-'૮૨માં હાથ ધરવામાં આવેલ સામાજિક આર્થિક મોજણીમાં અનુસૂચિત જાતિનાં કુટુંબોએ નોંધાવેલ વિવિધ જરૂરિયાતો જે તે ગામના જે તે કુટુંબોની નોંધને આધારે મુલાકાત લેવામાં આવી હતી.

તે ઉપરાંત તાલુકા તથા જિલ્લાકક્ષાની સંલગ્ન કચેરીઓથી થયેલી કામગીરીની આંકડાકીય માહિતી એકત્રિત કરવામાં આવી હતી.

(૪) સંદર્ભ સાહિત્ય : વિષય વસ્તુને લગતા સાહિત્યનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

નમૂના પસંદગી :

પ્રસ્તુત મૂલ્યાંકન અભ્યાસ બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકા સિવાયના ૧૦ તાલુકાઓને કાર્યક્ષેત્ર તરીકે રાખવામાં આવ્યા હતા.

અભ્યાસ માટે સૌ પ્રથમ જે ગામ ખાસ અંગભૂત યોજના હેઠળ આવરી લેવાયેલ હોય તેવા અને તાલુકા મથકથી ઓછામાં ઓછા ૧૦ કિ.મી. દૂર અને ઉંડાણના વિસ્તારના ગામોમાંથી હેતુલક્ષી નમૂના પધ્ધતિના આધારે પસંદ કરવામાં આવ્યાં હતાં. કુટુંબો દૈવનિદર્શન પધ્ધતિને આધારે પસંદ કરવામાં આવ્યાં હતાં. જેમાં નીચે પ્રમાણેની નીતિ અખત્યાર કરવામાં આવી હતી.

| ક્રમાંક | ગામનાં કુલ અનુસૂચિત જાતિનાં કુટુંબો | કુલ કુટુંબોમાંથી પસંદગી માટેનાં કુટુંબોની ટકાવારી |
|---|---|---|
| ૧. | ૧૦૦ કુટુંબો સુધી | ૫૦ ટકા |
| ૨. | ૧૦૧થી ૧૫૦ કુટુંબો | ૩૩ ટકા |
| ૩. | ૧૫૧થી વધુ કુટુંબો | ૨૫ ટકા |

આ રીતે કુટુંબો પસંદ કરતાં કુલ ૪૪૪ કુટુંબો પસંદ કરવામાં આવ્યાં હતાં.

બનાસકાંઠા જિલ્લો વસ્તી અને વિસ્તાર :

૧૯૮૧ની વસ્તી ગણતરી મુજબ બનાસકાંઠા જિલ્લાની કુલ વસ્તી ૧૬૬૭૯૧૪ની છે. જેમાં ૮૫૦૩૧૯ પુરુષો અને ૮૧૦૫૯૫ સ્ત્રીઓ છે. જિલ્લાની કુલ વસ્તીના ૧૫૨૩૭૪૬ લોકો ગ્રામ્ય વિસ્તારોમાં અને ૧૪૪૧૬૮ લોકો શહેરી વિસ્તારોમાં વસવાટ કરે છે. જિલ્લામાં કુલ વસ્તીમાંથી ૧૭૦૧૪૧ લોકો ગ્રામ્ય વિસ્તાર અને ૧૫૯૯૪ લોકો શહેરી વિસ્તારોમાં વસે છે.

ગુજરાત રાજયના ૧૯ જિલ્લાઓમાં ઉત્તર સરહદે બનાસકાંઠા જિલ્લો આવેલો છે. જિલ્લાની ઉત્તર સરહદે રાજસ્થાન રાજયનો મારવાડ અને શિરોહીનો વિસ્તાર પૂર્વ વિસ્તારમાં સાબરકાંઠા જિલ્લો, દક્ષિણ દિશામાં મહેસાણા જિલ્લો અને પશ્ચિમ દિશામાં કચ્છનું રણ આવેલું છે. જિલ્લાનું ભૌગોલિક સ્થાન તપાસીએ તો આ જિલ્લો ૨૩.૩૩ થી ૨૪.૪૫ ઉત્તર અક્ષાંશ અને ૭૧.૦૩થી ૭૩.૦૨ પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે. જિલ્લામાં ૧૩૬૮ ગામો ઉપરાંત ૫ શહેરી વિસ્તારોની કુલ ૧૧ તાલુકાઓ છે. દાંતા તાલુકાને આદિવાસી પેટા યોજના નીચે આવરી લેવામાં આવ્યો છે. જિલ્લામાં કેટલોક ડુંગરાળ પ્રદેશ તથા થરાદ-વાવનો વિસ્તાર રણ પ્રદેશ જેવો છે. જિલ્લામાં બનાસ અને સરસ્વતી જેવી જ મધ્યમ કક્ષાની નદીઓ વહે છે.

<u>માંગ અને સંતોષનું ક્ષેત્રવાર વિશ્લેષણ :</u>

૧૯૮૧-૮૨માં કરવામાં આવેલી મોજણી દરમિયાન નોંધાયેલી અનુસૂચિત જાતિના કુટુંબોની વિવિધ જરૂરિયાતોને અનુકૂળતા ખાતર જુદા જુદા વિભાગોમાં (ક્ષેત્રમાં) વહેંચી નાંખવામાં આવી છે. જેમ કે રહેઠાણ, ખેતી, પશુપાલન વગેરે તે પ્રમાણે તે સામે થયેલ કામગીરીનું તુલનાત્મક વિશ્લેષણ હવે જોઇએ.

<u>રહેઠાણ :</u>

ખાસ અંગભૂત યોજના દ્વારા રહેઠાણ અંગેની જરૂરિયાત સંતોષાય છે. તેમાં નવાં મકાનો, મકાન મરામત તથા મફત પ્લોટ આપવામાં આવે છે. રહેઠાણ પૂરી પાડવા બાબતમાં ધ્યાન ખેંચે તેવી બાબતો આ પ્રમાણે છે :

(૧) ઘરથાળ માટે ફાળવવામાં આવતી જગ્યા ગામથી દૂર હોય છે.

(૨) અનુકૂળ જગ્યાએ પ્લોટ ફાળવાતા નથી.

(૩) મફત રહેઠાણ બનાવી આપવાની યોજનામાં મકાન બાંધકામ તાલુકા પંચાયત દ્વારા કોન્ટ્રાકટ આપી કરવામાં આવતો હોવાથી મકાન બાંધકામ ખૂબ જ કંગાળ થાય છે. પરંતુ જો વ્યકિતગત રીતે રકમ ફાળવી બાંધકામ કરવાની સવલત અપાય તો પોતે મજૂરી કરી તથા થોડુ ઘણું રોકાણ કરી સારું મકાન બનાવી શકે.

(૪) મકાન બનાવવા જે રકમ નકકી કરવામાં આવી છે તેનાથી હાલની મોંઘવારીમાં મકાન બની શકે જ નહીં. તે માટે રકમ વધારવી જોઇએ તથા લાભાર્થી પણ અમુક ટકા ફાળો આપે તેવી વ્યવસ્થા થાય તો મજબૂત મકાન બની શકે.

(૫) કેટલીક જગ્યાએ પ્લોટ સ્મશાનમાં કે સ્મશાનની બાજુમાં ફાળવવામાં આવતા હોય છે.

(૬) પ્લોટ ફાળવવામાં કેટલીક જગ્યાએ ખરેખર જરૂરિયાતવાળા રહી જવા પામે છે, જયારે અન્યને ફાળવાય છે. આમ ક્ષેત્રકાર્ય દરમિયાન ઉપરોકત બાબતો ધ્યાનમાં આવી.

ગુજરાત રાજયના ૧૯ જિલ્લાઓમાં ઉત્તર સરહદે બનાસકાંઠા જિલ્લો આવેલો છે. જિલ્લાની ઉત્તર સરહદે રાજસ્થાન રાજયનો મારવાડ અને શિરોહીનો વિસ્તાર પૂર્વ વિસ્તારમાં સાબરકાંઠા જિલ્લો, દક્ષિણ દિશામાં મહેસાણા જિલ્લો અને પશ્ચિમ દિશામાં કચ્છનું રણ આવેલું છે. જિલ્લાનું ભૌગોલિક સ્થાન તપાસીએ તો આ જિલ્લો ૨૩.૩૩ થી ૨૪.૪૫ ઉત્તર અક્ષાંશ અને ૭૧.૦૩થી ૭૩.૦૨ પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે. જિલ્લામાં ૧૩૬૮ ગામો ઉપરાંત ૫ શહેરી વિસ્તારોની કુલ ૧૧ તાલુકાઓ છે. દાંતા તાલુકાને આદિવાસી પટા યોજના નીચે આવરી લેવામાં આવ્યો છે. જિલ્લામાં કેટલોક ડુંગરાળ પ્રદેશ તથા થરાદ-વાવનો વિસ્તાર રણ પ્રદેશ જેવો છે. જિલ્લામાં બનાસ અને સરસ્વતી જેવી બે મધ્યમ કક્ષાની નદીઓ વહે છે.

**માંગ અને સંતોષનું ક્ષેત્રવાર વિશ્લેષણ :**

૧૯૮૧-૮૨માં કરવામાં આવેલી મોજણી દરમિયાન નોંધાયેલી અનુસૂચિત જાતિના કુટુંબોની વિવિધ જરૂરિયાતોને અનુકૂળતા ખાતર જુદા જુદા વિભાગોમાં (ક્ષેત્રમાં) વહેંચી નાખવામાં આવી છે. જેમ કે રહેઠાણ, ખેતી, પશુપાલન વગેરે તે પ્રમાણે તે સામે થયેલ કામગીરીનું તુલનાત્મક વિશ્લેષણ હવે જોઇએ.

**રહેઠાણ :**

ખાસ અંગભૂત યોજના દ્વારા રહેઠાણ અંગેની જરૂરિયાત સંતોષાય છે. તેમાં નવાં મકાનો, મકાન મરામત તથા મફત પ્લોટ આપવામાં આવે છે. રહેઠાણ પૂરી પાડવા બાબતમાં ધ્યાન ખેંચે તેવી બાબતો આ પ્રમાણે છે :

(૧) ઘરથાળ માટે ફાળવવામાં આવતી જગ્યા ગામથી દૂર હોય છે.

(૨) અનુકૂળ જગ્યાએ પ્લોટ ફાળવાતા નથી.

(૩) મફત રહેઠાણ બનાવી આપવાની યોજનામાં મકાન બાંધકામ તાલુકા પંચાયત દ્વારા કોન્ટ્રાક્ટ આપી કરવામાં આવતો હોવાથી મકાન બાંધકામ ખૂબ જ કંગાળ થાય છે. પરંતુ જો વ્યક્તિગત રીતે રકમ ફાળવી બાંધકામ કરવાની સવલત અપાય તો પોતે મજૂરી કરી તથા થોડું ઘણું રોકાણ કરી સારું મકાન બનાવી શકે.

(૪) મકાન બનાવવા જે રકમ નક્કી કરવામાં આવી છે તેનાથી હાલની મોંઘવારીમાં મકાન બની શકે જ નહીં. તે માટે રકમ વધારવી જોઇએ તથા લાભાર્થી પણ અમુક ટકા ફાળો આપે તેવી વ્યવસ્થા થાય તો મજબૂત મકાન બની શકે.

(૫) કેટલીક જગ્યાએ પ્લોટ સ્મશાનમાં કે સ્મશાનની બાજુમાં ફાળવવામાં આવતા હોય છે.

(૬) પ્લોટ ફાળવવામાં કેટલીક જગ્યાએ ખરેખર જરૂરિયાતવાળા રહી જવા પામે છે, જયારે અન્યને ફાળવાય છે. આમ ક્ષેત્રકાર્ય દરમિયાન ઉપરોકત બાબતો ધ્યાનમાં આવી.

વંશપરંપરાગત વ્યવસાયમાં પડતી મુશ્કેલીઓનો ખાસ દ્રષ્ટિકોણથી અભ્યાસ કરવામાં આવેલો તે અનુસાર આ બાબત બનાસકાંઠા જિલ્લા પૂરતી સિમિત ન રહેતાં સમગ્ર વંશપરંપરાગત વ્યવસાયને લાગુ પડે છે.

(૧) વ્યવસ્થાતંત્રનો અભાવ

(૨) કાચા માલનો અભાવ

(૩) વેચાણ માળખાનો અભાવ

(૪) પ્રોત્સાહનનો અભાવ

(૫) બાબાઆદમ વખતની એ જ જૂની ઢબ અને એ જ જૂની મશીનરી.

બેકારી નિવારણને લક્ષમાં રાખી ખાસ કરીને યુવાનોને રોજગારી પ્રાપ્ત । થાય તે માટે થોડી મૂડીને લઇ વ્યવસાય કરી શકે તેવી તાલીમ આપવામા આવે છે. તથા તે માટે આર્થિક સહાય આપવામાં આવે છે. તેમાં ખાસ કરીને ઊંટલારી, હાથલારી (ચાર પૈડા તથા બે પૈડાવાળી) સીવણ કામ માટેનું મશીન, અનાજ દળવાની ઘંટી, સાયકલ સ્ટોર., ઘડિયાળ રીપેરીંગ, રેડિયો રીપેરીંગ, ઓટો મોબાઇલ્સ, સુથારીકામ, કડિયાકામ, હીરા ઘસવાની ઘંટી, હાથસાળ તથા હેરકટીંગ સલુન, કાપડફેરી, કરિયાણાની દુકાન, શાકભાજીની લારી, ટાઇલ્સ પોલીસીંગ મશીન, શેરડીના રસનો સંચો તથા એર કોમ્પ્રેસર મશીન આપવામાં આવે છે.

આવી રીતે લગભગ દરેક પ્રકારની જરૂરિયાતોને સંતોષી શકાય એવું આયોજન ખાસ અંગભૂત યોજનામાં કરવા માટે જરૂરિયાતો નોંધી હતી. તે જરૂરિયાતો સામે કેટલી કામગીરી થઇ છે  તે કોઠા દ્વારા ખ્યાલ આવશે.

અભ્યાસ માટે પસંદગી પામેલાં કુટુંબોની ૧૯૮૧-૮૨ની જરૂરિયાતો સામે ૧૯૮૪ જુલાઈ સુધી સંતોષાયેલી જરૂરિયાત દર્શાવતું પત્રક

| ક્રમ | તાલુકો | રહેઠાણ | | ખેતી | | પશુધન | | આરોગ્ય | | વંશપરંપરાગત ધંધો | | નવા ધંધા | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અ | બ | અ | બ | અ | બ | અ | બ | અ | બ | અ | બ | અ | બ |
| ૧. | વાવ | ૩૨ | ૧૧ | ૨૯ | - | ૨૮ | ૨ | ૫ | - | ૨૭ | - | ૩ | ૧ | ૧૨૪ | ૧૪ |
| ૨. | થરાદ | ૭૦ | ૩૩ | ૮૭ | ૩ | ૩૭ | - | ૧૩ | ૨ | ૩૫ | ૭ | ૨૭ | ૨ | ૨૬૯ | ૪૭ |
| ૩. | સાંતલપુર | ૧૨૭ | ૨૨ | ૧૦૦ | ૮ | ૭૭ | - | ૧૬ | - | ૪૩ | ૨૨ | ૪૨ | ૫ | ૪૦૫ | ૫૭ |
| ૪. | ડીસા | ૧૨૯ | ૨૨ | ૧૬૭ | ૯ | ૩૭ | ૮ | ૫ | - | ૪ | ૫ | ૯ | ૩ | ૩૫૧ | ૪૭ |
| ૫. | કાંકરેજ | - | ૫૩ | - | ૧૦ | ૧૦ | ૬ | ૨ | - | ૧૭ | ૧૧ | ૪ | ૩ | ૩૩ | ૮૩ |
| ૬. | રાધનપુર | ૮ | - | ૪૦ | ૬ | ૪ | ૩ | ૧ | - | ૫ | ૧ | ૧ | ૨ | ૫૯ | ૧૨ |
| ૭. | પાલનપુર | ૬૪ | ૬ | ૩૪ | - | ૨૨ | ૪ | ૨ | - | ૩૧ | - | ૨૯ | ૧૨ | ૧૮૨ | ૨૨ |
| ૮. | દિયોદર | ૮૫ | ૨ | ૪૪ | - | ૧૫ | - | ૨૮ | - | - | - | - | - | ૧૭૨ | ૨ |
| ૯. | ધાનેરા | ૧૧ | ૩ | ૪૬ | - | ૪૪ | - | ૫ | ૬ | - | ૪ | ૩૪ | ૧ | ૧૪૦ | ૧૪ |
| ૧૦. | વડગામ | ૬૮ | ૯ | ૧૬ | - | ૧૧ | ૩ | ૬ | - | ૩૦ | - | ૧૦ | ૪ | ૧૪૧ | ૧૬ |
| | કુલ | ૫૦૪ | ૧૬૧ | ૫૬૩ | - | ૨૮૫ | ૨૬ | ૮૩ | ૮ | ૧૯૨ | ૫૦ | ૧૫૯ | ૩૩ | ૧૮૭૬ | ૩૧૪ |

નોંધ અ એટલે જરૂરિયાત

બ એટલે સંતોષાયેલ જરૂરિયાત

આમ જો ટકાવારીની દૃષ્ટિએ જોઇએ તો ૨૯૯૦ણ એની ક્ષેત્રમાં ૨૬.૯૩% કામગીરી નોંધાઇ છે. જયારે ખેતીમાં ફક્ત ૬.૩૭%, પશુપાલનમાં ૯.૧૨%, આરોગ્યમાં ૧૩.૨૫% અને વંશપરંપરાગત તથા નવા વ્યવસાયોમાં ૨૨.૭૯% કામગીરી થયેલી માલુમ પડશે.

ઉપરોક્ત કામગીરીમાંપણ કેટલીક જગ્યાએ લાભો લેવડાવેલ જોવા મળે છે. અભ્યાસમાં જુદા જુદા કુલ ૩૧૫ લાભો આપવામાં આવ્યા હતા. જેમાં એક વખત જેમણે લાભ મેળવ્યો છે તેવા ૧૧૫ લાભો છે. જે ૫૭.૭૯% છે. જયારે બે લાભો મેળવ્યા છે તેવા ૫૫ની સંખ્યા છે. જે ૨૭.૬૫% છે. જયારે ત્રણ વખત લાભ મેળવ્યા હોય તેવા ૨૬ની સંખ્યા છે. જેની ૧૩.૦૭ ટકાવારી છે. જયારે ચાર લાભ મેળવનારની સંખ્યા ૩ની છે. જેની ટકાવારી ૧.૫૦% છે. જયારે કામગીરીનું પ્રમાણ ઓછું છે ત્યારે લાભો ન લેવડાય તે ખાસ જોવાનું જોઇએ અને જેમને બિલકુલ લાભ મળ્યો નથી તેમને લાભ મળે તે બાબત અમલીકરણ વખત ખાસ ધ્યાન આપવું ખૂબ જ જરૂરી છે.

અમલીકરણ અંગેની મુશ્કેલીઓ :

અધિકારીઓ / સ્ટાફની અમલીકરણ અંગેની મુશ્કેલીઓ :

(૧) પૂરતા સ્ટાફનો અભાવ

(૨) એક કરતાં વધુ જિલ્લાનો ચાર્જ પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી પાસે હોવાથી કામને પૂરતો ન્યાય ન આપી શકે.

(૩) લાભાર્થીઓ મળતા નથી

(૪) ખાતાના અમલીકરણ અધિકારીઓ વચ્ચે સંકલન હોવું જોઇએ. વ્યવસ્થા એક કડીરૂપ હોવી જોઇએ.

(૫) દેખરેખ અધિકારીશ્રી દ્વારા અનુસરણકાર્ય થવું જોઇએ જે થતું નથી.

(૬) અમલીકરણ વ્યવસ્થા સરળ બનાવવી જોઇએ. જેથી વહીવટી ગૂંચ ઘટે અને કામનો વિલંબ ઘટાડી શકાય. દા.ત. ફોર્મમાં જે દસ્તાવેજ જોઇએ તેના પેરફોર્મા છાપીને જ આપવા જોઇએ. અરજદાર ફક્ત જે તે જવાબદાર વ્યક્તિની સહી જ કરાવવી રહે.

(૭) વર્ષના અંતે બિનઆયોજિત ખર્ચ પડે તેના કરતાં શરૂઆતથી જ તેનું આયોજન પ્રમાણે કામ થવું જોઇએ જે થતું નથી.

(૮) અમલીકરણ અગાઉ નોંધાયેલ જરૂરિયાતને લક્ષમાં લઇ કરવું જોઇએ.

નાણાકીય સંસ્થાઓની મુશ્કેલીઓ :

(૧) નાનાં ધિરાણો પ્રત્યે બેન્કોની અરૂચિ ઉપલા સ્તરેથી જ દબાણ આવતાં ધિરાણ થાય છે જેમાં યોજનાનો હેતુ સરતો નથી.

(૨) નાણાંકીય સંસ્થાઓએ વ્યવહારૂ અભિગમ અપનાવી કેસોનું પ્રમાણ ઘટાડવું જોઇએ.

(૩) બેન્કશાખાઓનું પ્રમાણ ઓછું હોય ત્યાં અંતરને ધ્યાનમાં ન રાખી ધિરાણ કરવું જોઇએ.

(૪) દરેક બેન્કો / સહકારી મંડળીઓ ધિરાણ કરે તે માટે કડક નીતિ અખત્યાર કરવી જોઇએ.

અરજદારોની મુશ્કેલીઓ :

(૧) અરજદારોનું અજ્ઞાન

(૨) સરળ અને ટૂંકી પ્રક્રિયા જરૂરી

(૩) અધૂરી વિગતો આપે છે.

(૪) યોજનાના લાભો મેળવવામાં અઘિરું અનુકરણ

(૫) લાંચ રૂશ્વત

(૬) અરજદારો પ્રત્યેનું ઉપેક્ષાભર્યું વલણ

પરિવર્તન :

ખાસ અંગભૂત યોજનાનો લાભ મેળવેલ કુટુંબોની મુલાકાત લેવામાં આવી ત્યારે તેઓને મળેલ સહાયથી તેમના સામાજિક આર્થિક જીવન ઉપર તેની શું અસર થઇ તે બાબત જાણવા પરત્વે ખાસ લક્ષ આપવામાં આવ્યું હતું. પ્રસ્તુત મૂલ્યાંકન અભ્યાસ એ દ્વિતીય માહિતી પર આધારિત હોઇ તેઓની આવકના આંકડા ઉપરથી કે જીવનધોરણ ઉપરથી કેટલાં કુટુંબો ગરીબીરેખાથી ઉપર આવ્યાં તે આંકડા દ્વારા કહેવું મુશ્કેલ છે. તેમ છતાંય કોને કેટલી અને શું સહાય મળી તે અને તેનાથી એટલે કે સહાયથી પડેલી અસર વ્યક્તિગત મુલાકાત દ્વારા જાણી સર્વલક્ષી તારણ બાંધી શકાય તે હકીકત છે.

રહેઠાણ :

રહેઠાણ અંગે અપાયેલી વિવિધ સહાયમાં મફત પ્લોટ ફાળવણીની યોજના અમુક અડચણો, મુશ્કેલીઓને બાદ કરતાં સારી એવી અસર ઉપજાવી છે તે લાભીનોને લાભદાયી નીવડી રહી છે. લોકો સંતોષની લાગણી વ્યક્ત કરે છે. લોકોએ સરકારી મદદ ઉપરાંત પોતાના પૈસા ઉમેરીને પણ મકાનો બનાવ્યાં છે. તેમ છતાં હજુ તેના અમલીકરણ વખતે આપણે અગાઉ જોઇ ગયા તે બાબતોને ધ્યાનમાં રાખી તેવું ન થાય. તેમાં કેટલાંક સ્થાપિત હિતોનો ઇજારો તોડવો જોઇએ. આમ તો રહેઠાણ અંગેની ૨૬.૯૩% કામગીરી એ ઉત્સાહજનક નથી ઊલટાની ગતિ મંદ દર્શાવે છે.

ખેતી :

ભારતીય જનજીવન સાથે સતત સંકળાયેલ ખેતીનું આપણે સૌ પ્રાધાન્ય સમજવા લાગ્યા છીએ. તેથી જ અનુસૂચિત જાતિના લોકોની આવક વધે તે માટે જેમની પાસે બિલકુલ જમીન નથી તેમને જમીન આપવી, જેમની પાસે જમીન છે તેમને તેમાંથી વધુ ઉત્પાદન મેળવી શકે એ માટે વિવિધ સહાય આપવામાં આવે છે.

બનાસકાંઠા જિલ્લામાં ખેતીને લગતી સહાય પૂરી પાડવાની કામગીરી ખૂબ જ કંગાળ કહી શકાય એવી છે. માત્ર ૬.૩૭% કામગીરી ખેતી અંગેની થયેલી છે. જે દરેક ક્ષેત્ર કરતાં સૌથી ઓછી છે. ઉપરાંત ખેત સહાયથી ખાસ કોઇ જ અસર જોવા મળતી નથી. ખેતક્ષેત્રે ખૂબ જ ધ્યાન આપવાની જરૂરિયાતનો નિર્દેશ તે ક્ષેત્રે થયેલી કામગીરીની ટકાવારી જ આપે છે.

પશુપાલન :

દિવસે દિવસે પશુપાલન પ્રત્યે ગ્રામ્યપ્રજાનો ઝોક વધતો ચાલ્યો છે. તે જ તેની સફળતા દર્શાવે છે. પરંતુ પશુપાલન અંગેની અનુસૂચિત જાતિને સહાય પૂરી પાડવામાં કેટલી સફળતા મળી એ આપણે જોઇએ તો બનાસકાંઠા જિલ્લામાં ૯.૧૨% કામગીરી થઇ છે. તેમ છતાં જેઓને સહાય મળી છે તેનો જેઓએ ખરા અર્થમાં ઉપયોગ કર્યો છે તેમને તે પૂરક આવકનું સાધન બન્યું છે.

વંશપરંપરાગત અને નવા ધંધા :

મરવાના વાંકે જીવી રહયા હોય એવી હાલત ગામડામાં વંશપરંપરાગત ધંધાઓની છે. તેમને અધ્ધર ઉઠાવી ગતિશીલ કરવાના પ્રયત્નો થાય છે. બનાસકાંઠા જિલ્લામાં નવા ધંધા અને વંશપરંપરાગત ધંધાઓ અંગેની સહાય આપવાનું પ્રમાણ ૨૨.૭૯% જેટલું રહયું છે. તેમાં વણાટકામને બાદ કરતાં અન્ય નવા ધંધા કે વંશપરંપરાગત વ્યવસાય દ્વારા આવક વધ્યાનું પ્રમાણ મળતું નથી.

આરોગ્ય :

લાંબી માંદગી કે ખોડખાપણવાળાને સહાયથી લાભ થયો હોય, રોગ મટયો હોય તેવું ધ્યાને આવતું નથી.

અનુસૂચિત જાતિની વિશિષ્ટ સમસ્યાઓ :

કાર્યક્ષેત્ર દરમ્યાન કેટલીક સમસ્યાઓ ધ્યાને આવી હતી જે અનુસૂચિત જાતિના લોકો પ્રત્યે અન્ય જાતિઓનો વ્યવહાર મનોવલણની કક્ષા દર્શાવે છે. અનુસૂચિત જાતિઓના સામાજિક આર્થિક વિકાસને રૂંધનારાં પરિબળોમાંના કેટલાંક આ પણ હોઇ શકે.

(અ) અસ્પૃશ્યતા : જે સૈકાજૂનું ઘરઘાલી ગયેલું દૂષણ છે. ગ્રામ્ય વિસ્તારમાં હજી પણ તેની અસરકારકતા ઘટી નથી. તે ઉપરાંત અનુસૂચિત જાતિના લોકો એટલા તો માનસિક રીતે દબાઇ ગયા છેકે તેઓ અન્યાયનો ભોગ બને છે તો પણ રજૂઆતસુધ્ધાં કરી શકતા નથી. તેનાં ઘણાં કારણોમાં (૧) આર્થિક ઉપાર્જન માટે અન્ય જાતિ પર અવલંબન (૨) સંખ્યાબળ ઓછું (૩) આર્થિક સ્થિતિ નબળી (૪) માનસિક રીતે અને સામાજિક રીતે ખૂબ જ પામર બનાવી દેવામાં આવ્યા છે.

(બ) કેટલીક સરકારી યોજના અમલીકરણમાં કેવી રીતે જાણે અજાણે અનુસૂચિત જાતિના લોકોના સ્થાનિક સ્થાપિત હિતો દ્વારા ભોગ લેવાય છે તેનો ખ્યાલ આ પ્રસંગ પરથી આવે છે. આ ત્યાંના અનુસૂચિત જાતિના લોકોની રજૂઆત પર આધારિત છે. તે અનુસાર થરાદ તાલુકાના ચુડમેર ગામમાં કુટુંબનિયોજન કાર્યક્રમની આડ લઇને ત્યાંના ૮૦% (યુવાનોનું) કુટુંબનિયોજન ઓપરેશન કરી નાખવામાં આવ્યાં હતાં. લોકોની રજૂઆત એવી હતી કે હરિજનોની વસ્તી ન વધે તે માટે ફરજિયાત ઓપરેશન કરવા દબાણ કરવામાં આવ્યુ હતું.

(ક) ગ્રામ પંચાયતમાં કામ કરતા સફાઇ કામદારોનું કામની તેમજ વેતનની રીતે પણ શોષણ કરવામાં આવે છે.

સૂચનો અને ભલામણો :

સામાન્ય સૂચનો :

(૧) અગાઉ કરવામાં આવેલી સામાજિક આર્થિક સર્વેક્ષણના તારણોના આધારે અમલીકરણ કામગીરી કરવી જોઇએ. જેથી જરૂરમંદ લોકોને જ સહાય મળે. ઉપરાંત લાભો લેવડાય નહીં તે માટે જરૂરિયાતપત્રક તૈયાર કરી સહાય આપવામાં આવે ત્યારે તેમાં તેની નોંધ થાય.

(૨) એક જ પ્રકારની સહાય પૂરી પાડતી જુદી જુદી સંસ્થાઓની કામગીરીમાં એક સૂત્રતા લાવવી જોઇએ.

(૩) રાષ્ટ્રીયકૃત બેન્કોની વ્યવહારૂ મુશ્કેલીઓ સમજવી તેમજ જરૂરી ઉકેલ લાવવો જોઇએ. જેમ કે સમાજ કલ્યાણ શાખાની મળવાપાત્ર ગ્રાન્ટ સંકલિત ગ્રામવિકાસ યોજનાની જેમ વર્ષની શરૂઆતથી જ બેન્કમાં જમા કરાવવી જોઇએ. જેથી સબસીડીની રકમ જમા હોવાને કારણે બેન્કો વિના વિલંબ સરળતાથી કામ કરી શકે.

(૪) અનુસૂચિત જાતિનાં વધુને વધુ કુટુંબોને ખાસ અંગભૂત યોજના નીચે આવરી લેવાં જોઇએ.

વહીવટ સંબંધી સૂચનો :

(૧) તાલુકા પંચાયતમાં કામ કરતા અંગલૂત કારકુનોને બેસવાની તેમજ સ્ટેશનરી વગેરેની મુશ્કેલી પડે છે. તે અંગે પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી અમલીકરણ સમિતિની મિટીંગમાં રજૂઆત કરીને તાલુકા વિકાસ અધિકારી ખાસ અંગલૂત કારકુનોને જરૂરી વ્યવસ્થા આપ બ અંગે સહકાર આપવા વિનંતી કરે.

(૨) ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખી કેટલાક યુનિટ કોસ્ટ નક્કી કરવા જોઈએ.

(૩) પ્રવર્તમાન આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખી આવકનુ તેમજ સબસીડીનું ધોરણ સુધારવું જોઈએ.

(૪) અમલીકરણ અંગેના સ્ટાફ જેવો કે કારકુન કે સમાજ કલ્યાણ નિરીક્ષકોની જગ્યાઓ ભરી દેવી જોઈએ.

વંશપરંપરાગત ધંધાના વિકાસને લગતા વ્યવહારૂ પગલાં ભરવા બાબત સૂચન :

(૧) ગુજરાત રાજ્યના નિગમો જેવા કે હાથસાળ વિકાસ નિગમ, હસ્તકળા વિકાસ નિગમ,ખા.ગ્રા.બોર્ડ સ્ત્રી કલ્યાણ નિગમ વગેરે વંશપરંપરાગત ધંધાઓ માટે સ્થળ પર કાચો માલ પૂરો પાડવાની તથા ઉત્પાદિત માલના બજારની વ્યવસ્થા કરવી જોઈએ. ઉપરાંત ગ્રામ ટેકનોલોજી અથવા ગ્રામ્ય ઉદ્યોગ ટેકનોલોજીના ક્ષેત્રમાં કામ કરતી સંસ્થાઓને વંશપરંપરાગત વ્યવસાયોની ટેકનોલોજીમાં સુયોગ્ય ફેરફાર શોધી અને સૂચવવા ભલામણ થવી જોઈએ જેથી ઉત્પાદનની ગુણવત્તા વધુ સુધરી શકે.

(૨) બનાસકાંઠામાં બહેનો મોજડી પરના ભરતકામ કરવામાં ખૂબ જ ફાવટ ધરાવે છે. પરંતુ તે મોજડીનાં ભરતકામ પૂરતું જ મર્યાદિત છે તેને ટેબલ પર પાથરવાનું કપડું, બારી બારણાંના પડદા, બગલથેલા, ઓશિકાનાં કવરો વગેરે પર ભરતકામ કરે તથા સ્ત્રી કલ્યાણ નિગમ અને હસ્તકળા નિગમ તેને તાલીમ, કાચોમાલ, ભરત કરવાનાં મશીનો પૂરાં પાડી હસ્તકળાને ખીલવી શકે.

...

# ગુજરાત રાજયની અનુસૂચિત જાતિઓ માટેની ખાસ અંગભૂત યોજનાનું મૂલ્યાંકન

## (અમદાવાદ જિલ્લાના સંદર્ભમાં)

અહેવાલ લેખન : હસમુખ પરમાર
સાયમન મેકવાન
લક્ષ્મણ મકવાણા

સારદોહન : સાયમન મેકવાન

છઠ્ઠી પંચવર્ષીય યોજના દરમ્યાન દેશની કુલ અનુસૂચિત જાતિની વસ્તીની અડધા ભાગની વસ્તી ગરીબી રેખા બહાર આવે એ રીતે સંકલિત પ્રયાસો કરવા એવા મુખ્ય હેતુ સાથે ખાસ અંગભૂત યોજનાનો ઉદ્ભવ થયો. વળી અત્યાર સુધી અનુસૂચિત જાતિઓ સહ અન્ય પછાતવર્ગોના કલ્યાણ અને વિકાસ માટે મહદંશે સમાજ કલ્યાણ ખાતાની રાહબરી હેઠળ પ્રયાસો થતા હતા, તેમાં ફેરફાર કરીને વિકાસ સાથે સંકળાયેલા તમામ વિભાગોને અનુસૂચિત જાતિના વિકાસ માટે સંકલિત કાર્યક્રમમાં સાંકળવામાં આવ્યા છે.

દેશનાં અન્ય રાજયોની જેમ ગુજરાતમાં પણ આ યોજના અમલમાં મૂકવામાં આવી છે. સરકારશ્રીએ આ યોજનાના અમલ માટે જરૂરી માળખું ઊભુ કર્યું છે અને રાજયમાં ૫૦૦થી વધુ અનુસૂચિત જાતિની વસ્તી ધરાવતા ગામોને પસંદ કરીને પાંચ વર્ષમાં વહેંચી નાખવામાં આવ્યા છે. આ યોજનાના અમલ માટે એવો અભિગમ પસંદ કરવામાં આવ્યો છે કે પ્રથમ આ કુટુંબોની જરૂરિયાતો, સમસ્યાઓની માહિતી મેળવવી અને તેમની માગણી અનુસાર તેમની જરૂરિયાતો પૂરી પાડવી. આ સંદર્ભમાં અમદાવાદ જિલ્લામાં ૧૯૮૧-૮૨ના વર્ષમાં ૭ તાલુકાના સંદર્ભમાં ૩૪ ગામોના ૧૭,૭૩૦ કુટુંબોને સર્વેક્ષણ હેઠળ આવરી લેવામાં આવ્યાં હતાં. અને આ સર્વેક્ષણનાં તારણો સંબંધિત વિભાગોને અમલીકરણ માટે મોકલી આપવામાં આવ્યાં હતાં. પ્રસ્તુત અભ્યાસનો પાયાનો હેતુ એ છે કે સર્વેક્ષણ થયેલાં કુટુંબોએ દર્શાવેલી જરૂરિયાતો કેટલે અંશે પૂરી પાડવામાં આવી છે ? અને સૌથી મહત્વનો હેતુ એ છે કે આ કુટુંબોને આપવામાં આવેલી જરૂરિયાતોથી તેમના આર્થિક જીવનમાં ખાસ ફેરફાર થઈ શકયો છે કે કેમ ? તેમજ તેઓ ગરીબાઈની રેખાથી ઉપર આવી શકે એ પ્રમાણેની આવક મેળવવા શકિતમાન બની શકયાં છે કે કેમ ? આ ઉપરાંત કુટુંબોને જરૂરિયાતો મેળવવામાં નડતી મુશ્કેલીઓ જાણવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો છે.

આ મૂલ્યાંકન અભ્યાસ માટે અમદાવાદ જિલ્લાના સાત તાલુકામાંથી સીટી તાલુકા સિવાયના છ તાલુકાઓમાંથી એક એક ગામ અનુક્રમે ધોળકા-મફલીપુર, ધંધુકા-ઝાંઝરકા, દહેગામ-દહેગામ, સાણંદ-મોરૈયા, વિરમગામ-ટેંટ, દસક્રોઈ-કણભા. આ છ તાલુકાનાં છ ગામોના ૭૧૯ કુટુંબોમાંથી ૨૫૮ કુટુંબો પધ્ધતિસર પસંદ કરવામાં આવ્યાં છે.

અભ્યાસ હેઠળ આવરી લેવાયેલ કુટુંબોએ સર્વેક્ષણ સમયે દર્શાવેલી જુદી જુદી જરૂરિયાતો તેમજ આ અભ્યાસ માટેના ક્ષેત્રકાર્ય સમયે મળેલી જરૂરિયાતોની વિગતો નીચે મુજબ છે :

| જરૂરિયાત | માગણી કરનાર કુટુંબો | જરૂરિયાત મળવનાર કુટુંબો |
|---|---|---|
| નવું મકાન | ૧૯૭ | ૪૪ |
| મકાન મરામત | ૧૧૪ | ૧૨ |
| ઘરથાળ પ્લોટ | ૨૦૩ | ૧૪ |
| ખેતીની જમીન | ૯૧ | ૬ |
| જમીન સુધારણા | ૧૪ | – |
| નવો કૂવો | ૬ | – |
| ખેતીના સાધનો | ૨૯ | ૧ |
| બિયારણ | ૩૩ | ૭ |
| પશુધન : ગાય | ૧૮ | – |
| ભેંસ | ૮૫ | ૧૮ |
| બળદ | ૨૮ | ૧૪ |
| આરોગ્ય સહાય | ૩૫ | ૧ |
| વંશપરંપરાગત ધંધો | ૯૯ | ૨૯ |
| નવા ધંધા માટે સહાય | ૧ | ૧ |

મૂલ્યાંકન અભ્યાસના ક્ષેત્રકાર્ય દરમ્યાન અમે સ્પષ્ટપણે જોઇ શકયા હતા કે કેટલીક જરૂરિયાતો ખાસ કરીને મોરૈયા ગામમાં ૧૮ કુટુંબોને ભેંસની સહાય જેવી યોજનાને કારણે તેમની રહેણીકરણી અને તેમાં પણ ખાસ કરીને તેમની આર્થિક સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થતો જોવા મળ્યો હતો. ઉપરાંત કેટલાક કિસ્સાઓમાં મળેલ જરૂરિયાતો મહત્વની હોવા છતાં કેટલાક કારણોસર ઉપયોગમાં લઇ શકાઇ નહોતી એવું પણ ક્ષેત્રકાર્ય દરમ્યાન જોવા મળ્યુ હતું. ધંધુકા તાલુકાના ઝાંઝરકા ગામની ૨૧ કુટુંબોને મકાનો તૈયાર કરી આપવામાં આવ્યાં હતાં પરંતુ આ રહેઠાણો ગામથી થોડે દૂર હોવાને કારણે આ રહેઠાણના માલિકો ફરીથી પાછા ગામમાં આવીને તેમનાં મૂળ ઘરોમાં વસતા હોય એવું કેટલાક કિસ્સાઓમાં જોવા મળ્યું હતું.

અનુસૂચિત જાતિના કુટુંબોને સહાય આપવામાં કેટલાક ચિત્ર-વિચિત્ર કિસ્સાઓ પણ અમારા સઘન ક્ષેત્રકાર્ય દરમ્યાન બહાર આવવા પામ્યા હતા. તેમાં બે કિસ્સા નોંધવાપાત્ર છે. વિરમગામ તાલુકાના ટ્રેંટ ગામમાં ૬ કુટુંબોને ખેતી માટેની જમીન આપવામાં આવેલી છે. આ જમીન, જમીન ટોચમર્યાદા ધારા હેઠળ ફાજલ પડેલી હોવાથી આ જમીન આપવામાં આવી છે અને આ જમીન ફાળવવાની કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી છે અને કબજો પણ સોંપવામાં આવ્યો છે. પરંતુ હકીકતમાં આ જમીનનો કબજો મૂળ માલિકો પાસે છે.

બીજો કિસ્સો પણ આ જ ગામનો છે. આ ગામનાં ૬ કુટુંબોને ઘરથાળના પ્લોટ ફાળવી આપવામાં આવ્યા છે પરંતુ આ જમીન પટેલ જ્ઞાતિના સ્મશાન તરીકે ઉપયોગમાં લેવાતી હતી તેથી કોઈપણ કુટુંબે આ ઘરથાળના પ્લોટનો સ્વીકાર કર્યો નથી.

છેવટે ખાસ અંગભૂત યોજનાની કામગીરી વધુ સુદૃઢ રીતે થાય તે માટે ૧૮ સૂચનો કર્યા છે અને આ સૂચનો માત્ર સરકારને જ નહીં પરંતુ જ્ઞાતિના આગવાનો, મંડળો અને સાંપ્રદાયિક નેતાઓની સેવાઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યાં છે. તેમાં મુખ્ય સૂચનો આ પ્રમાણે છે :

(૧) ખાસ અંગભૂત યોજનામાં પસંદ કરાયેલા ગામોનાં અનુસૂચિત જાતિઓના કુટુંબલક્ષી હોવાથી દરેક ખાતાઓની યોજનાઓ આ કુટુંબોના લાભાર્થે જ હોવી જોઈએ. આ લાભો અન્ય ગામોમાં ન આપવી જોઈએ. ઉપરાંત જે તે યોજનાનો લાભ આપતા પહેલાં સર્વેક્ષણમાં જરૂરિયાત દર્શાવેલ કુટુંબોને અગ્રતા આપવી જોઈએ.

(૨) જિલ્લાની ખાસ અંગભૂત યોજના સંકલન સમિતિની મીટીંગમાં દરેક વિભાગને કામગીરીનો લક્ષાંક આપવો અને બીજી મીટીંગમાં તે કામગીરીની સમીક્ષા થવી જોઈએ. તેમજ કામગીરી આડે આવતી મુશ્કેલીઓ દૂર કરવા જરૂરી માર્ગદર્શન પણ આપવું જોઈએ.

(૩) યોજનાઓનો લાભ આપવામાં રાજનૈતિક કે સામાજિક દબાણના વલણને નબળું પાડી દેવું જોઈએ.

(૪) ખાસ અંગભૂત યોજનાના લાભ અંગે અનુસૂચિત જાતિનાં કુટુંબોમાં માર્ગદર્શનનો અભાવ જણાય છે તે દૂર કરવા જરૂરી વહીવટી પગલાં લેવાં જોઈએ.

(૫) યોજનાના અમલીકરણમાં સ્વૈચ્છિક સંસ્થાઓ સહ સામાજિક અને સાંપ્રદાયિક નેતાઓ કેટલે અંશે ઉપયોગી બની શકે ? તે શકયતા તપાસી જવી જોઈએ અને તેમના સહકારનો ઉપયોગ થવો જોઈએ.

(૬) વંશપરંપરાગત વ્યવસાયની કટલીક યોજનાઓ હાલના સમયમાં ખૂબ ઉપયોગી બની શકે તેમ ન હોય તેવી યોજનાઓ અંગે યોગ્ય વિચારણા થવી જોઈએ. દા.ત. દાભડા દોરીનો વ્યવસાય. વળી વંશપરંપરાગત રીતે જ જ્ઞાતિના લોકો આ ધંધો કરી શકતા હોય તેમને જ સહાયપાત્ર ગણી શકાય. વળી આ ધંધાને આધુનિક બનાવી શકાય તે શકયતા પણ તપાસી જવી જોઈએ.

(૭) પસંદ કરાયેલ કુટુંબોની જરૂરિયાતોનું અલગ પત્રક બનાવવું જોઈએ અને તેમને મળતી મદદની નોંધ તેમાં કરવી જોઈએ. જેથી અમુક કુટુંબોને એક કરતાં વધુ યોજનાઓ હેઠળ લાભ મળે જયારે બીજાં કુટુંબોને એક પણ યોજનાનો લાભ ન મળે એ પરિસ્થિતિ નિવારી શકાય.

(૮) અનુસૂચિત જાતિનાં કુટુંબોને ખાસ અંગભૂત યોજનાના લાભો અંગે માર્ગદર્શન મળી રહે તેમજ તે અંગે જરૂરી કાર્યવાહી કરવાની જાણકારી મળે તે માટે ફરતા તાલીમવર્ગો યોજવા જોઈએ.

(૯) ખાસ અંગભૂત યોજના સાથે સંકળાયેલા અમલીકરણ અધિકારીઓને ખાસ પ્રકારની તાલીમ આપવાની વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

...

# ગુજરાતના નાડિયા

(એક અનુસૂચિત જાતિનો વિકાસલક્ષી સમાજમાનવશાસ્ત્રીય અભ્યાસ)

અહેવાલ લેખન : કાન્તિલાલ ડા. મકવાણા
સારદોહન : કાન્તિલાલ ડા. મકવાણા

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રમાં ચાલતા 'હરિજન એકમ' અન્વયે પછાત અને આગવી સમસ્યાઓ ધરાવતી અનુસૂચિત જાતિઓના વિકાસલક્ષી અભ્યાસ થયા છે. ચાલુ વર્ષે નાડિયા જાતિનો અભ્યાસ હાથ ધરાયો. નાડિયાઓના કોઈ એક પાસા પર વિચાર ન કરતાં તેના સર્વાંગી જીવનને કેન્દ્રમાં રાખીને તેઓના પ્રશ્નો હલ કઈ રીતે થઈ શકે જેથી તેઓનો વિકાસ ઝડપથી થાય. આ બાબતને કેન્દ્રસ્થ રાખીને ઊંડાણપૂર્વક અભ્યાસ કરવાનો હેતુ ધ્યાનમાં રખાયો છે. આ અભ્યાસનો સારાંશ અને વિકાસલક્ષી સૂચનો નીચે મુજબ છે :

## સંશોધન પ્રવિધિઓ :

અભ્યાસ માટેની પૂરતી માહિતી મેળવવા પ્રશ્નાવલી પધ્ધતિ, મુલાકાત તથા સહભાગી નિરીક્ષણ પધ્ધતિનો ઉપયોગ કર્યો છે. કોઈપણ જાતિ કે સમૂહનો અભ્યાસ કરતાં તેના નાના એવા એકમને પસંદ કરીને અભ્યાસ થાય છે આ જાતિના અભ્યાસ માટે અમદાવાદ અને મહેસાણા બે જિલ્લાઓના ૭ ગામોમાંથી ૫૦ કુટુંબો પસંદ કરીને, તેઓનાં કુટુંબપત્રકો ભરીને આર્થિક, સામાજિક, શૈક્ષણિક માહિતીને વર્ગીકૃત કરીને અભ્યાસમાં આવરી લીધી છે.

## વસ્તી, વિસ્તાર, ઐતિહાસિક પૃષ્ઠભૂમિ :

નાડિયા જાતિ તમામ જિલ્લાઓમાં ઓછા વત્તા અંશે પથરાયેલી છે. નાડિયા અને હાડી બંને જુદી જુદી અનુસૂચિત જાતિઓ હોવા છતાં રાજ્યની વસ્તી ગણતરીમાં બંનેને એક સાથે ગણી લીધી છે. કેટલાક જિલ્લાઓમાં રોહિતને પણ સાથે ગણી લીધા હોવાથી નાડિયા જાતિની વસ્તીનું સ્પષ્ટ ચિત્ર મળતું નથી. ૧૯૭૧ની વસ્તી ગણતરી અનુસાર મુખ્યત્વે સૌથી વધુ વસ્તી ધરાવતા જિલ્લાઓમાં અમદાવાદ (૪૩૬૯૩૭), મહેસાણા (૨૫,૪૮૭૯૭) ખેડા (૧૯૯૦૭૨), જૂનાગઢ (૧૭૬૫૯૫), બનાસકાંઠા (૧૦૦૧૪૧). નાડિયા જાતિ ઉત્તર ભારતમાંથી દુષ્કાળ પડવાને કારણે આવેલી હોય તેમ મનાય છે. આ ઉપરાંત કેટલીક દંતકથાઓ પણ પ્રચલિત છે. હરિજન કોમોમાં ગરોડા, વણકર, ચમાર વગેરેથી નીચી અને સેનમા, ભંગી તથા અન્ય પછાત કોમોથી ઊંચી આ જાતિ છે.

નાડિયા અંગે ભૂલ ભરેલી માન્યતાઓ :

નાડિયા સમાજ આગવો વિશિષ્ટ સંસ્કૃતિક વારસો ધરાવતો સમાજ છે. તેને અને હાડીને કે ચમાર નાડિયા જેવા બીજા સમાજ સાથે સાંકળવા ન જોઇએ એમ તેઓના આગેવાનોનો મત છે. કેટલાક વિસ્તારોમાં સેનમા અને નાડિયા, નાડિયા અને હાડી એક જ ગણાય તેવી માન્યતા ભૂલ ભરેલી છે. ખાસ તો વસ્તી ગણતરી તથા સમાજ કલ્યાણ ખાતાએ તથા આ બાબતને ધ્યાનમાં લેવી જોઇએ.

ભૌતિક સંસ્કૃતિ :

અંધારીયા ખંડ જેવા ઘર કાચી માટીથી બંધાયેલાં, હવા ઉજાસની પૂરતી વ્યવસ્થા વિનાનાં હોય છે. ૧૦X૧૦ કે ૧૦X૧૨ ચો. ફૂટનાં બનાવેલાં હોય છે. ઘરવખરીનાં સાધનોમાં માટીનાં, પિત્તળનાં તથા એલ્યુમિનિયમનાં વિશેષ જોવા મળે છે.

પુરુષો દેખાવે ભીનેવાન, ઘઉંવર્ણા તથા ગૌરવર્ણા હોય છે. શરીરે દૂબળા અને મધ્યમ કદના હોય છે. સ્ત્રીઓ લજ્જાશીલ તથા ગંભીર પ્રકૃતિની, રંગે ગૌરવર્ણી, ઘઉંવર્ણી તથા ભીને વાન હોય છે. પહેરવેશ માટે પુરુષો બંડી, ખમીસ કે પહેરણ, સફેદ ઊંચું ધોતિયું પહેરે છે. યુવાનો પેન્ટ, શર્ટ પહેરે છે. સ્ત્રીઓ ખાસ સાડી, કબજો, ચણિયો તથા ગાઢા લાલ રંગના ઘેરવાળા ઘાઘરા પહેરે છે. ઘરેણાંમાં સોના ચાંદીનાં ઘરેણાં પહેરવાનું ચલણ છે. પરંતુ આર્થિક ગરીબીને કારણે ઓછાં જોવા મળે છે. મોટા ભાગનાં ચાંદીનાં જ હોય છે.

ખોરાકમાં હલકા તથા જાડા ધાન્યનો ઉપયોગ કરે છે. તેઓમાં માંસાહાર નિષિદ્ધ નથી. ચા તેઓનું પ્રિય પીણું છે. દારૂનું પ્રમાણ પણ તેઓમાં ઠીક પ્રમાણમાં જોવા મળે છે.

નાડિયાઓનું આર્થિક જીવન :

નાડિયાઓનો પરંપરાગત આર્થિક વ્યવસાય નથી. આર્થિક પ્રવૃત્તિમાં તેઓ ખેતી, ખેતમજૂરી, છૂટક મજૂરી, નોકરી, પશુપાલન, રખેવાળી કરવી, ગૃહઉદ્યોગ વગેરે કરે છે.

આવક, ખર્ચ અને દેવું :

આવકના સ્ત્રોતો ઓછા છે. તેથી આવક પણ મર્યાદિત હોય છે. નાડિયામાં કુલ કુટુંબોમાં ૭૦% રૂ. ૨૪૦૦ સુધીની, ૨૦% ૨૪૦૧થી ૩૬૦૦ સુધી, ૪% ૩૬૦૧થી ૪૮૦૦ સુધી અને માત્ર ૧% ૪૮૦૧થી ૭૨૦૦ સુધીની આવક ધરાવતા હતા.

વાર્ષિક ખર્ચનું તારણ જોવા જઇએ તો ૬૦% રૂ. ૨૪૦૦ સુધી, ૨૪% ૨૪૦૧થી ૩૬૦૦ સુધી, ૧૨% ૩૬૦૧થી ૪૮૦૦ સુધી, ૨% ૪૮૦૧થી ૭૨૦૦ સુધી અને ૨% ૭૨૦૧થી વધુ વાર્ષિક ખર્ચ કરતા જોવા મળ્યા હતા.

તપાસમાં લીધેલ કુટુંબોમાંથી ૭૬% કુટુંબો દેવાદાર હતાં તેમાં પણ ૫૦% રૂ. ૨૫૦૦થી વધુ રકમના દેવાદાર હતા.

કુટુંબજીવન :

પિતૃસત્તાક કુટુંબ હોય છે. કુટુંબની બે પ્રકારની વ્યવસ્થા હોય છે. કેન્દ્રીય અને સંયુક્ત કુટુંબ વ્યવસ્થા.

જાતિપંચ :

નાડિયા સમાજનું વિસ્તાર પ્રમાણે જુદું જુદું બંધારણ હોય છે. તેના નીતિનિયમો અનુસાર સામાજિક વ્યવહારમાં વર્તવાનું હોય છે.

જન્મથી મૃત્યુ સુધીના રીતરિવાજો :

રજસ્વલા સ્ત્રીને બહાર બેઠી છે એમ કહે છે. સીમંતની વિધિ છઠ્ઠા કે સાતમા માસે થાય છે. પ્રસૂતિ પોતાની જાતિની દાયણ પાસે કરાવે છે. બાળક જન્મના ૫ કે ૬ દિવસ પછી ગરોડા બ્રાહ્મણને બોલાવી નામ જોવરાવે છે. નાડિયા જાતિમાં છોકરા છોકરી પુખ્ત થાય ત્યારે જ સગાઈ કરે છે. ચાંલ્લા, ગણેશપૂજા વગેરે કરે છે. જાન છોકરાની જાય છે. દહેજ પેટે કન્યાના બાપને રૂ. ૪૦૫ અપાય છે. કન્યા આવતી જતી થાય અને ઘર બંધાય ત્યારે આણું કરવામાં આવે છે.

મૃત્યુ બાદ દાટવાનો રિવાજ છે. તેનું કારણ તેમની આર્થિક દશા છે. પુરુષ મરી ગયો હોય તો સૂતકની વિધિ કરે છે, ત્રીજા દિવસે તરૈયો કરે છે. મોટા ભાગે બારમું કરતા નથી. પરંતુ પંચમાં પૂછાતો ઔરણાયક વ્યક્તિ ગુજરી જાય ત્યારે બારમુ કરે છે.

ધાર્મિક જીવન :

નાડિયા લોકો ધર્મે હિંદુ છે. તેઓ મૂર્તિપૂજામાં તથા દેવદેવીઓમાં વિશ્વાસ ધરાવે છે. ભૂત, પ્રેત, મંત્ર, તંત્ર અને મેલી વિદ્યામાં પણ માને છે.

શિક્ષણ :

શિક્ષણનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. તપાસેલાં કુટુંબોમાં ૬૨.૯૯% અભણ, ૩૭.૦૧ ટકા સાક્ષર અને ૨૩.૬૩% ચાલુ અભ્યાસ કરતા જોવા મળ્યા હતા. સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ નહીંવત છે.

સમસ્યાઓ અને વિકાસલક્ષી સૂચનો :

આ અહેવાલમાં તેઓની સમસ્યાઓ જેવી કે રહેઠાણ અંગેની, આર્થિક, શિક્ષણ અંગેની, સામાજિક અને અન્ય સમસ્યાઓ અને તેઓના સર્વાંગી વિકાસ માટે ૧૭ સૂચનો કર્યાં છે. કેટલાંક મહત્વનાં સૂચનો નીચે મુજબ છે :

૧. નાડિયાવાસમાં પાયાની સવલતો પૂરી પાડવી જોઇએ.

૨. એક જ ઘરમાં ત્રણથી વધુ કુટુંબો રહેતાં જોવા મળ્યાં હતાં તેથી તો તેઓને આવાસ માટે જમીન આપવી જોઇએ અને તેઓની આર્થિક વિટંબણાઓને ધ્યાનમાં લઇને નાડિયા જ્ઞાતિને સમાજ કલ્યાણ ખાતા દ્વારા સો ટકા રકમ મકાન બાંધકામ માટે આપવી જોઇએ. શહેરોમાં વસતા નાડિયા ભાઇઓને પણ રહેઠાણની જરૂરિયાત હોય છે. ગુ.હા.બોર્ડ, હુડકો તથા આવાસો બનાવતી સંસ્થાઓએ આ જ્ઞાતિને આવાસની સવલતો પૂરી પાડવી જોઇએ. મ્યુનિસિપાલીટીએ જમીન ફાળવવી જોઇએ.

૩. આર્થિક ઉન્નતિ માટે ખાસ આર્થિક સહાય આપવી જોઇએ. જેથી તેઓ ધંધા ઉદ્યોગ કરી શકે. સમાજ કલ્યાણ ખાતા તથા બેંન્કો દ્વારા જે ધંધાકીય લોન મળે છે તેમાં આ જ્ઞાતિના લોકોને અગ્રિમતા આપવી જોઇએ. આ ઉપરાંત તેઓનો કોઇ વંશપરંપરાગત ધંધો ન હોવાથી ઔદ્યોગિક તાલીમ આપવી જોઇએ. જેથી તેઓ પગભર થઇ શકે.

૪. ખેતી કરતાં કુટુંબો પાસે પૂરતાં સાધનો નથી તો ખેતીનાં સાધનો તથા બિયારણ તથા સિંચાઇની સવલતો પૂરી પાડવી જોઇએ.

૫. ખેતમજૂરી કરતાં કુટુંબોને સરકારે નિયત કરેલ લઘુત્તમ વેતન મળે તેવી વ્યવસ્થા તથા આયોજન કરવું જોઇએ.

૬. આ જ્ઞાતિને શિક્ષણમાં અન્ય સમાજની સાથે લાવવા માટે પ્રાથમિક શાળાના ભણતર ઉપર ખાસ લક્ષ આપવા જોઇએ. બહેનોમાં શિક્ષણનું પ્રમાણ વધે તેવા પ્રયત્નો કરવા જોઇએ. સમાજ કલ્યાણ ખાતા દ્વારા આશ્રમશાળાઓ તથા છાત્રાલયો આ જ્ઞાતિ માટે ખોલવા જોઇએ.

૭. રોજગારીની તકોમાં આ જ્ઞાતિના શિક્ષિત બેકારોને પ્રથમ પસંદગી આપવી જોઇએ.

૮. આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે સમાજ કેટલો પાછળ છે તે સમજવા માટે સમાજ કલ્યાણ ખાતાએ સંમેલનનું આયોજન કરવું જોઇએ.

૯. આ જ્ઞાતિના વિકાસ માટે એક સમિતિની નિમણૂક કરવી જોઇએ. જે સંપૂર્ણપણે પોતાની દેખરેખ હેઠળ આ સમાજની સમસ્યાઓ હલ કરે.

૧૦. નાડિયા સમાજ આગવો વિશિષ્ટ સાંસ્કૃતિક વારસો ધરાવતો સમાજ છે. તેને હાડી કે સુથાર નાડિયા જેવી બીજા કોઇ સમાજ સાથે સાંકળવા ન જોઇએ. સમાજ કલ્યાણ તથા વસ્તી ગણતરીના ખાતાએ આ બાબતને ખાસ ધ્યાનમાં લેવી જોઇએ.

૧૧. નાડિયા કુટુંબોમાં જાગૃતી કરવી જોઇએ અને તેઓએ પોતાના જ સમાજના વિકાસ માટે સામાજિક કાર્યકરોએ કાર્યરત કરવા જોઇએ.

(એક અનુસૂચિત જાતિનો વિકાસલક્ષી સમાજમાનવશાસ્ત્રીય અભ્યાસ)

સારદોહન : કાન્તિ મકવાણા
અહેવાલ લેખન : કાન્તિલાલ ડા. મકવાણા

ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રમાં ચાલતા 'હરિજન એકમ' અન્વયે સમાજ કલ્યાણ ખાતાના ઔપચારિક સૂચનથી આગવી સમસ્યાઓ ધરાવતી વિશિષ્ટ અલગ પડતી જાતિઓના અભ્યાસો થયા છે. અભ્યાસ માટે કોઇ એક પાસા પર વિચાર ન કરતાં તેના સર્વાંગી જીવન સાથે, તેઓના પ્રશ્નો હલ કરવા શું થઇ શકે. આ તમામ બાબતોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવાનો હેતુ ધ્યાનમાં રખાયો છે. અભ્યાસનો સારાંશ તથા વિકાસલક્ષી સૂચનો નીચે મુજબ છે :

## સંશોધન પ્રવિધિઓ :

અભ્યાસ માટે પૂરતી માહિતી મેળવવા પ્રશ્નાવલી પધ્ધતિ, મુલાકાત પધ્ધતિ તથા સહભાગી નિરીક્ષણ પધ્ધતિનો ઉપયોગ કર્યો હતો. તેઓના આર્થિક-શૈક્ષણિક અભ્યાસ માટે કેન્દ્ર દ્વારા સર્વેક્ષણ થયેલા આઠ જિલ્લાઓના ૨૦૦ કુટુંબો દૈવનિદર્શન પ્રમાણે પસંદ કર્યા છે. આ આઠ જિલ્લાઓ ખેડા (૧૫) બનાસકાંઠા (૧૫), મહેસાણા (૧૫), પંચમહાલ (૧૫) ભાવનગર (૯૫), સુરેન્દ્રનગર (૧૧), વડોદરા (૧૦) અને અમદાવાદ (૧૪) ને આવરી લીધા છે.

## વસ્તી, વિસ્તાર અને ઐતિહાસિક પૃષ્ઠભૂમિ :

ભંગી જાતિની વસ્તી ૧૯૭૧ની વસ્તી ગણતરી અનુસાર ૨,૩૨,૮૫૬ છે. ગુજરાતના લગભગ તમામ જિલ્લાઓમાં ઓછા વત્તા અંશે ભંગી જાતિ પથરાયેલી છે. સૌથી વધુ વસ્તી ધરાવતા જિલ્લાઓ અમદાવાદ (૩૯૪૩૮), ખેડા (૩૦૬૦૫), વડોદરા (૨૭૧૦૧), બનાસકાંઠા (૨૦૪૮૦), પંચમહાલ (૧૯૦૨૪) અને મહેસાણા (૧૮૨૮૮) છે. તેઓની ઉત્પત્તિ અંગે ગાંધીજી, વિનોબા અને આંબેડકરના વિચારો જાણવા મળે છે. તથા ઘણી દંતકથાઓ પણ પ્રચલિત છે.

## ભૌતિક સંસ્કૃતિ :

તેઓનાં ઘર મોટા ભાગે કાચી માટીથી બંધાયેલ, હવા ઉજાસ વિનાનાં, એક ઓરડો અને ઓસરીવાળાં ૧૦ x ૧૨ અથવા ૧૨ x ૧૪ ફુટનાં બનાવેલાં હોય છે. ઘરવખરીનાં સાધનોમાં મુખ્યત્વે માટીનાં, પિત્તળનાં, એલ્યુમિનિયમના વિશેષ પ્રમાણમાં જોવા મળે છે.

ભંગી પુરુષો દેખાવે મહદ્ અંશે ભીનેવાન, ઘઉંવર્ણા તથા કોક ગૌરવર્ણા હોય છે. એ જ રીતે સ્ત્રીઓ પણ પુરુષો જેમ દેખાવડી હોય છે. પુરુષો કરતાં સ્ત્રીઓ વિશેષ વાચાળ હોય છે. પુરુષો સુતરાઉ ઝભ્ભો, ખમીસ, પેન્ટ, ચડી, ધોતી, લેંઘો વગેરે પહેરે છે. સ્ત્રીઓ અભી વિવિધ રંગની સાડી, ચણિયો અને કબજો પહેરે છે.

ભંગી જાતિમાં સોના ચાંદીનાં ઘરેણાં પહેરાય છે. પરંતુ આર્થિક વિપન્નતાને કારણે પિત્તળનાં, નિકલનાં કે ધાતુનાં બનેલાં ઘરેણાં બજારથી ખરીદીને પહેરે છે.

ખોરાકમાં સામાન્ય રીતે હલકા તથા જાડા ધાન્યનો ઉપયોગ કરે છે. કેટલાક હરિજનો સવર્ણોને ત્યાંથી લાવીને ખાય છે. તેઓમાં માસાહાર નિષિધ્ધ નથી. તેઓમાં ચાનું વ્યસન વધુ જોવા મળ્યુ હતું. વ્યસનોમાં બીડી, તમાકુ તથા દારૂ પણ સારા પ્રમાણમાં જોવા મળે છે. અમુક સ્ત્રીઓ પણ દારૂ પીતી જોવા મળી હતી.

ભંગીઓનું આર્થિક જીવન :

પુરુષો કરતા સ્ત્રીઓ અનેકવિધ કામો કરે છે. ઘરકામ, બાળઉછેર ઉપરાંત અર્થઉપાર્જનનું કામ કરે છે. ભંગીઓ અનેકવિધ આર્થિક પ્રવૃત્તિઓ કરે છે. જેમ કે ગ્રામ્ય વિસ્તારમાં ખેતમજૂર, તથા સાથી તરીકે રહે છે. નગરપાલિકા કે મ્યુનિસિપાલીટીમાં સફાઇ કામદાર, પટાવાળા તરીકે રેલવેમાં પાણીવાળા તથા ઝાડુવાળા તરીકે. આ ઉપરાંત દવાખાનાઓમાં કચરા પોતાં કરવા, શૌચાલય સાફ કરવાનું કામ કરે છે. અન્ય આર્થિક પ્રવૃત્તિમાં ઢોલ વગાડવો, વાંસમાંથી ટોપલા, ટોપલી બનાવવાં, સાવરણા બનાવવા, કાગળ, પ્લાસ્ટીક, પતરાં ભેગાં કરવાં તથા ધૂળ ધોવાનું કામ પણ કરે છે.

આવક ખર્ચ અને દેવું :

ભંગી જાતિમાં પરંપરાગત સફાઇ કામ સિવાય બીજી કોઇ વિશેષતા નથી. તેમની આવકના શ્રોત ઓછા છે અને તેમાંથી આવક પણ મર્યાદિત છે. બહારથી આપણને લાગે કે તેઓ માગીને ખાય છે અને સાદુ જીવન ગુજારે છે તેથી બચત હોય પરંતુ કુટુંબોને તપાસીએ ત્યારે ખબર પડે છે કે આવક કરતાં મોટા ભાગે ખર્ચ વધુ હોય છે. તપાસમાં લીધેલાં કુટુંબો દ્વારા અને ગુજરાતના હરિજનો ૨ માં દર્શાવ્યા પ્રમાણે માથાદીઠ વાર્ષિક આવક ૨,૭૦૧/-ની છે ખર્ચ ૭૫૪/-નું છે. કુલ ૭૮૨૯ કુટુંબોમાંથી દેવાદાર ૧૫૩૧ છે. તેઓનું કુટુંબદીઠ દેવું સરેરાશ ૬૫૮નું છે.

કુટુંબ જીવન :

પિતૃસત્તાક કુટુંબ હોય છે. કુટુંબની બે પ્રકારની વ્યવસ્થા હોય છે. કેન્દ્રીય કુટુંબ વ્યવસ્થા અને સંયુક્ત કુટુંબ વ્યવસ્થા.

જાતિપંચ :

ભંગી સમાજનું વિસ્તાર પ્રમાણે જુદુ જુદું બંધારણ છે. તેના નીતિ નિયમો અનુસાર સામાજિક વ્યવહારોમાં વર્તવાનું હોય છે.

જન્મથી મૃત્યુ સુધીના રીતરિવાજો :

રજસ્વલા સ્ત્રીને હાથ ચોખો નથી, માથે મેલી કે અડાય તેમ નથી કહે છે. તેઓમાં સીમંતની વિધિ ગર્ભ રહયાના છઠ્ઠા કે સાતમા માસે થાય છે. પોતાની જાતિની દાયણ પાસે પ્રસૂતિ કરાવે છે. આજ કાલ હોસ્પિટલોમાં પણ જાય છે. છોકરાની નામકરણ વિધિ પછી એક મહત્વની જાતરની વિધિ કરાવે છે. તેમાં ભૂવાને બોલાવીને જાગરણ કરે છે. સગાસંબંધીને બોલાવે અને નાતને જમાડે છે. આમાં ખૂબ જ ખર્ચ થાય છે તેથી ભંગી દેવામાં ડૂબી જાય છે.

છોકરા છોકરી પુખ્ત થાય ત્યારે જ સગાઈ કરે છે. ચાલ્લા, ગણેશપૂજા વગેરે કરે છે. જાન છોકરા જાય છે. દેજ પટે કન્યા પક્ષને ડભોઈમાં ૧૬૫૦ અને ધોળકામાં ૨,૩૫૦ અપાય છે. દીકરી આવતી જતી થાય અને ઘર બંધાય ત્યારે આણું કરે છે. તેઓમાં છૂટાછેડા, નાતરું દિયરવટુ, સાળીવટુ કે બહુ પત્નીત્વ પણ જોવા મળે છે.

મૃત્યુ પછી બાળવાનો તથા દાટવાનો એમ બંને પ્રકારના રિવાજ છે. ત્રીજા દિવસે તરૈયો કરે છે. આઠ દિવસે 'ટાઢી' કરે અને બાર દિવસ પછી બારમુ કરે છે. મૃત્યુ બાદ પાળિયા મૂકે છે. આ પાળિયા ઘર બહાર ઓસરીમા કે ઘરની બાજુમાં મંદિર પાસે મૂકે છે. તેને તેઓ 'ઝાંપડાદેવ' કહે છે.

ધાર્મિક જીવન :

ભંગી લોકો ધર્મે હિંદુ છે. તેઓ મૂર્તિ પૂજામાં તથા દેવદેવીઓમાં વિશ્વાસ ધરાવે છે. તેઓ ભૂત, પ્રેત, મંત્રતંત્ર અને મેલીવિદ્યામાં પણ માને છે. તેઓ રામ, કૃષ્ણ, વૈષ્ણવ સંપ્રદાય ઉપરાંત રામાનંદ, કબીર, નાનક વગેરે જુદા જુદા પંથમાં માને છે.

શિક્ષણ :

શિક્ષણનું પ્રમાણ બ ખૂબ જ ઓછું છે. ૧૯૭૧ની ગણતરી અનુસાર ૨૧.૧૩% છે. તપાસેલાં કુટુંબોમાં ૫૮.૮૬% અભણ, ૨૦.૨૪% અક્ષરજ્ઞાન ધરાવતા અને ૨૦.૯૦% ચાલુ અભ્યાસ કરતા જોવા મળ્યા હતા. સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ નહિવત છે.

અસ્પૃશ્યતાનો ભોગ બને છે. પાયાની સુવિધાઓથી વંચિત, પીવાના પાણીનો પ્રશ્ન, સફાઇકામદાર તરીકેની નોકરી કરતા અન્યાયો સહન કરવા પડે છે. આર્થિક કંગાલિયત, અન્ય સમાજનો અસહકાર વગેરે મુખ્ય છે. વિકાસલક્ષી અહેવાલમાં ૨૪ સૂચનો કર્યા છે. તેમાંથી મુખ્ય નીચે મુજબ છે.

૧. ભંગીવાસમાં પાયાની સુવિધાઓ પૂરી પાડવી જોઇએ.

૨. ગ્રામ્ય વિસ્તાર તથા શહેરી વિસ્તારમાં જમીનના અભાવે મકાન માટે આર્થિક સહાય મેળવી શકતા નથી. તો તેમની ગૃહનિર્માણ સહકારી મંડળીઓને રાહતદરે જમીન આપવી જોઇએ.

૩. ૧૦ વર્ષની નોકરી પૂરી થયેલ સફાઇ કામદારને પટાવાળા, ચોકીદાર, વોર્ડબોય, આયા વગેરે ચોથા વર્ગમાં નિમણૂક આપવી જોઇએ.

૪. પોલીસ, બાંધકામ ખાતું, એસ. ટી. કોર્પોરેશન, શિક્ષણ સંસ્થાઓ વગેરેમાં કામ કરતા પાર્ટ ટાઇમ સફાઇ કામદારોને પૂરા સમયના કરવા જોઇએ. સમાજ કલ્યાણમાં નોકરી કરતા ભંગી પ્રચારકોને સરકારી ખાતામાં સમાવવા પ્રથમ અગ્રતા આપવી.

૫. ભંગી વિદ્યાર્થીઓને નિયમિત શિષ્યવૃત્તિ મળે તેવો પ્રબંધ થવો જોઇએ. તેઓના શિક્ષણના વિકાસ માટે ફરજિયાત આંગણવાડી ખોલવી જોઇએ.

૬. નગરપાલિકાઓમાં કામ કરતા ભંગીઓના અનેક પ્રશ્નો છે ગણવેશ આપે નહીં, પગારની તારીખ નક્કી નહીં, કામ કરવા પૂરતાં સાધનો અને દવાઓ ન આપે, ભંગીઓ તરફ અસ્પૃશ્ય વર્તન રાખે, ભંગીઓના પ્રશ્નો ઉકેલાતા ન હોય આવી નગરપાલિકા સુપરસીડ કરવી જોઇએ અને તેનો સીધો વહીવટ સરકાર લેવો જોઇએ.

૭. માથે ઉપાડવાની પ્રથા બંધ કરવી જોઇએ તે માટે ભંગી કષ્ટમુક્તિનો કાર્યક્રમ વધારે વેગવાન બનાવવો જોઇએ.

૮. ભંગીઓ જ મળમૂત્રમાં કામ કરે છે. આપણાથી ન થાય એ વલણ બદલવું જોઇએ. શિક્ષણ પ્રચાર અને વ્યક્તિના પોતાના પ્રયાસો દ્વારા આ વિચારનો પ્રસાર થવો જોઇએ. જાજરાને સુલભ તથા સૂગ ઉત્પન્ન ન થાય તેવા બનાવવા જોઇએ. સફાઇ વિદ્યાલય ગાંધી આશ્રમ, અમદાવાદની સલાહ લેવી જોઇએ. આ જાજરાને ગોબરગેસ સાથે જોડી દઇએ તો ઉર્જા પણ મળશે.

૯. આર્થિક, સામાજિક, શૈક્ષણિક આ સમાજ કેટલો પાછળ છે તે જાણવા માટે સમાજ કલ્યાણ ખાતાએ સર્વેક્ષણનું આયોજન કરવું જોઇએ.

૧૦. ભંગીઓના ડેવલપમેન્ટ પ્લાન માટે સંશોધન કરવું જોઇએ અને તેઓના વિકાસ માટે એક સમિતિની નિમણૂક કરી, આ સમિતિ સંપૂર્ણ પોતાની દેખરેખ હેઠળ આ સમાજની સમસ્યાઓ હલ કરે.